દૈનિક મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 237 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ વદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 October 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૮ ઑક્ટોબર ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વી વિલ ડૂ ઇટઃ મોદીનો નવો મંત્ર







## સરકારના વડા તરીકેની રજત જયંતીએ વડા પ્રધાને દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત બનાવવાનો સંકલ્પ કર્યો

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત બનાવવાની કટિબદ્ધતા વ્યક્ત કરવાની સાથે નવો મંત્ર 'વી વિલ ડૂ ઇટ' (આપણે તે કરી શકીશું) આપ્યો હતો.

મોદીએ જણાવ્યું હતું કે ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત બનાવવું છે. વી વિલ ડૂ ઇટ. દેશના અર્થતંત્રને ટોચના ત્રણમાં સ્થાન અપાવવું છે. વી વિલ ડૂ ઇટ. દેશને ઉત્પાદનનું વૈશ્વિક મથક બનાવવું છે. વી વિલ ડૂ ઇટ. દેશમાં ઑલિમ્પિક્સ યોજવી છે. વી વિલ ડૂ ઇટ. અંતરિક્ષમાં આગળ વધવું છે. વી વિલ ડૂ ઇટ. આ ઊર્જા, આ ઉત્સાહ, આ વિશ્વાસ અભૂતપૂર્વ છે.

તેમણે અસંખ્ય લોકોના જાન બચાવનારા ભારતીય પાઇલટ સ્મિત મચ્છરની બહાદુરીનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે આજે દુનિયા ભારતના એક પાઇલટની બહાદુરીના વખાણ કરી રહી છે અને એક દિવસ એવો આવશે કે વિશ્વ ભારતમાં બનેલાં વિમાનોની પ્રશંસા પણ કરતું થશે.

આમ છતાં, તેમણે ચૂંટણી દરમિયાન જાતિવાદના આધારે થતાં વિભાજનને દેશ સામેનો મુખ્ય પડકાર (જુઓ પાનું ૨) ▶▶



**આશીર્વાદ આપજોઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન લાલકૃષ્ણ અડવાણીના નિવાસસ્થાને મળવા ગયા હતા અને તેમના આશીર્વાદ લીધા હતા. (એજન્સી)



**હે ઈશ્વર, સેવા-સંકલ્પ પર અડગ રાખજેઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સરકારના વડા તરીકે પચીસ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થવા પ્રસંગે દિલ્હીના સરોજિની નગર સ્થિત વિનાયક મંદિરમાં પૂજા-પાઠ કર્યા હતા. આ તકે વડા પ્રધાને સંપૂર્ણ નિષ્ઠા સાથે રાષ્ટ્રની સેવા કરવાના સંકલ્પનું પુનરાવર્તન કર્યું હતું. નરેન્દ્ર મોદી ૭ ઑક્ટબર, ૨૦૦૧થી સતત સરકારના વડા તરીકે સેવા આપી રહ્યા છે. પહેલા ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે ત્રણ કાર્યકાળ પૂર્ણ કર્યા અને ત્યારબાદ ત્રણ લોકસભા ચૂંટણી જીત્યા બાદ ભારતના વડા પ્રધાન તરીકે સેવા આપી રહ્યા છે. મોદીએ સોશ્યલ મીડિયા પર જણાવ્યું કે આજે નવી દિલ્હીના વિનાયક મંદિરમાં પૂજા-અર્ચન કર્યા હતા. દેશભરમાં મારા બધા પરિજનોની ખુશી, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્ય માટે ભગવાન ગણેશને પ્રાર્થના કરી હતી.

## સતત બીજા દિવસે વિપક્ષોનો ઉપાડોઃ અખિલેશ આઘા રહ્યા

- વિરોધ પ્રદર્શન દ્વારા દિલ્હીને બાનમાં લેવાનો પ્રયાસ
- પ્રિયંકા રસ્તા પર સૂઈ ગયાં
- રાહુલ, પ્રિયંકા બન્નેની ફરી અટક
- જ્ઞાનેશકુમારના રાજીનામાથી ઓછું કંઇ ન ખપે એવો હુંકાર

નવી દિલ્હીઃ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માગણીને લઇને રાજધાનીમાં સતત બીજા દિવસે વિપક્ષના સાંસદોએ વિરોધ પ્રદર્શન ચાલુ રાખ્યું હતું. આમ છતાં, સમાજવાદી પાર્ટીના સાંસદો તેમાં નહોતા જોડાયા. કૉંગ્રેસના નેતાઓ - રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત અનેક સાંસદને વિરોધ પ્રદર્શનના સ્થળેથી બળજબરીથી હટાવ્યા હતા અને તેઓની ફરી અટક કરાઇ હતી. બે કલાકમાં તેમને છોડી મુકાયાં હતાં. આ વિરોધથી વાહનવ્યવહારને અસર થઇ હતી અને સામાન્ય જનતાને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે મારા માટે (જુઓ પાનું ૨) ▶▶



**ટીંગાટોળીઃ** ચૂંટણી પંચના વડા જ્ઞાનેશકુમારની રાજીનામાની માગણી સાથે નવી દિલ્હીમાં બુધવારે દેખાવો કરી રહેલાં પ્રિયંકા ગાંધીને પોલીસ ટીંગાટોળી કરીને લઈ ગઈ હતી. (એજન્સી)

## રિઝર્વ બૅન્કે ચાર વર્ષે વ્યાજદર વધાર્યો

મુંબઈઃ ભારતીય રિઝર્વ બૅન્ક (આરબીઆઇ)એ પોતાનો બૅન્ચમાર્ક વ્યાજદર પચીસ બૅસિસ પોઇન્ટ વધારીને ૫.૫૦ ટકા કરવાની બુધવારે જાહેરાત કરી હતી. આ સાથે તમામ લોનની ઇએમઆઇ પણ વધશે.

મધ્યવર્તી બૅન્કે છેલ્લાં ચાર વર્ષમાં વ્યાજદરમાં આ સૌપ્રથમ વખત વધારો કર્યો છે. નાણાકીય નીતિ કરતી છ સભ્યની સમિતિએ દેશમાં વધી રહેલી મોંઘવારી અને ડૉલરની સામે નબળા પડતા રૂપિયાને ધ્યાનમાં રાખીને રિપો રેટમાં વધારો કરવાનો સર્વાનુમતે નિર્ણય લીધો હતો.

સંજય મલ્હોત્રા ૨૦૨૪ના ડિસેમ્બરમાં આરબીઆઇના ગવર્નર બન્યા તે પછી રિપો રેટમાં આ સૌપ્રથમ વખત વધારો કરાયો હતો. આ વ્યાજદરમાં વધારો થવાની આશા હતી અને આગામી બેઠકમાં પણ તેમાં વધારો થવાની શક્યતા છે. મલ્હોત્રાએ સમિતિના નિર્ણયને જાહેર કરતા (જુઓ પાનું ૨) ▶▶

## ડૉલર સામે રૂપિયો ૪૦ પૈસા ખાબક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ આજે ત્રણ દિવસીય નાણાનીતિની સમીક્ષાની બેઠકના અંતે સાઈક્લિકલ ધોરણે ફુગાવામાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં લેતા વ્યાજદર ૨૫ બેસિસ પૉઈન્ટ વધારીને ૫.૫ ટકા કરવાની સાથે નીતિવિષિયક વલણ જે તટસ્થ હતું તે ક્રમશ કડક નાણાનીતિ અપનાવતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ૪૦ પૈસા ખાબકીને ૯૬.૩૭૫ની (જુઓ પાનું ૨) ▶▶

## યુક્રેન યુદ્ધ રોકવા માટેની પહેલ બદલ ભારતનો આભારઃ રશિયા

મોસ્કોઃ રશિયાએ યુક્રેન સંઘર્ષના ઉકેલમાં યોગદાન આપવાની ભારતની તૈયારીનું સ્વાગત કર્યું છે. ભારતે યુક્રેન સંઘર્ષનો ઉકેલ લાવવામાં અર્થપૂર્ણ યોગદાન આપવાની તત્પરતા દાખવી તે બદલ રશિયા નવી દિલ્હીનું આભારી છે, એમ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનના એક મુખ્ય સહાયકે બુધવારે જણાવ્યું હતું.

ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસકોવે યુક્રેન વિવાદના શાંતિપૂર્ણ ઉકેલ માટે ભારતે ત્રણ ભાગનો નવો પ્રસ્તાવ મોકલ્યો હોવાના મીડિયા અહેવાલો અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં આ વાત કહી હતી.

રશિયાની સરકારી સમાચાર એજન્સીના જણાવ્યા (જુઓ પાનું ૨) ▶▶

## ઈરાન યુદ્ધમાં અમેરિકાએ ૩.૩ અબજ ડૉલરના ૮૧ વિમાન, ડ્રૉન, હેલિકૉપ્ટર ગુમાવ્યાં

નવી દિલ્હીઃ કૉંગ્રેશનલ રિસર્ચ સર્વિસ (સીઆરએસ)ના નવા અહેવાલ મુજબ, ઇરાન સાથે યુદ્ધ શરૂ થયું ત્યારથી અમેરિકી લશ્કરે ૩.૩ અબજ ડૉલર સુધીની કિંમતના ઓછામાં ઓછા ૮૧ વિમાન, ડ્રોન અને હેલિકોપ્ટર ગુમાવ્યાં છે અથવા તેને નુકસાન થયું છે.

એક અહેવાલમાં જણાવાયું છે કે આ નુકસાનમાં અમેરિકી સેનાના કેટલાક અત્યાધુનિક વિમાનો તેમજ સર્વેલન્સ, રિફ્યૂઅલિંગ અને માનવરહિત સિસ્ટમ્સનો સમાવેશ થાય છે, જેમણે સંઘર્ષ દરમિયાન અમેરિકી કામગીરીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સૌથી નોંધપાત્ર નુકસાનમાં ૧૨ એફ-૧૫ઇ સ્ટ્રાઇક ઇગલ ફાઇટર જેટ, એક (જુઓ પાનું ૨) ▶▶

## ચૂંટણી કમિશનરોની નિમણૂકઃ એ ચુકાદાને પાછા ખેંચવાની અરજી તપાસશે સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ ચૂંટણી પંચના મુખ્ય કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂકને લગતા ૨૦૨૩ના કાયદા અંગેના વિરોધાભાસી ચુકાદા પછી તેને પાછા બોલાવીને બંધારણીય બેન્ચને સોંપવાની અરજી તપાસવા સુપ્રીમ કોર્ટ બુધવારે સંમત થઈ હતી. ૨૩ સપ્ટેમ્બરે જસ્ટિસ દિપાંકર દત્ત અને જસ્ટિસ સતીશચંદ્ર શર્માની બેન્ચે ૨૦૨૩ના કાયદાને પડકારતી અરજી મોટી બંધારણીય બેન્ચને સોંપવામાં આવે એવી અરજી અંગે ખંડિત ચુકાદો આપ્યો હતો. આ કાયદામાં ચૂંટણી પંચના મુખ્ય કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂકની પસંદગી કરનારી સમિતિમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની બાદબાકી કરવામાં આવી હતી.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે મતભેદને લીધે આ બાબત મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત સમક્ષ મૂકવામાં આવે અને તેઓ યોગ્ય ક્ષમતાની બેન્ચની (જુઓ પાનું ૨) ▶▶

## ભારતીય મસાલાને ટૅરિફ-મુક્ત રાખોઃ અમેરિકી વેપારીઓની માગણી

વૉશિંગ્ટનઃ અમેરિકાના મસાલાના વેપારીઓ એવી આશા રાખી રહ્યા છે કે ભારત સાથે વેપાર સંધી કરાશે ત્યારે મસાલાને ટૅરિફમાં છૂટ દેવાશે, જેથી અમેરિકન ગ્રાહકોને વાજબી ભાવે ઉપલબ્ધ થાય. અમેરિકા દર વર્ષે ભારતમાંથી ૭૦ કરોડ અમરિકન ડૉલરના મસાલાની આયાત કરે છે.

અમેરિકન સ્પાઈસ ટ્રેડ એસોસિયેશન (એએસટીએ)ના સીઈઓ ડોનલ્ડ પ્રેટે કહ્યું હતું કે અમને આશા છે કે સરકાર મસાલા પરના ટૅરિફમાં છૂટ આપવાનું સરકાર ચાલુ રાખશે. અમે આશા રાખીએ છીએ કે બે સરકારો સાથે મળીને અમેરિકામાં મસાલાનો પુરવઠો જળવાઈ રહે એ માટેના તમામ પ્રયાસો કરશે.

ભારતનાં નાણાપ્રધાન નિર્મલા સીતારમણે થોડા દિવસ પહેલાં કહ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ ઘોંચમાં પડી છે. હવે વાતચીત એવા પડાવ પર પહોંચી છે કે બેમાંથી એકેય પક્ષ વધુ છૂટછાટ આપવા તૈયાર નથી.

પ્રેટે ભારતીય મસાલાને પ્રોત્સાહન આપવા માટે ભારતીય એલચી કચેરીએ યોજેલા સમારોહમાં (જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકાનાં ૧૩ શહેર પર હુમલો કરવાની ઈરાન પાસે ક્ષમતા છે

### ટ્રમ્પનું આવું માનવું છેઃ આ શહેરોની સલામતીમાં વધારો કરવામાં આવ્યો

ન્યૂ યૉર્કઃ અમેરિકાના ઓછામાં ઓછા ૧૩ શહેરો પર ઇરાન હુમલો કરી શકવાની ક્ષમતા ધરાવે છે એવું પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ માને છે. આ શહેરોની સુરક્ષા વધારવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. એક રૅલીમાં ટ્રમ્પે કહ્યું હતું કે, ઇરાન લોસ એન્જલસ અને સૅન ડિએગો પર હુમલો કરવા માગે છે. તેમને પ્રયાસ કરવા દો. અમે અમારી સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવી રહ્યા છીએ. ટ્રમ્પે આગળ કહ્યું કે શહેરોને સુરક્ષિત રાખવા માટે અમે થોડો (જુઓ પાનું ૨) ▶▶

## હેન્રી કાગન અને કેન્સો સોઆઇને રસાયણશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર

સ્ટોકહોમઃ હેન્રી બી. કાગન અને કેન્સો સોઆઇને રસાયણના પરમાણુઓમાંના 'મિરર ઇમેજીસ' (અરીસામાં દેખાતા પ્રતિબિંબ)ના રહસ્યને ઉકેલવાનો પ્રયાસ કરવા બદલ રસાયણશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર આપવાની બુધવારે જાહેરાત કરાઇ હતી.

રસાયણશાસ્ત્ર માટેની નોબેલ સમિતિના અધ્યક્ષ હેઇનર લિંકે જણાવ્યું હતું કે હેન્રી બી. કાગન અને કેન્સો સોઆઇએ 'હૉમોચિરાલિટી' (એક સમાન સ્વરૂપવાળા અણુઓ) કઇ રીતે અચાનક પેદા થાય છે? એ સદી જૂના રહસ્યને ઉકેલવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. આ સંશોધન માટે તેઓએ તૈયાર કરેલી રાસાયણિક પ્રક્રિયા અદ્ભુત છે.

હેન્રી બી. કાગન ૯૫ વર્ષના છે. તેમનો જન્મ ફ્રાંસમાં (જુઓ પાનું ૨) ▶▶

## પ્રેમાનંદ મહારાજની ભક્તિ માટે પાંચ કરોડ લીધા હોવાનું વિરાટ કોહલીએ નકાર્યું

નવી દિલ્હીઃ આધ્યાત્મિક ગુરુ પ્રેમાનંદ મહારાજના આશ્રમની પ્રથમ મુલાકાત માટે ભારતના દિગ્ગજ ક્રિકેટર વિરાટ કોહલીને રૂપિયા આપવામાં આવ્યા હોવાના આક્ષેપોને કોહલીના પ્રવક્તાએ જુઠ્ઠાણું અને પાયાવિહોણા લેખાવી નકારી કાઢ્યા હતા.

કોહલી અને તેની અભિનેત્રી પત્ની અનુષ્કા શર્મા પ્રેમાનંદ મહારાજના ભક્ત છે અને તેમણે વૃન્દાવનસ્થિત આ આશ્રમની અનેક વખત મુલાકાત લીધી છે, એમ તેમણે કહ્યું હતું. જોકે ફળાહારી મહારાજે તાજેતરમાં જ આક્ષેપ કર્યો હતો કે વર્ષ ૨૦૨૩માં આશ્રમની પ્રથમ મુલાકાત લેવા માટે કોહલીને પાંચ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા.

અમે સ્પષ્ટપણે જણાવવા માગીએ છીએ કે ફળાહારી મહારાજ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો ખોટા, પાયાવિહોણા (જુઓ પાનું ૨) ▶▶



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મુસ્લિમો ખરેખર ફ્રાન્સ પર કબજો કરી શકે?

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ મોં ખોલે ત્યારે પૈસા પડી જાય એવો બકવાસ જ કરે છે પણ ફ્રાન્સમાં ચાલી રહેલા વિદ્યાર્થીઓના આંદોલન અંગે તેમણે રસપ્રદ અને વિચારતા કરી મૂકે એવી વાત કરી છે. ટ્રમ્પનું કહેવું છે કે, ફ્રાન્સની અશાંતિના મૂળમાં દુનિયાના બીજા દેશોમાંથી થઈ રહેલું બેફામ ઈમિગ્રેશન છે અને ગેરકાયદે રીતે ઘૂસી આવેલા મુસ્લિમો ફ્રાન્સ પર કબજો જમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ટ્રમ્પના કહેવા પ્રમાણે, આ આંદોલનને સ્કૂલો સાથે નાહવા નિચોવવાનો સંબંધ નથી પણ ઇસ્લામ દ્વારા એક સમયના મહાન દેશ પર કબજો જમાવવાના પ્રયત્ન સાથે સંબંધ છે.

ફ્રાન્સમાં હાલમાં શિક્ષણની વ્યવસ્થામાં સુધારા માટે પ્રચંડ આંદોલન ચાલી રહ્યું છે. શાળાઓ માટે અપૂરતા ભંડોળની ફાળવણી, શિક્ષકોની અછત, વર્ગખંડોમાં વધુ પડતી ભીડ અને ખરાબ માળખાગત સુવિધાઓના મુદ્દે વિદ્યાર્થીઓએ બાંયો ચડાવી છે અને દેશવ્યાપી આંદોલન ફાટી નિકળ્યું છે. ગયા મહિને એટલે કે સપ્ટેમ્બરમાં પેરિસમાં આંદોલન શરૂ થયું ને ૩૦થી વધુ શહેરોમાં ફેલાઈ ગયું છે. ટ્રેડ યુનિયનો અને સરકારી કર્મચારીઓ પણ આંદોલનમાં જોડાતાં ફ્રાન્સમાં અરાજકતા અને અંધાધૂંધીનો માહોલ છે.

આંદોલનના કારણે શિક્ષણ તો સાવ ઠપ્પ છે. હાઈ-સ્કૂલના હજારો વિદ્યાર્થીઓએ સેંકડો સ્કૂલો અને યુનિવર્સિટી કેમ્પસ પર કબજો કરીને શિક્ષણ સાવ બંધ કરાવી દીધું છે. પેરિસ, માર્સેલી, લિલ, લ્યોન, નાન્ટેસ, સ્ટ્રાસબર્ગ, રેનેસ સહિતનાં તમામ શહેરોમાં ઉગ્ર દેખાવો થઈ રહ્યા છે ને હિંસા પણ થઈ રહી છે. બેરિકેડ્સ સળગાવવા, તોડફોડ અને રમખાણ-વિરોધી પોલીસ સાથે મારામારીની ઘટનાઓ રોજ બને છે. ભારતમાં પોલીસ દેખાવકારોને ઝૂડી નાખીને ભગાડી મૂકે તેની નવાઈ નથી પણ ફ્રાન્સ જેવા સભ્ય મનાતા દેશમાં ટીયર ગેસ છોડવો પડે એ પણ મોટી વાત મનાય છે. અત્યાર લગી ઠેકઠેકાણે પોલીસે ટીયર ગેસ છોડવો પડ્યો છે અને પાણીનો મારો ચલાવવો પડ્યો છે તેથી ફ્રાન્સમાં તો સરકાર સામે ભારે આક્રોશ છે.

અત્યાર લગી એવું મનાતું હતું કે, ફ્રાન્સમાં શિક્ષણના કથળતા સ્તર અંગે પ્રજા જાગૃત હોવાથી આંદોલન ચાલી રહ્યું છે પણ ટ્રમ્પે આંદોલનને ઈસ્લામ સાથે જોડીને નવો ટ્વિસ્ટ આપી દીધો છે. આ આંદોલનને શિક્ષણ સાથે નહીં પણ ફ્રાન્સમાં ઈસ્લામનું શાસન સ્થાપવા સાથે સંબંધ હોવાનો ટ્રમ્પનો દાવો વિચારતા કરી મૂકે એવો છે તેમાં બેમત નથી.

ફ્રાન્સમાં છેલ્લાં કેટલાંક વરસોમાં બીજા દેશોમાંથી ગેરકાયદે રીતે ઘૂસતા મુસ્લિમોનો ખડકલો વધ્યો છે એવું આપણે વાંચીએ જ છીએ. તેમાં ટ્રમ્પે આ મમરો મૂકી દીધો તેથી આખો મુદ્દો ચર્ચાસ્પદ બની ગયો છે.

ટ્રમ્પે કરેલી આ વાતમાં દમ છે? ફ્રાન્સમાં મુસ્લિમોની વસતીના આંકડાનું એનાલિસિસ કરીને આ વાત સમજીએ. ફ્રાન્સમાં ધાર્મિક આસ્થાને વ્યક્તિગત બાબત ગણવામાં આવે છે તેથી સત્તાવાર વસતીગણતરીમાં નાગરિકોનો ધર્મ કે વંશીય ઓળખની વિગતો પુછાતી નથી. આ કારણે સત્તાવાર વસ્તીગણતરીના ડેટામાં કેટલા મુસ્લિમો છે તેની વિગતો નથી મળતી પણ બિનસત્તાવાર અંદાજ પ્રમાણે, મુસ્લિમ વસ્તી ૫૦ લાખ થી ૭૦ લાખની વચ્ચે છે. ફ્રાન્સની કુલ વસતી ૭ કરોડની આસપાસ હોવાથી દેશની કુલ વસ્તીમાં લગભગ ૮ ટકાથી ૧૦ ટકા મુસ્લિમો છે. ફ્રાન્સમાં કુલ વસતીના ૪૦થી ૫૦ ટકા વસ્તી ખ્રિસ્તીઓની છે. ખ્રિસ્તીઓ મુખ્યત્વે રોમન કેથોલિક છે. લગભગ ૪૦ ટકા લોકો કોઈ ધર્મ પાળતા નથી. આમ ધર્મની રીતે ફ્રાન્સમાં ખ્રિસ્તીઓ પછી સૌથી વધારે વસતી મુસ્લિમોની હોવાથી ખ્રિસ્તી ધર્મ પછી ઇસ્લામ બીજો સૌથી મોટો ધર્મ છે.

ફ્રાન્સના મુસ્લિમોમાં યુવાઓની સંખ્યા વધારે છે અને મુસ્લિમોમાં લગભગ અડધા લોકો ૨૪ વર્ષથી ઓછી ઉંમરના છે. મુસ્લિમોમાં પણ લગભગ અડધા લોકો જન્મથી ફ્રાન્સના નાગરિકો છે જ્યારે બાકીના અડધોઅડધ નાગરિકતા મેળવવાની કાનૂની પ્રક્રિયા એટલે કે (નેચરલાઇઝેશન) દ્વારા ફ્રેન્ચ નાગરિક બન્યા છે. ઓગણીસમી સદી અને વીસમી સદીની શરૂઆતમાં દુનિયામાં બ્રિટન અને ફ્રાન્સ સૌથી શક્તિશાળી દેશો હતો. દુનિયાના અડધાથી વધારે દેશો પર આ બંને દેશનો કબજો હતો. ફ્રાન્સે ઘણા બધા આફ્રિકન દેશો પર કબજો કરેલો તેથી આફ્રિકન દેશોમાંથી મોટા પ્રમાણમાં લોકો ફ્રાન્સ આવ્યા. આ કારણે ફ્રાન્સની મુસ્લિમ વસ્તીનો મોટો હિસ્સો અલ્જેરિયા, મોરોક્કો, ટ્યુનિશિયા વગેરે ઉત્તર આફ્રિકન દેશોમાંથી આવેલાં લોકોનો છે.

આ મુસ્લિમો દાયકાઓ પહેલાં ફ્રાન્સ આવી ગયેલા ને હવે તેમના વંશજો ફ્રાન્સમાં રહે છે. તૂર્કી અને નાઇજીરિયા, ઇથિયોપિયા, દક્ષિણ આફ્રિકા, અંગોલા અને કેન્યા જેવા સબ-સહારન આફ્રિકન દેશોમાંથી આવેલા મુસ્લિમો પણ છે પણ તેમનું પ્રમાણ ઓછું છે. આ મુસ્લિમો નીચલા આર્થિક સ્તરના હોવાથી કામદારો તરીકે કામ કરતા તેથી મોટા ભાગના મુસ્લિમો મોટા શહેરી વિસ્તારોમાં વસે છે. ફ્રાન્સની રાજધાની પેરિસનો વિસ્તાર ઇલે-દ-ફ્રાન્સ કહેવાય છે. આ વિસ્તાર સિવાય માર્સેલી, લ્યોન, લિલ વગેરે શહેરોમાં મુસ્લિમોની વસતી નોંધપાત્ર છે.

ફ્રાન્સ સરકાર સત્તાવાર રીતે ગેરકાયદે રહેનારા મુસ્લિમોની વસતીના આંકડા નથી આપતી પણ બિનસત્તાવાર રીતે લગભગ ૧૦ લાખ મુસ્લિમો ગેરકાયદે રીતે ફ્રાન્સમાં ધામા નાંખીને પડ્યા હોવાનું મનાય છે. ફ્રાન્સ દરિયાકાંઠે વસલો દેશ છે અને લગભગ ૬૦ ટકા સરહદ દરિયાઈ હોવાથી આફ્રિકન દેશોમાંથી મોટા પ્રમાણમાં ઘૂસણખોરી થાય છે. આફ્રિકાના દેશોમાંથી તો મુસ્લિમો ઠલવાય જ છે પણ સિરિયા અને ઈરાક જેવા એશિયન દેશો તથા તૂર્કીયેમાંથી પણ મોટા પ્રમાણમાં મુસ્લિમો ઘૂસી આવે છે. નાની નાની હોડીઓમાં આવતા આ મુસ્લિમોને રોકવા શક્ય નથી. રાતના અંધારામાં ફ્રાન્સમાં ઘૂસતા મુસ્લિમો ફ્રાન્સ સરકાર માટે મોટો માથાનો દુઃખાવો છે પણ આ દુઃખાવાની કોઈ દવા નથી કેમ કે દરિયા આડે દીવાલ કઈ રીતે ઉભી કરાય?

આ બધાં કારણોસર ફ્રાન્સમાં મુસ્લિમોની વસતી વધી રહી છે પણ આ વસતી એટલી પણ નથી કે ફ્રાન્સ પર કબજો કરી લે. ફ્રાન્સમાં વરસોથી રહેનારા મોટા ભાગના મુસ્લિમો ફ્રાન્સના કલ્ચરમાં ભળી ગયેલા છે અને આર્થિક રીતે સમૃદ્ધ છે તેથી તેમને ધાર્મિક ઉન્માદની વાતોમાં રસ નથી પડતો. બહારથી આવીને વસેલા મુસ્લિમોમાંથી પણ મોટા ભાગના પોતાના દેશોની અરાજકતા અને હિંસાથી કંટાળીને આવેલા છે. એ લોકોનો એજન્ડા કોઈ પણ રીતે જીવવાનો છે, ઈસ્લામના શાસનનો નથી એ જોતાં ટ્રમ્પની વાત અત્યારે તો દમ વગરની જ લાગે છે.

ટ્રમ્પનો આ વાતો કરવાનો ઈરાદો પોતાના એજન્ડાને સાચો ઠેરવવાનો છે. ટ્રમ્પ કડક ઈમિગ્રેશન નીતિના તરફદાર છે. અમેરિકામાં ગેરકાયદે રીતે રહેતા વિદેશીઓની તગેડી મૂકવાથી માંડીને અમેરિકામાંથી બીજા દેશના લોકોને નહીં ઘૂસવા દેવા માટે કડક નિયમો બનાવવા સહિતનાં પગલાં ટ્રમ્પે લીધાં છે. તેના કારણે મોટા ભાગના દેશો સાથેના અમેરિકાના સંબંધો બગડ્યા છે અને અમેરિકામાં મોંઘવારી વધી છે. આ કારણે ટ્રમ્પ સામે આક્રોશ છે. ટ્રમ્પ લોકોના મનમાં એવું ઠસાવવા માગે છે કે, ફ્રાન્સની જેમ આપણે પણ જે આવે એને હાથ પહોળા કરીને આવકારીશું તો આપણી હાલત પણ ફ્રાન્સ જેવી થઈ જશે ને અમેરિકા પર કબજો કરવા માટેના મુસ્લિમોના ઉધામા શરૂ થઈ જશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

**દક્ષિણાયન - સૌર શરદઋતુ, ગુરુવાર, તા. ૮-૧૦-૨૦૨૬,**
**તેરસ શ્રાદ્ધ, પ્રદોષ, શિવરાત્રિ**

- ભારતીય દિનાંક ૧૬, માહે આશ્વિન, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ વદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ વદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૭મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની રાત્રે ક. ૨૧-૧૯ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૭ (તા. ૯) પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષર સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૦, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતી : સવારે ક. ૧૦-૨૦, રાત્રે ક. ૨૨-૫૦
- ઓટઃ સાંજે ક. ૧૬-૪૧, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૩ (તા. ૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - ત્રયોદશી. તેરસ શ્રાદ્ધ, પ્રદોષ, શિવરાત્રિ, કલિયુગાદિ, ભદ્રા પ્રારંભ સવારે ક. ૨૨-૧૫. સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન ઉંદર.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, ખાખરાનું વૃક્ષ વાવવું, નિત્ય થતાં વેપાર, નોકરી, નૌકા, સ્થાવર લેવડદેવડના કામકાજ, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- શ્રાદ્ધ મહિમાઃ આજ રોજ કલિયુગાદિ તિથિ હોઈ તર્પણનો મહિમા પણ અધિક છે. તેરસ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. તેરસનું શ્રાદ્ધ આયુષ્યમાં વૃદ્ધિ આપે છે. શ્રાદ્ધ વિધિ આળસ કર્યા વગર બ્રાહ્મણ દ્વારા વિધિ સહિત કરાવવાની તત્પરતા દાખવીએ તો શ્રાદ્ધનો મર્મ, મહિમા જળવાઈ રહે છે. શ્રાદ્ધમાં અન્નદાન, ભોજન એ આવશ્યક કર્મ છે.
- આચમનઃ ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ કજિયાખોર સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય- કન્યા, મંગળ-કર્ક, માર્ગી બુધ-તુલા, માર્ગી ગુરુ-કર્ક, વક્રી શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# આ ચાર શરતોનું પાલન માર્ગ ભટકેલાને સન્માર્ગે લાવે

**આપણી** ગુજરાતી બોલીમાં એક અતિ પ્રચલિત કહેવત છે કે,

- 'માણસ માત્ર ભૂલને પાત્ર!'

- ઘણીવાર આપણાથી જાણ્યે અજાણ્યે ગુના થઈ જતા હોય છે. ઘણા એવાય હોય છે જેમને આની ટેવ પડી ગઈ હોય છે.

- પરંતુ દીને ઈસ્લામના ધર્મજ્ઞાન, હિદાયત, ઉપદેશમાં માનવીએ કરેલા ગુનાના પ્રાયશ્ચિત માટે તૌબા, ગુનાની માફી માગવાના કાર્યથી આપણે ક્યારે પણ વિમુખ, અજાણ થવું જોઈએ નહીં, કારણ કે મૃત્યુ કઈ ઘડીએ, પળે આવે તેની ખબર માનવીને હોતી નથી, એટલે ઈન્સાન 'તાયબ', તૌબા, પ્રાયશ્ચિત કરેલો હોવો જોઈએ અને ન માત્ર તૌબા પણ સાથે 'આ ઘડી પછી ક્યારે પણ ગુના નહીં કરીશ' તેવી બાહેંધરી અલ્લાહને આપવી જોઈએ.

- અલ્લાહતઆલાએ તેની ઉમ્મત, પ્રજાને માટે તૌબાને ફરજરૂપ ઠેરવી છે.

- સૃષ્ટિનો સર્જક કહે છે કે,

* હે ઈમાનવાળા, આસ્થા, શ્રદ્ધા લાવનારા નેક મોમિનો! તમે સઘળા અલ્લાહ સમક્ષ ખાલિસ તૌબા કરો.

* 'ખાલિસ' એટલે કેવી તૌબા?

* ખાલિસ તૌબા એટલે કરેલા ગુનાનો અહેસાસ - અનુભૂતિ થાય.

* પછી ગુનો કર્યો તેની શરમીંદગી થાય.

* પછી સંજોગો ગમે તેવા વિપરીત કેમ ન આવે.

* ભવિષ્યમાં પરિસ્થિતિ ગમે તેવી કેમ ન સર્જાય.

- ગુનો નહીં કરવાનો દૃઢ સંકલ્પ થાય અને એ રીતે બારગાહે ઈલાહી (ઈશ્વરના દરબાર)માં આંસુ વહાવતો વહાવતો ગુનાઓની માફી માટે તૌબા કરી લે તો તેવી તૌબા 'ખાલિસ' એટલે સાચી અથવા શુદ્ધ તૌબા કહેવાય.

રબની રહેમત અને મહેરબાની તો જુઓ કે તેણે કેવી રીતે બંદાઓને તૌબાની તરફ બોલાવ્યા, તૌબાનો હુકમ આપ્યો અને બંદાએ ગુનો કબૂલ કર્યો હતો છતાં, તેનું નામ મોમિન (એક સાચો ઈમાનદાર મુસલમાન) રાખ્યું. ઉપરાંત તૌબા કરનારની તૌબા કબૂલ કર્યા બાદ, બંદાને જે ઈજ્જત અને નેઅમત મળશે, તેનું વર્ણન રબતઆલાએ પોતા કુરાને કરીમમાં આ પ્રમાણે કર્યું છે * 'અને તે લોકો જ્યારે કહે છે કે કોઈ બુરું કામ અથવા પોતાના તરફથી બુરાઈ કરી બેસે છે, ત્યારે અલ્લાહને યાદ કરે છે અને પોતાના ગુનાઓની બક્ષિસ ચાહે છે અને કોણ બક્ષે છે રબ સિવાય? અને ઈરાદાપૂર્વક અડી રહેતા નથી, તે કાર્ય પર જે તેમણે કર્યું છે. તેમનો બદલો એ છે કે તેમના રબ તરફથી તેમની બક્ષિસ છે અને બાગ છે જેની નીચે નહેરો વહે છે અને તેમાં જ તે લોકો રહેશે. કામ કરનારાઓનું આ કેવું સરસ મહેનતાણું છે?'

... વળી, ખુદાવંદે કરીમે તો તૌબા કરનારા બંદાઓ માટે ત્યાં સુધી ફરમાવી દીધું છે કે - 'બેશક! અલ્લાહતઆલા તૌબા કરનારા અને પાક-પવિત્ર, સાફ-સુથરા લોકોની સાથે મહોબ્બત રાખે છે.' એવો પણ ઈર્શાદ થયો કે 'બંદાઓ માટે તૌબાનું કૃત્ય, એ ગુનાઓની 'નજાત (છૂટકારા) પછી મેળવેલી પવિત્રતા છે.' આ તમામ આયતે કરીમમાંથી સાબિત થયું કે, મોમિન માટે તૌબા કરવી જરૂરી છે.

* તૌબા માટે ચાર શરતો છે, તે પણ જાણી લેવી જરૂરી બની રહેવા પામે છે. જો તે ચાર પૈકી એક પણ શરત ઓછી હશે તો તૌબા કબૂલ થશે નહીં.

વ્હાલા વાચક બિરાદરો!

આ ચાર તૌબા અનુક્રમે આ પ્રમાણે છેઃ

૧. થઈ ગયેલા ગુનાઓ માટે દિલમાં શરમિંદા થવું.

૨. તાત્કાલિક, અબ ઘડીથી જ ગુનાઓ છોડી દેવા.

૩. એજ સમયે પાકો ઈરાદો, મક્કમ નિર્ણય કરી લેવો કે ગુનાની ગણતરીમાં આવે એવું કોઈ કામ ક્યારેય કરીશ નહીં અને.

૪. ઉપરોક્ત ત્રણે બાહેંધરી જગતકર્તા 'રબના ડર, ખૌફે ખુદાને લીધે જ હોવા જોઈએ.

- તૌબાના પ્રાયશ્ચિતને સમજવા માટે એક ઉદાહરણ ખાસ કરીને ચોથી શરતને સમજવા સરળ થઈ પડશે.

- એક શરાબીએ શરાબ પીવાનું એટલા માટે છોડી દીધું કે નશો કરવાથી તેનું માથું ભમ્યા કરતું હતું અને દુઃખતું હતું. તેનું સ્વાસ્થ્ય જળવાતું નહોતું. સગાંસંબંધી, દોસ્ત બિરાદરો, કોમ-સમાજમાં તે વગોવાયો કરતો હતો. તો આવો શખસ આવી તૌબાનો, તૌબા કરવાની માફીનો હક્કદાર કહેવાશે નહીં. એ જ પ્રમાણે બીજો દાખલો છે * એક શખસ જીભથી વારંવાર 'અસ્તગફીરૂલ્લાહ' એટલે કે ઈશ્વર પાસે ક્ષમાની યાચના સંબંધી તસ્બીહ (તેના નામની માળા, રટણ) કરતો હોવા છતાં તેનું દિલ તો ગુનાઓ કરવા તરફ ખેંચાતું રહે છે, તો તેની આ તૌબા સ્વીકારવાને પાત્ર રહેતી નથી. * રસૂલે કરીમ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું કથન છે કે * જીભથી તૌબા કરનારો અને દિલથી ગુનાઓ પર અડી રહેનારો શખસ એવો છે, જાણે તે અલ્લાહતઆલા સાથે મજાક કરી રહ્યો છે.' માટે સાચા દિલથી તૌબા કરવી, ભવિષ્યમાં ગુનાના રસ્તે નહીં જવાનો દૃઢ ઈરાદો કરવો અને જે કાંઈ થઈ ગયું, તે માટે બારગાહે ખુદાવંદીમાં માફી માગવી આ સાચી રીત છે * ખુદાવંદે કરીમ ઘણો જ મોટો બક્ષનાર અને મહેરબાન છે. માનવી જ્યારે ગુના કરે છે અને પછી સાચા મનથી તૌબા (અર્થાત્) માફી આપવા માટેની ક્ષમાયાચના કરે છે તો તેની બક્ષિસ - ક્ષમાની યાચના કબૂલ થઈ જવાની પૂરી ઉમ્મીદ - આશા હોય છે.

**ધર્મ સંદેશઃ**

* હે મારા બંદાઓ!

* તમો રાત્રે પણ ગુનાઓ કરો છો અને દિવસે પણ ગુનાઓને અંજામ આપતા ફરો છો અને હું.

* તમારા દરેકે દરેક ગુના માફ કરી દઈશ (ફરી પાછા કોઈ પણ, નાના કે મોટા ગુના ન કરવાની બાહેંધરી - શરત સાથે) માફ કરી દઈશ. (કુરાન કરીમ).

* હે મારા બંદાઓ! તમો દરેકે દરેક ગુમરાહ (માર્ગ ભૂલેલા - ભટકેલા) છો, સિવાય તેના જેને હું હિદાયત (બોધ-જ્ઞાન) આપું!

* આથી તમો મારાથી હિદાયત (માર્ગદર્શન) માગો. હું તમોને હિદાયત આપીશું. (કુરાન કરીમ).

**સાપ્તાહિક સંદેશઃ**

* એકબીજાને આમંત્રણ આપતા રહો અને

* આપસમાં ભેટ સોગાતો આપતા રહો.

* સારી સલાહ આપવામાં પહેલ કરો.

* મિત્રતાને ખજાનાની માફક જાળવો.

* એકબીજાના એબ ખોલવાથી દૂર રહો. ■

## પહેલા પાનાનું ચાલુ

### વી વિલ ડૂ ઇટ

ગણાવ્યો હતો.

મોદીએ સરકારના વડા તરીકે રજત જયંતી (પચીસ વર્ષ) પૂર્ણ કર્યા, તેના માનમાં યોજાયેલી 'વિકસિત ભારત સંકલ્પ સભા'ને સંબોધતા તેમણે પોતાની સરકારની વિવિધ સિદ્ધિ ગણાવતા જણાવ્યું હતું કે અમારી સરકારે અશક્યને શક્ય કરી બતાવ્યું છે. મને વિશ્વાસ છે કે દેશને વિકસિત બનાવવાનું સ્વપ્ન જરૂર સાકાર થશે. ભારતને પ્રગતિપંથે ઝડપથી આગળ વધતા હવે કોઇ રોકી નહિ શકે.

તેમણે જણાવ્યું હતું કે સો વર્ષ પહેલાં દેશની વસતિ ૪૦ કરોડથી ઓછી હતી. આજે આપણી જનસંખ્યા ૧૪૦ કરોડ છે. આપણે સાથે મળીને દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવી શકીશું. 'વી વિલ ડૂ ઇટ'.

મોદીએ જણાવ્યું હતું કે મેં ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે ૨૦૦૧ની સાત ઑક્ટોબરે શપથ લીધા ત્યારે વિચાર્યું નહોતું કે હું સરકારનું નેતૃત્વ કરવાની રજત જયંતી કરીશ.

તેમણે જણાવ્યું હતું કે દેશની જનતા મારા માટે ભગવાન સ્વરૂપ છે. હું એનડીએના બધા ઘટક પક્ષો અને અન્ય સાથી પક્ષોનો આભારી છું. મારા ટેકેદારોએ મને પ્રોત્સાહન આપ્યું છે. મારા જીવનનો એક જ હેતુ 'દેશની નિસ્વાર્થ સેવા' છે. સેવા મારો ધર્મ છે. (એજન્સી) ■

### ભારતીય મસાલાને ટૅરિફમુક્ત

બોલી રહ્યા હતા. એએસટીએ અને ભારતીય એલચી કચેરીએ મસાલાના વેપારીઓને એક મંચમાં લાવવામાં આવ્યા હતા.

ગ્રેટે કહ્યું હતું કે ભારત અમેરિકામાં મસાલાનો મોટો પુરવઠાકાર

છે અને અમેરિકામાં વિયેટનામ, ઈન્ડોનેશિયા અને ચીન પણ મસાલાની નિકાસ છે. અમેરિકાની મસાલા બજાર વધુ વિસ્તરવાની છે, કારણ કે ગ્રાહકોએ વિવિધ મસાલાના આરોગ્ય લાભ શોધી કાઢ્યા છે. (એજન્સી) ■

### સતત બીજા દિવસે

તો મારી સામેના પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) ચંદ્રક સમાન છે. મારી સામે ભલે ૧૦૦ કેસ થવા દો.

પ્રિયંકા ગાંધી વાડ્રાએ આક્ષેપ કર્યો હતો કે મને પકડવા આવેલી મહિલા પોલીસે મને ધક્કો માર્યો હતો અને મને ઉઝરડા પડ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે અમે વિપક્ષના સાંસદો માત્ર દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને માત્ર મળવા માગીએ છીએ, પરંતુ પોલીસ સાંસદોને પણ માર મારી રહી છે.

વિપક્ષના સાંસદો બસમાં બેસીને જનપથથી જંતર મંતર જઇ રહ્યા હતા ત્યારે તેઓની બસને અશોક રોડ ખાતે અટકાવાઇ હતી. અમુક સાંસદો બસની છત પર ચઢી ગયા હતા અને ત્રિરંગો લહેરાવા લાગ્યા હતા.

કૉંગ્રેસ, તૃણમૂલ કૉંગ્રેસ, માર્કસવાદી પક્ષ, સામ્યવાદી પક્ષ, રાષ્ટ્રીય જનતા દળ, આઇયુએમએલ અને અન્ય કેટલીક પાર્ટીના સાંસદો વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા.

પ્રિયંકા ગાંધી હાથમાં બંધારણની નકલ લઇને અન્ય મહિલાઓની સાથે રસ્તા પર સૂઇ ગયા હતા.

રાહુલ ગાંધીને ઊંચકીને પોલીસ બસમાં લઇ જવાયા હતા. અમરિંદરસિંહ રાજા અને ઉદય ભાનુ ચીબ સહિતના કૉંગ્રેસના નેતાઓ રાહુલને લઇ જતી બસની છત પર ચઢી ગયા હતા, જ્યારે મુમતાઝ પટેલ બસના બૉનેટ પર બેસી ગયા હતા.

રાહુલ ગાંધીને લઇ જતી પોલીસની બસના ટાયરમાં કૉંગ્રેસના કાર્યકરોએ પંક્ચર પાડ્યું હતું.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે જ્યાં સુધી જ્ઞાનેશકુમાર રાજીનામું નહિ આપે ત્યાં સુધી વિપક્ષો આંદોલન ચાલુ રાખશે. (એજન્સી) ■

### રિઝર્વ બૅન્કે ચાર

જણાવ્યું હતું કે નજીકના ભવિષ્યમાં વ્યાજદરમાં ઘટાડો થવાની શક્યતા નથી અને આ સમિતિ પાસે માત્ર બે જ વિકલ્પ છેઃ વ્યાજદર યથાવત્ રાખવો અથવા વધારવો.

અમેરિકા અને ઇરાન વચ્ચેના યુદ્ધને લીધે ખનિજ તેલના ભાવમાં થઇ રહેલા વધારા, ડૉલરની સામે રૂપિયાના મૂલ્યમાં થઇ રહેલા ઘટાડા, હવામાનમાંના ફેરફારને લીધે વરસાદ અને પાકના ઉત્પાદનને થઇ રહેલી માઠી અસર વગેરે કારણસર રિઝર્વ બૅન્કે વ્યાજદરમાં વધારો કરવાનો નિર્ણય લીધો હતો. અગાઉ, વિશ્વના અનેક દેશની મધ્યવર્તી બૅન્કે પણ વ્યાજદર વધાર્યો હતો. (એજન્સી) ■

### અમેરિકાનાં ૧૩ શહેર

વધુ ખર્ચ કરી રહ્યા છીએ. આ થોડા દિવસોની વાત છે.

ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે, જ્યારે ઇરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ એ અમેરિકાના શહેરો પર હુમલાની ચેતવણી આપી છે. એટલું જ નહીં, ઈરાનની ચેતવણી બાદ અમેરિકાએ બ્રિટનના ફેરફોર્ડ ખાતેથી પોતાના બી-૨ બોમ્બર પાછા બોલાવી લીધા છે. અહીં ઈરાને ડ્રોન હુમલાની ચેતવણી આપી હતી. ■

### ઈરાન યુદ્ધમાં અમેરિકાએ

એફ-૩૫એ લાઈટનિંગ સ્ટેલ્થ ફાઈટર, એક ઇ-૩ સેન્ટ્રી સર્વેલન્સ વિમાન અને ડઝનબંધ એમક્યુ-૯ રીપર ડ્રોનનો સમાવેશ થાય છે.

યુદ્ધ દરમિયાન અમેરિકાએ ૧૨ એફ-૧૫ઇ સ્ટ્રાઇક ઇગલ વિમાન ગુમાવ્યા છે અથવા તેને નુકસાન થયું છે. ■

### ડૉલર સામે રૂપિયો

સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૬.૩૫ના બંધ સામે સાધારણ નરમાઈ સાથે ૯૬.૩૭ની સપાટીએ ખૂલ્યા બાદ ઉપરમાં ૯૬.૩૪ સુધી મજબૂત થયો હતો, પરંતુ રિઝર્વ બૅન્કનાં નીતિવિષયક નિર્ણયની જાહેરાત પશ્ચાત્ નીચામાં ૯૬.૮૪ સુધી ગબડીને અંતે ગઈકાલના બંધ સામે ૪૦ પૈસાના કડાકા સાથે ૯૬.૭૫નાં મથાળે બંધ રહ્યો હતો. ■

### પ્રેમાનંદ મહારાજની ભક્તિ માટે

અને તથ્યાત્મક રીતે ખોટા છે, એમ કોહલીના પ્રવક્તાએ કહ્યું હતું.

મહારાજજી પ્રત્યેની ઊંડી શ્રદ્ધા અને આદરભાવે કોહલીને અવારનવાર આશ્રમની મુલાકાત લેવા પ્રેર્યો હોવાનું તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે અમે આ દાવાને સખત રીતે નકારીએ છીએ અને પ્રસારમાધ્યમને સમાચાર પ્રસિદ્ધ કરતાં પહેલાં યોગ્ય ચકાસણી અને તકેદારી રાખવાની, વાતને બઢાવીચઢાવીને રજૂ ન કરવાની અને જવાબદારીપૂર્વક વર્તવાની અપીલ કરીએ છીએ. (એજન્સી) ■

### હેન્રી કાગન અને કેન્સો સોઆઇન

થયો હતો અને તેઓ ફ્રાંસના ઓર્સેમાં દક્ષિણ પેરિસની યુનિવર્સિટી સાથે સંકળાયેલા છે.

કેન્સો સોઆઇનો જન્મ જાપાનમાં થયો હતો. તેઓ ટોક્યો યુનિવર્સિટી ઑફ સાયન્સની સાથે સંકળાયેલા છે.

કેન્સો સોઆઇએ જણાવ્યું હતું કે હું મારા ઘરની પાસે ખરીદી કરી રહ્યો હતો ત્યારે નોબેલ સમિતિએ મારો સંપર્ક કરીને મને રસાયણશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર મળ્યો હોવાની જાણ કરી હતી. (એજન્સી) ■

### યુક્રેન યુદ્ધ રોકવા

મુજબ પેસકેવો કહ્યું કે ખરેખર ભારત યુક્રેન સાથેની હાલતને ઉકેલવા માટે વ્યવહારુ યોગદાન આપવાની તૈયારી વ્યક્ત કરી રહ્યું છે અને અમે અમારા ભારતીય મિત્રોની આ તત્પરતા અને તેમના દ્વારા આપવામાં આવી રહેલા સૂચનો માટે આભારી છીએ.

યુક્રેનના વિદેશ પ્રધાન એન્દ્રી સિબિહા દ્વારા રશિયા સાથે સંભવિત યુદ્ધવિરામ માટે ભારતના પ્રસ્તાવને કીવને મળેલા ચાર પ્રસ્તાવોમાંથી સૌથી વ્યાપક ગણાવ્યાના થોડા દિવસો બાદ આ નિવેદન આવ્યું છે. બાકીના ત્રણ પ્રસ્તાવ તૂર્કી, ઇજિપ્ત અને અમેરિકા તરફથી મળ્યા હતા.

ગયા અઠવાડિયે પ્રમુખ પુતિને કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પાસે યુક્રેન વિવાદના પરસ્પર ઉકેલ માટે ખૂબ સારા વિચારો છે. અત્રે ઉલ્લેખનીય છે કે રશિયા-યુક્રેન યુદ્ધ પાંચમા વર્ષમાં પ્રવેશી ચૂક્યું છે. જેના કારણે હજારો નાગરિકો મૃત્યુ પામ્યા છે. જ્યારે લાખો લોકો વિસ્થાપિત થયા છે. (એજન્સી) ■

### ચૂંટણી કમિશનરોની

રચના કરે જે અસરકારક અને સત્તાવાહી રીતે ચુકાદો આપે.

બુધવારે મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને વી. મોહનાને કહેવામાં આવ્યું હતું કે સિનિયર ઍડવોકેટ ગોપાલ શંકરનારાયણે અરજી પાછી ખેંચવાની અરજી કરી છે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું હતું કે અમે તેમની અરજી તપાસીશું.

શંકરનારાયણે બેન્ચને કહ્યું હતું કે પહેલાં આ અરજી જસ્ટિસ દત્તેને કરવામાં આવી હતી, પરંતુ હવે એ બાબત એ બેન્ચ આગળ નથી. હવે તે મુખ્ય ન્યાયમૂર્તિની બેન્ચને કહેવામાં આવે છે. સિનિયર ઍડવોકેટ શંકરનારાયણે કહ્યું હતું કે મુખ્ય કમિશનર અંગે ખંડિત ચુકાદો આવ્યો છે. અને ચુકાદો પાછો ખેંચવા અરજી કરી હતી. આ ઉપરાંત કોઈ અરજી કરાઈ છે એવા સવાલના જવાબમાં શંકરનારાયણે કહ્યું હતું કે ક્યુરેટિવ પિટિશન નોંધવામાં આવી હતી, પરંતુ રીકોલ એપ્લિકેશન અલગ છે. (એજન્સી) ■

# વિરોધ પ્રદર્શનમાં મહિલા કાર્યકરો સાથે પોલીસની બળજબરી: મુંબઈ યુથ કૉંગ્રેસનો આરોપ

મુંબઈ: રાહુલ ગાંધીની અટકાયતના વિરોધમાં અહીં રોડ રોકો વિરોધ પ્રદર્શન કરી રહેલી મહિલા કાર્યકરો સામે દિલ્હી પોલીસ દ્વારા બળપ્રયોગ કરવાનો આરોપ મુંબઈ યુથ કૉંગ્રેસે કર્યો છે.

મંગળવાર રાતના આંદોલન દરમિયાન કેટલીક મહિલા કાર્યકરોને વાળ ખેંચીને પોલીસ વેનમાં લઈ જવામાં આવી હોવાનો આરોપ મુંબઈ યુથ કૉંગ્રેસના પ્રમુખ ઝીનત શબરીએ કર્યો હતો.

મંગળવારે દિલ્હીમાં ચૂંટણી પંચના કાર્યાલય તરફ મોરચો લઈ જવાની મંજૂરી ન આપવા બદલ આઠ કલાકથી વધુ સમય સુધી ધરણા પર બેઠા રાહુલ ગાંધી અને તેમની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રાની અટકાયતના વિરોધમાં રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ બાંદ્રા રેક્લેમેશન ખાતે રસ્તા રોકો કરવામાં આવ્યો હતો. શબરીનના નેતૃત્વમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું જેમાં પક્ષના કાર્યકરોએ કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની સરકાર અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. શબરીને જણાવ્યું હતું કે પોલીસે વિરોધ પ્રદર્શનને વિખેરતી વખતે મહિલા યુવા કૉંગ્રેસના કાર્યકરો સામે બળપ્રયોગ કરી ઘણાને કસ્ટડીમાં લીધા હતા. કેટલીક મહિલા કાર્યકર્તાને વાળ ખેંચીને ઢસડીને પોલીસ વેનમાં લઈ જવામાં આવી હતી. (પીટીઆઈ)■

# શરાબ સેવન અને ખરાબ વર્તન બદલ ભાજપે યુવા કૉંગ્રેસની ટીકા કરી

મુંબઈ: મહારાષ્ટ્ર ભાજપના મુખ્ય પ્રવક્તા નવનાથ બનએ બુધવારે આરોપ કર્યો હતો કે એમપીએસસી ઉમેદવારો સાથે પુણેમાં વિરોધ કરી રહેલા યુથ કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ શિવરાજ મોરેએ શરાબ પીને ખરાબ વર્તન કર્યું હતું. જોકે વિપક્ષે આ આરોપોને સાફ સાફ રદિયો આપ્યો હતો. એમપીએસસી (મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન)ના ઉમેદવારોનો વિરોધ રાજકીય રીતે પ્રેરિત હોવાનો પણ આરોપ બનએ કર્યો છે.

એમપીએસસીની કામગીરીમાં કથિત ગેરરીતિઓ, પરીક્ષા સંબંધિત વિવાદો અને અન્ય સંબંધિત મુદ્દાઓને લઈને વિદ્યાર્થીઓ દ્વારા ચાલી રહેલા આંદોલનમાં મોરે અને એનસીપી (એસપી)ના વિધાનસભ્ય રોહિત પવાર જોડાયા છે. બનએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ‘શિવરાજ મોરે ત્રીજી અને ચોથી ઓક્ટોબરે મધરાત પછી લગભગ દોઢ વાગ્યા સુધી વિરોધ સ્થળ પર હતા. ત્યારબાદ કોરેગાંવ પાર્ક વિસ્તારમાં જઈ યુથ કૉંગ્રેસના બે કાર્યકરો સાથે દારૂ પીવા બેસી ગયા હતા.’

રાત્રિ દરમિયાન બનેલી ઘટનાઓના એક કથિત વીડિયોનો ઉલ્લેખ કરી બનએ દાવો કર્યો હતો કે મોરે અને બે અન્ય યુથ કૉંગ્રેસના કાર્યકરો દારૂ પીવા ગયા હતા અને બાદમાં રસ્તા પર એક મહિલા સાથે ઝઘડો થયો હતો. રોહિત પવારે ખુલાસો કરવો જોઈએ કે આ નાઇટલાઇફ શું છે અને મોરે તેમજ સંડોવાયેલી મહિલા દરમિયાન શું થયું હતું.

એમપીએસસી વિરોધમાં ભાગ લેનારાઓમાંથી માત્ર ૨૦ ટકા જ સાચા વિદ્યાર્થીઓ હતા, જ્યારે બાકીના ૮૦ ટકા પવાર સાથે સંકળાયેલા રાજકીય કાર્યકરો હતા એવો આરોપ કરી બનએ દાવો કર્યો કે કેટલાક કૉંગ્રેસના કાર્યકરો અને પવારના બારામતી એગ્રોના કર્મચારીઓ હતા. (પીટીઆઈ)■

# વિરારમાં ઘરના રસોડામાં સાપે ડંખ મારતાં મહિલાનું મૃત્યુ

મુંબઈ: ઘરના કિચનમાં સર્પદંશને કારણે મહિલાએ જીવ ગુમાવ્યો હોવાની ઘટના વિરારમાં બની હતી. સાપે ડંખ મારવાને કારણે મહિલાનું સ્વાસ્થ્ય ઘણું બગડ્યું હતું, જેને પગલે ત્રણ-ત્રણ હૉસ્પિટલમાં ખસેડ્યા પછી આખરે મધરાતે તેનું મૃત્યુ થયું હતું.

હૉસ્પિટલનાં સૂત્રોના જણાવ્યા મુજબ સર્પદંશને કારણે મૃત્યુ પામેલી મહિલાની ઓળખ શૈલા ઉર્ફે ચાર્લેટ ગોન્સાલ્વિસ (૫૧) તરીકે થઈ હતી. પતિ અને બે દીકરી સાથે મહિલા વિરાર પશ્ચિમમાં અગાશી પરિસરના સોમાડી ખાતે રહેતી હતી.

મંગળવારની વહેલી સવારે પાંચ વાગ્યાની આસપાસ મહિલા રસોડામાં ગઈ ત્યારે તેને સાપે ડંખ માર્યો હતો. ઘરમાં પ્રથમોપચાર પછી તેને અગાશી ખાતેની જ ખાનગી હૉસ્પિટલમાં લઈ જવાઈ હતી. પછી તેને બોલિંજમાં આવેલી વસઈ-વિરાર મહાનગરપાલિકાની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

જોકે મહિલાનું સ્વાસ્થ્ય વધુ કથળતાં તેને બાદમાં વિરારની સંજીવની હૉસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન મંગળવારની મધરાતે દોઢ વાગ્યાની આસપાસ તેણે છેલ્લા શ્વાસ લીધા હતા.

ગોન્સાલ્વિસ અંધેરીના એક મેડિકલ સેન્ટરમાં કામ કરતી હતી. શિપ્સ પર કામ કરનારાઓ માટે મેડિકલ ઈન્સ્યોરન્સની વ્યવસ્થા કરી આપવામાં તે સામેલ હતી. ■

# પાકના નુકસાનનું મૂલ્યાંકન કરવા લાતુરમાં સોયાબિનની કાપણી

લાતુર: દુષ્કાળ જેવી પરિસ્થિતિ વચ્ચે પાકના ઉત્પાદન અને નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે મહેસૂલ વિભાગ અને એક વીમા કંપનીએ મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં સોયાબીન પાક કાપવાની કવાયત હાથ ધરી હોવાનું અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું.

મંગળવારે ઉદગીર તાલુકાના બનશેળકી ગામમાં આ કવાયત હાથ ધરવામાં આવી હતી. મામલતદાર રામ બોરગાંવકરે જણાવ્યા અનુસાર ‘ઉપજ ખૂબ જ ઓછી હતી, અડધા ગુંઠા જમીનમાંથી (એક એકરનો ૪૦મો ભાગ) માંથી ફક્ત ૫૦૦-૫૫૦ ગ્રામ પાક જ થયો હતો.’

અધિકારીના જણાવ્યા મુજબ પાક વીમા લાભ માટે ખેડૂતોની પાત્રતા નક્કી કરવામાં આ કવાયત મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આવા મૂલ્યાંકન માટે ઉદગીર તાલુકામાં ૪૮ સ્થળ નક્કી કરવામાં આવ્યા છે.

ખેડૂત નાગેશ અંબેગાવાએ જણાવ્યું હતું કે અધિકારીઓએ આ વર્ષે ઓછા વરસાદને કારણે સોયાબીનના પાકને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કર્યું છે. અમે સરકારને પાક કાપણી અહેવાલને સંપૂર્ણ રીતે ધ્યાનમાં લેવા અને ખેડૂતોને મહત્તમ પાક વીમા વળતર આપવા વિનંતી કરી છે.

મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ મંગળવારે કહ્યું હતું કે રાજ્યના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પાકના નુકસાનનું ૪૫ ટકા મૂલ્યાંકન પૂર્ણ થઈ ગયું છે. સરકાર દિવાળી પહેલા અસરગ્રસ્ત ખેડૂતોને નાણાકીય સહાય પૂરી પાડશે એવી ખાતરી તેમણે આપી હતી.

૨૬ સપ્ટેમ્બરે મહારાષ્ટ્ર સરકારે ૩૫૮ તાલુકાઓમાંથી ૨૬૫ તાલુકાઓ, અથવા રાજ્યના ૭૪ ટકા વિસ્તારમાં દુષ્કાળ જાહેર કરી પાક લોન પુનર્ગઠન, જમીન મહેસૂલ રાહતો અને વીજ બિલ સબસિડી સહિતના રાહત પગલાંની જાહેરાત કરી હતી. (પીટીઆઈ)■

# દહિસર-ગોરેગામમાંથી ગેરકાયદે ૧૩૨ લિટર ઍસિડ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જ્વલનશીલ અને અત્યંત જોખમી ઍસિડની ગેરકાયદે હેરફેર અને સંગ્રહ કરનારાઓ સામે દહિસર અને વનરાઈ પોલીસે કાર્યવાહી કરી ૧૩૨ લિટરથી વધુ ઍસિડ જપ્ત કર્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ દહિસર પૂર્વમાં રત્નનગર પરિસરના ઘનશ્યામ દુબે પાર્કિંગ નજીક એક વાહનમાં ઍસિડનાં કૅન હોવાની માહિતી પોલીસને ગયા સપ્તાહે મળી હતી. માહિતીને આધારે પોલીસની ટીમે શંકાસ્પદ વાહનની તપાસ કરી હતી.

વાહનમાંથી પ્લાસ્ટિકનાં ૧૦ કૅન મળી આવ્યાં હતાં. તપાસ કરતાં કૅનમાં હાઈડ્રોક્લોરિક ઍસિડ હોવાનું જણાયું હતું. વાહન પાસે હાજર અજય જીતનારાયણ સિંહ (૪૯) પાસે ઍસિડ વહન કરવા સંબંધી દસ્તાવેજો અને લાઈસન્સ તપાસવા માગ્યા હતા. જોકે તેની પાસે કોઈ અધિકૃત દસ્તાવેજો ન હોવાનું જણાયું હતું. આ મામલે દહિસર પોલીસે સિંહ વિરુદ્ધ ગુનો નોંધી બાવન લિટર ઍસિડ જપ્ત કર્યું હતું. ગેરકાયદે ઍસિડની હેરફેર કરનારા સિંહને પોલીસે નોટિસ આપીને છોડ્યો હતો.

દરમિયાન મંગળવારે વનરાઈ પોલીસે મળેલી માહિતીને આધારે ગોરેગામ પૂર્વમાં વાલભાટ રોડ પર કામા એસ્ટેટ ખાતેના અણણા નગરમાં આવેલા કારખાના પર કાર્યવાહી કરી હતી. કારખાનામાં પ્લૅટિંગ અને પૉલિશિંગનું કામ ચાલતું હતું. જોકે કારખાનામાં ઍસિડ જેવું જ્વલનશીલ પ્રવાહી રાખવા માટે જરૂરી મહાપાલિકાનું લાઈસન્સ કે અન્ય કોઈ પરવાના ન હોવાનું તપાસમાં જણાયું હતું. આ મામલે નીતિન સિંહ (૨૭) વિરુદ્ધ ગુનો નોંધી આશરે ૮૦ લિટર ઍસિડ ભરેલાં પ્લાસ્ટિકનાં બે કૅન જપ્ત કરવામાં આવ્યાં હતાં. ■





Bollywoodની ખૂબ જ જાણીતી કોરિયોગ્રાફર અવનિ શાહ અને તેના ગ્રૂપ દ્વારા આયોજિત ભવ્ય અને રંગ રંગીલો કાર્યક્રમ એટલે ‘માડી પધારો રે’ ૧૧મી October રવિવારે નવરાત્રીના પ્રારંભના શુભ દિવસે સાંજે ૫ વાગે જમશેદ ભાભાના આલીશાન થિયેટરમાં રજૂ થશે. કાર્યક્રમમાં અવનિ શાહની ભક્તિમય કોરિયોગ્રાફી જોઈને તમને માતાજીના સન્મુખ દર્શન કર્યાનો અનુભવ થશે. આ કાર્યક્રમ જોવાનું ચૂકતા નહીં... લાલુભાઈ


# નૅશનલ પાર્કના ડુપ્લિકેટ એન્ટ્રી પાસ છાપીને વેચનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બોરીવલીના સંજય ગાંધી નૅશનલ પાર્કમાં પ્રવેશ માટેની ડુપ્લિકેટ ટિકિટો છાપીને વેચવામાં આવતી હોવાનું જણાતાં પોલીસે એકની ધરપકડ કરી હતી, જ્યારે સૂત્રધાર ફરાર હોવાથી તેની શોધ હાથ ધરી હતી.

કસ્તુરબા માર્ગ પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ આકાશ રવીન્દ્ર સરદાર (૩૧) તરીકે થઈ હતી. સરદારે આ બનાવટી ટિકિટો ગણેશ ઠાકુર નામના શખસ પાસેથી પ્રાપ્ત કરી હતી. પોલીસ ઠાકુરની શોધ ચલાવી રહી છે.

પોલીસ ફરિયાદ અનુસાર ફોરેસ્ટ અધિકારી શિવરાજ ઉગલે (૩૧) નૅશનલ પાર્કમાં ડ્યૂટી પર હતો ત્યારે એક પર્યટક તેની પાસે આવ્યો હતો. નૅશનલ પાર્કના ગેટ પાસેથી તેમને ફાટેલી ટિકિટ આપવામાં આવી હોવાની ફરિયાદ પર્યટકે કરી હતી. ઉગલેએ પર્યટક પાસેના એન્ટ્રી પાસને ધ્યાનથી જોતાં તેને શંકા ગઈ હતી.

ઉગલેએ તરત જ ટિકિટ કાઉન્ટર પર તપાસ કરતાં એ ટિકિટ કાઉન્ટર પરથી લેવામાં ન આવી હોવાનું જાણવા મળ્યું હતું. નૅશનલ પાર્કમાં પ્રવેશનારા પર્યટકોની લાઈન હતી. લાઈનમાં ઊભા ન રહેવું પડે તે માટે પર્યટકે ત્યાં સરદાર પાસેથી ટિકિટ ખરીદી હતી. સરદાર ગેટ નજીક ઊભો રહીને ટિકિટ વેચતો હતો એટલે પર્યટકને તે નૅશનલ પાર્કનો કર્મચારી હોવાનું લાગ્યું હતું.

ઉગલેએ તરત જ અન્ય કર્મચારીઓની મદદથી સરદારને પકડી પાડી પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક પૂછપરછમાં સરદારે પોલીસને જણાવ્યું હતું કે ઠાકુર પાસે ડુપ્લિકેટ ટિકિટ છાપવાનું મશીન અને સૉફ્ટવેર છે, જેની મદદથી તે આ ટિકિટો તૈયાર કરતો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■




# ચલો સ્કૂલ ચલેં

મુંબઈ: મુંબઈના નાલોસોપારામાં આવેલી આદર્શ એજ્યુકેશન સોસાયટીની શાળાના બેચ ૨૦૦૩ના વિદ્યાર્થીઓનું ૨૩ વર્ષ બાદ પ્રથમવાર ભવ્ય પુનર્મિલન યોજાયું હતું જેમાં ૨૩ વર્ષ પછી ફરી એકવાર એ જ શાળાના મિત્રો, એ જ યાદો અને એ જ દોસ્તી જોવા મળી હતી. આજે જીવનમાં કોણ ક્યાં છે, કયા હોદ્દા પર છે કે કેટલી સફળતા મેળવી છે. એ બધું ભૂલીને સૌ ફરી એકવાર માત્ર સ્કૂલ ફ્રેન્ડ્સ બનીને મળ્યા હતા. ■

# સંસદસભ્યોને બંદૂકની અણીએ રોક્યા: રાઉત

મુંબઈ: દિલ્હીમાં વિપક્ષના સડક પર વિરોધ પ્રદર્શનના એક દિવસ પછી શિવસેના (યુબીટી)ના સંસદસભ્ય સંજય રાઉતે બુધવારે દાવો કર્યો હતો કે સંસદસભ્યો જાણે આતંકવાદી હોય એમ એમને બંદૂકની અણીએ ચૂંટણી પંચના કાર્યાલય પહોંચતા અટકાવવામાં આવ્યા હતા અને મહિલા વિધાનસભ્યો સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. રાઉતે ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમાર પર શિવસેનાનું પ્રતીક ચોરોને સોંપવાનો આરોપ મૂકી દાવો કર્યો હતો કે તેમણે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી) સાથે પણ આવું જ કર્યું હતું. મંગળવારે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં વિપક્ષના સંસદસભ્યોએ વોટ ચોરીના આક્ષેપ અંગે મોરચો કાઢ્યો ત્યારે નાટ્યાત્મક પરિસ્થિતિ સર્જાઈ હતી.કેટલાક સંસદસભ્યોની અટકાયત કરી હતી. (પીટીઆઈ)■

# થાણેમાં સાત માળની બિલ્ડિંગના મીટર બોક્સ રૂમમાં આગ: કોઈ જખમી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે (પશ્ચિમ)માં શિવસેના શાખા પાસે, સચિન તેંડુલકર મીની સ્ટેડિયમની સામે, મહાત્મા ફુલે નગરમાં આવેલી ગ્રાઉન્ડ પ્લસ સાત માળની બિલ્ડિંગના મીટર બોક્સમાં બુધવારે સાંજે આગ ફાટી નીકળી હતી, જેમાં પાંચથી વધુ મીટર બળી ગયા હતા.

થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ ગ્રાઉન્ડ પ્લસ સાત માળના ચવ્હાણ ટાવર બિલ્ડિંગના બી વિંગના ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલા માળે સ્થિત મીટર બોક્સ રૂમમાં બુધવારે સાંજે ૪.૩૦ વાગ્યાની આસપાસ આગ ફાટી નીકળી હતી.

આગની જાણ થતા ફાયરબ્રિગેડના એક ફાયર એન્જિન એક રેસ્ક્યુ વેહિકલ સાથે ફાયર ફાઇટર, એક પિકઅપ વાહન સાથે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ સ્ટાફ સાથે વર્તકનગર પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ, મહાવિતરણના કર્મચારી ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ફાયર બ્રિગેડના કર્મચારીઓ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમની મદદથી ઘટના સ્થળે આગ બુઝાવી હતી.

આગને કારણે મીટર રૂમમાં રહેલા પાંચ મીટર બોક્સ સંપૂર્ણપણે બળી ગયા છે. પહેલા માળે રહેલા એમસીબી બોક્સ અને ઇલેક્ટ્રિક વાયરિંગ પણ સંપૂર્ણપણે બળી ગયા છે. આગને નિયંત્રણમાં લાવવામાં સફળતા મળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. ■

# ક્લિનિકનું શટર તોડીને લેપટોપ-રોકડ ચોરનારો પકડાયો

મુંબઈ: દહિસરમાં ડેન્ટિસ્ટની ક્લિનિકનું શટર તોડી લેપટોપ અને રોકડ ચોરનારી ત્રિપુટીમાંથી એક આરોપીને પોલીસે વસઇથી ઝડપી પાડ્યો હતો. આરોપીની ઓળખ ઇરફાન રફીક શેખ (૨૪) તરીકે થઇ હોઇ તે વસઇનો રહેવાસી છે. તેણે ગુનો આચરવા માટે વાપરેલી રિક્ષા કુરાર વિસ્તારમાંથી ચોરી હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

મીરા રોડમાં રહેતા ડેન્ટિસ્ટની દહિસર પૂર્વના બિસ્કિટા નગરમાં આવેલી ક્લિનિકમાં ૨૯ ઑગસ્ટે રાતે ચોરી થઇ હતી. શટર તોડીને ઘૂસેલા ક્લિનિકમાં ઘૂસેલા ચોર લેપટોપ અને ૮૦ હજારની રોકડ ચોરીને પલાયન થઇ ગયા હતા. બીજે દિવસે સવારે ચોરીની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ ડેન્ટિસ્ટે દહિસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ પ્રકરણે ગુનો દાખલ કરાયા બાદ પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં ત્રણ શખસ રિક્ષામાં ઘટનાસ્થળે આવતાં અને ગુનો આચર્યા બાદ રિક્ષામાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે તરફ રિક્ષામાં જતા નજરે પડ્યા હતા. પોલીસે સીસીટીવી ફૂટેજને આધારે આરોપીઓની શોધ ચલાવ્યા બાદ મળેલી માહિતીને આધારે વસઇ ખાતેથી ઇરફાન શેખને ઝડપી પાડ્યો હતો. ■

ॐ असतो मा सद्गमय ।
तमसो मा ज्योतिर्गमय ।
मृत्योर्मा अमृतं गमय ।



**રંજનબેન પ્રભાશંકર વ્યાસ**

૧૬.૦૨.૧૯૩૩ થી ૦૫.૧૦.૨૦૨૬

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે અમારા પૂજનીય અને વહાલા 'બેન' તા. ૦૫.૧૦.૨૦૨૬ ના વૈકુંઠવાસ પામ્યા છે.

દિવંગત આત્માના મોક્ષ અને શાશ્વત શાંતિ માટે તેમના ધન્ય જીવનની સ્મૃતિમાં પ્રાર્થના સભા રાખવામાં આવેલ છે:

તારીખ: ૦૯.૧૦.૨૦૨૬
સમય: સાંજે ૫:૦૦ થી ૭:૦૦
સ્થળ: શંખ બેન્કવેટ હોલ, ઇસ્કોન મંદિર, જુહુ, વિલે પાર્લે વેસ્ટ, મુંબઇ - ૪૦૦૦૪૯
(વેલે પાર્કિંગ ઉપલબ્ધ છે)

શોકાતુર:
ગીતા - રતિન્દ્ર ભટ્ટ
દક્ષા - અશોક વ્યાસ
બીના - ચેતન વ્યાસ
મીના - રાહુલ વ્યાસ

પૌત્રો અને પૌત્રીઓ:
બિનોલા - વિશાલ ભટ્ટ
ખ્યાતિ - અભિક વ્યાસ
હેમલ - નિહાર પરીખ
ક્રિષ્ના - આનોશ ડોક્ટર
દેવાંશી - હરિત વ્યાસ
ભાવિકા - શાલિન વ્યાસ

પ્રપૌત્રો:
વેદ, અનાયા, જીયાના
રુદ્ર, પરીઝા, અમારા

Nalanda Packaging Industries, Mumbai
Online Packaging Pvt. Ltd., Goa

# સ્પા સેન્ટરની આડમાં સેક્સ રેકેટ: ચાર મહિલાનો છુટકારો

મુંબઈ: બોરીવલીમાં સ્પા સેન્ટરની આડમાં ચાલતું સેક્સ રેકેટ દહિસર પોલીસે પકડી પાડી ત્યાંના કેશિયરની ધરપકડ કરી હતી, જ્યારે ચાર મહિલાને ત્યાંથી છોડાવવામાં આવી હતી. દહિસર પોલીસે ધરપકડ કરેલા સ્પા સેન્ટરના કેશિયરની ઓળખ અંકિત સંજયકુમાર ચૌબે (૨૮) તરીકે થઇ હતી. પોલીસ ફરાર તુષાર વાડકરની શોધ ચલાવી રહી છે.

બોરીવલી પૂર્વમાં નેન્સી કોલોની ખાતે પહેલા માળે સ્પા સેન્ટરમાં મહિલાઓ પાસે દેહવ્યવસાય કરાવવામાં આવતો હોવાની માહિતી દહિસર પોલીસને મળી હતી. આ અંગે ખાતરી કરવામાં આવ્યા બાદ પોલીસ ટીમે સોમવારે રાતે ત્યાં કાર્યવાહી કરી હતી અને કેશિયરને તાબામાં લીધો હતો. ત્યાંથી પોલીસે ચાર મહિલાનો છુટકારો કરાવ્યો હતો, જેમને બાદમાં સુધારગૃહમાં મોકલી આપવામાં આવી હતી. પોલીસે કેશિયર વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી હતી. ■

## છેતરપિંડી અને ખંડણી માટે ધમકી

# દુબઇની જ્વેલરી શૉપના બે ભૂતપૂર્વ કર્મચારીની ધરપકડ

મુંબઈ: મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના ક્રાઇમ ઇન્ટેલિજન્સ યુનિટે (સીઆઇયુ) સોનાની ઠગાઇ અને પચાસ લાખની ખંડણી માટે ધમકી આપવાના મામલામાં દુબઇની જ્વેલરી શૉપના બે ભૂતપૂર્વ કર્મચારીની ધરપકડ કરી હતી.

સીઆઇયુની ટીમે ધરપકડ કરેલા બંને જણની ઓળખ જ્વેલરી શૉપના ભૂતપૂર્વ કેશિયર અજય પાથર અને ભૂતપૂર્વ ઇન્ચાર્જ સુબ્રતો ધનીરામ બર્મન તરીકે થઇ હતી. અજય પાથરને અમરેલીથી, જ્યારે સુબ્રતો બર્મનને પશ્ચિમ બંગાળથી ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર બોરીવલીમાં રહેતો ફરિયાદી દુબઇની જ્વેલરી શૉપમાં કામ કરે છે. ૨૮ સપ્ટેમ્બરે ફરિયાદી મુંબઈના વરલી વિસ્તારમાં હતો ત્યારે તેને કૉલ આવ્યો હતો, જેમાં પચાસ લાખ રૂપિયાની ખંડણી માગવામાં આવી હતી અને તેને જાનથી મારી નાખવાની ધમકી અપાઇ હતી. આ પ્રકરણે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયા બાદ કેસની તપાસ સીઆઇયુ દ્વારા કરવામાં આવી હતી.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે અજય અને સુબ્રતો દુબઇની જ્વેલરી શૉપમાં કામ કરતા હતા અને તેમણે સોનાના દાગીના લઇને લઇને તેને સ્થાને નકલી દાગીના રાખ્યા હતા. આ અદલાબદલી જૂન મહિનામાં પ્રકાશમાં આવી હતી અને ત્યાંના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાયા બાદ ફરિયાદીને ધમકી મળવાનું શરૂ થયું હતું. ■

# મુંબઈમાં આજે અને આવતીકાલે વાગશે સાયરન

મુંબઈ: મુંબઈ શહેરના ફોર્ટ વિસ્તારમાં ક્રોસ મેદાન નજીક ઓલ્ડ સેક્રેટરીએટ અને સિવિલ ડિફેન્સ કોલેજની ઇમારતો પર લગાવવામાં આવેલા સાયરનનું પરીક્ષણ આઠ અને નવ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ કરવામાં આવવાનું છે. આ સમય દરમ્યાન સાયરન વગાડવામાં આવશે ત્યારે નાગરિકોએ તેનો અવાજ સાંભળીને ગભરાઈ જવું નહીં એવી અપીલ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી છે. માનનીય ડિરેક્ટર જનરલ (સિવિલ ડિફેન્સ, નવી દિલ્હી) ના માર્ગદર્શન હેઠળ સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ ટેલિમેટિક્સની ટીમ દ્વારા પ્રોટોટાઇપ સાયરન ડિવાઇસ તૈયાર કરવામાં આવ્યું છે. મુંબઈ શહેરમાં ઓલ્ડ સેક્રેટરીએટ, એનેક્સ બિલ્ડીંગ, ફોર્ટ, મુંબઈ અને સિવિલ ડિફેન્સ કોલેજ, ક્રોસ મેદાન, મુંબઈની ઇમારતો પર ઉપરોક્ત સાયરન લગાવવામાં આવ્યા છે. ■

# ભારતીય પરંપરા વિશ્વમાં સમાજની સલામતી અને કલ્યાણ માટે મહત્ત્વની છે: ભાગવત

મુંબઈ: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના અધ્યક્ષ મોહન ભાગવતે બુધવારે કહ્યું હતું કે ભારતના લોકોએ તેમની પરંપરાઓનું પાલન કરવું જોઈએ અને સમાજ અને વિશ્વના ભલા માટે કામ કરવું જોઈએ. દરેક વ્યક્તિએ બધા માટે પરિપૂર્ણ જીવનની તકેદારી માટે યોગદાન આપવું જોઈએ.

ભારતની પરંપરાઓ સમાજ અને વિશ્વની સલામતી અને કલ્યાણ સુનિશ્ચિત કરવા માટે મહત્ત્વની છે એમ તેમણે વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી)ના સ્વર્ગસ્થ પ્રમુખ અશોક સિંઘલના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે નાગપુર જિલ્લાના દેવલાપુરમાં ગૌ-વિજ્ઞાન અનુસંધાન કેન્દ્ર ખાતે વિવિધ ગતિવિધિઓનું ઉદઘાટન કર્યા પછી જણાવ્યું હતું.

આરએસએસ અધ્યક્ષએ એમ પણ જણાવ્યું હતું કે ‘આપણા જીવન, સમાજ, ધર્મ અને વિશ્વના કલ્યાણ માટે ભારતના લોકો તેમની પરંપરાઓ અનુસાર જીવે અને સફળ થાય. આ આપણા માટે અનિવાર્ય છે. દરેક વ્યક્તિએ જીવનમાં કંઈક કરવું જોઈએ. દરેક વ્યક્તિએ યોગદાન આપવાની જરૂર છે. સમાજના વ્યાપને ધ્યાનમાં રાખતા સારા કાર્યમાં રોકાયેલા લોકોની સંખ્યા પૂરતી નથી. આપણો સમાજ તહેવારોને ખૂબ જ પસંદ કરે છે, અને અમે તેમાં ખૂબ જ ઉત્સાહથી ભાગ લઈએ છીએ. પરંતુ લોકો સામાન્ય રીતે એવું નથી વિચારતા કે ‘જે કરવાની જરૂર છે તે હું કરીશ’. લોકો કહે છે કે તેમની પાસે નોકરી અને પરિવાર છે, પરંતુ તેઓ અપેક્ષા રાખે છે કે કોઈ બીજા સમાજ માટે કંઈક સારું કરે.જ્યારે કંઈક સારું થાય છે ત્યારે તે સમગ્ર સમાજના યોગદાનને પ્રતિબિંબિત કરે છે.

સંઘના વિચારક સ્વર્ગસ્થ મોરોપંત પિંગળે અને વિશ્વ હિન્દુ પરિષદના સ્વર્ગસ્થ નેતા અશોક સિંઘલનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે તેમણે પોતાનું જીવન એક વિશાળ હેતુ માટે સમર્પિત કર્યું હતું અને તેમનું વ્યાપક સન્માન કરવામાં આવે છે. લોકોએ શું થશે, શું નહીં થાય અથવા બદલામાં તેમને શું મળશે તેની ચિંતા કર્યા વિના, પોતાની બધી શક્તિ કામે લગાડી દેવી જોઈએ.

લોકોએ દેશ અને સમાજના હિતને ધ્યાનમાં રાખીને કામ કરવું જોઈએ. (પીટીઆઈ)■

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સ્વ. મનસુખલાલભાઈ તથા સ્વ. હેમકુંવરબેનના સુપુત્ર,
**શ્રી યશવંતભાઈ મનસુખલાલ મહેતા** (ઉ.વ. ૭૯)
રવિવાર, તા. ૪ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ અરિહંત શરણ પામેલ છે.
તેઓ શ્રીમતી શોભાબેનના જીવનસાથી, સિધ્ધાર્થ તથા શીતલ મહેતા, માનસી તથા સૌરભ નાણાવટી, શ્રધ્ધા તથા નિરવ ઉદાણીના પિતાશ્રી.
અભયના દાદાજી, સિધ્ધાંત, જય અને રોહનના નાનાજી.
સ્વ. વનમાળીદાસ શેઠના જમાઈ,
સ્વ. કુંદનબેન, રમેશભાઈ, સ્વ. વિનોદભાઈ, સ્વ. મીરાબેનના ભાઈ.

પ્રાર્થના સભા :
**શુક્રવાર, તા. ૯ ઓક્ટોબર,૨૦૨૬ ● સમય : સાંજના ૫ થી ૭ કલાકે**
સોફીયા ભાભા ઓડીટોરીયમ, બ્રીચ કેન્ડી, મુંબઈ - ૪૦૦ ૦૨૬.

# ક્લાસિફાઈડ

### ૧૭. જગ્યા આપવી છે

**જુહુ**
3 બેડરૂમ, 1475', નવી બિલ્ડિંગ, હાયર ફ્લોર, 6.5 કરોડ, જિમ, સ્વિમિંગ પૂલ, ગાર્ડન સાથે. 9820442089. (૧૪૨૬-સી)

**અંધેરી ઈસ્ટ**
3 બેડ અને ફોર બેડ ભાડેથી હાયર ફ્લોર ગંગર 8080524858. (બી-૧૮૧૮૨)

**અંધેરી ઈસ્ટ**
નેનો વન બેડ 32 ભાડેથી સ્ટેશને લિફ્ટ લેવા ગંગર 8080524858. (બી-૧૮૧૮૩)

**અંધેરી ઈસ્ટ**
ટુ બેડ 651' હાયર ફ્લોર નવામાં વેચાણથી સ્ટેશન નજીક બીજા બે ત્રણ ઓપ્શન ગંગર 8080524858. (બી-૧૮૧૮૪)

**અંધેરી ઈસ્ટ**
3 બેડ 951 અને બીજો 864 યુસેબલ 1200 બે ફ્લેટ અપ ટુ ડેટ બેઉ ફર્નિશ્ડ વેચાણથી સ્ટેશન નજીક લેવા ગંગર 8080524858. (બી-૧૮૧૮૫)

**GHATKOPAR EAST**
3 Bed Flats Large Carpets on Higher Floors Open Views from all side with Amenities & Podium Parking at Upashray Lane Near Station & Metro. Call or WhatsApp 8779694199. (B-18186)

**MARINE LINES**
2 Bed & 3 Bed Big Carpets with Balconies. Sea Facing with all Amenities including Swimming Pool & Banquet Hall Near Jain Temple at Princess Street. Call or WhatsApp 8779694199. (B-18187)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**પાર્લા વેસ્ટ**
ગાંવઠનમાં ઓફિસ ભાડાની 150' કારપેટ સ્ટેશને સેલ્ફ કન્ટેન્ડ 40 લાખ ગંગર 8080524858. (બી-૧૮૧૮૦)

**અંધેરી ઈસ્ટ**
શોપ 275' નાગરદાસ રોડ નવામાં સેલ્ફ કન્ટેન્ડ 14 હાઈટ 2,25,00000 ગંગર 8080524858. (બી-૧૮૧૮૧)

### ૩૩. ધંધાદારી

**કલરકામ**
તમારા ઘરને આપો નવો લુક ઉત્તમ ગુણવત્તા, યોગ્ય ભાવ 9169299961, 7977918526. (બી-૧૮૧૭૨)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૪૩૨-સી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 8879196093 / 9594187418. (બી-૧૮૧૭૩)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


છેલ્લા પાનાનું ચાલુ

## બત્રીસ પૂતળીની

માટે ઇલા આરબ મહેતાને ૨૦૧૮ના દર્શક પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. તેમના જીવન અને કવનની વાત કરવામાં આવે તો ઇલાબેન પોતે અધ્યાપિકા રહેલાં છે. તેમણે ૧૯ જેટલી નવલકથાઓ અને છ જેટલા વાર્તાસંગ્રહો આપ્યાં છે. તેમાંથી ૨૦૧૧માં પ્રકાશિત થયેલ 'વાડ' નવલકથાનો રીટા કોઠારીએ 'ધ ફેન્સ'નામે અનુવાદ પણ કરેલ છે. તેમના સહિત્યમાં ગુજરાતી ભાષાની અદભુત છટા જોવા મળે છે.

સૌથી મહત્ત્વની વાત એ છે કે, ઇલાબેન દ્વારા જેટલું સાહિત્ય લખવામાં આવ્યું છે તેમાં સૌથી વધારે મહત્ત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ પ્રદાન હોય તો તે છે ૧૯૮૨માં લખાયેલી 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથા છે.

## વિદ્યાર્થીઓ

કહ્યું કે, સરકારે આવી પરીક્ષાઓમાં લોકોનો, અને ખાસ કરીને વિદ્યાર્થીઓનો વિશ્વાસ મેળવવા માટે નિષ્ઠાપૂર્વકના પ્રયાસો સુનિશ્ચિત કરવા પડશે. તેણે વધુમાં કહ્યું કે, નારાજ વિદ્યાર્થીઓને આંદોલન કરવાનો અધિકાર છે. આંદોલનકારીઓની સામે કોઈ કેસ દાખલ ન કરવાના સરકારના નિર્ણયની સરાહના કરતા અદાલતે કહ્યું, ''આંદોલનકારીઓ વિદ્યાર્થીઓ છે. તેઓ કોઈ અસામાજિક તત્ત્વો નથી.'' (પીટીઆઈ)

## ગુજરાતી લેખિકા

૧૯૩૮ના રોજ મુંબઈમાં થયો હતો. મૂળ જામનગરનાં ઇલા મહેતાને સાહિત્યનો વારસો ગળથૂથીમાં જ મળ્યો હતો. તેમણે રૂઇયા કોલેજમાંથી ગુજરાતી અને સંસ્કૃત વિષય સાથે એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો. તેમણે મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં વર્ષો સુધી અધ્યાપિકા તરીકે સેવા આપી.

ઈલા આરબ મહેતાની જાણીતી કૃતિઓ કઇ કઇ?

જાણીતી કૃતિઓમાં 'ત્રિકોણની ત્રણ રેખાઓ', 'રાધા', 'થીકેલો આકાર', એક હતા દીવાનબહાદુર, બત્રીસ લક્ષણો, 'બત્રીસ' પૂતળીની વેદના','પાંચ પગલાં પૃથ્વી પર', 'પરપોટાની પાંખ', વારસદાર, આવતીકાલનો સૂરજ, મૃત્યુ, દરિયાનો માણસ, વસંત છલકે, નાગ પરીક્ષા, ધ ન્યૂ લાઈફ, ઝીલી મેં કુંપળ હથેળીમાં અને વાર્તાસંગ્રહ 'એક સિગારેટ, એક ધૂપસળી' સહિત બીજી કૃતિઓનો સમાવેશ થાય છે.

## બેસ્ટનું બજેટ

ખર્ચ સામે ૮,૫૫૯.૦૬ કરોડની અંદાજિત આવક દર્શાવવામાં આવી છે. આવક અને ખર્ચામાં રહેલા તફાવતને કારણે બેસ્ટને ૧,૩૧૭.૫૦ કરોડ રૂપિયાની ખાધ સહન કરવી પડવાની છે. કેપિટલ એક્સપેન્ડિચર માટે ૬૪૭.૭૯ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં બેસ્ટ પાસે ૨,૮૩૪ બસોનો કાફલો હતો. બેસ્ટ ઉપક્રમે તબક્કાવાર રીતે બસોના કાફલાને વધારીને ૪,૦૧૬ બસો અને અંતે ૧૦,૦૦૦ બસો સુધી લઈ જવાનો પ્રસ્તાવ મૂક્યો છે. બજેટમાં અદ્યતન બસ ડ્રાઇવિંગ સિમ્યુલેટર્સનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, જેનો ઉદ્દેશ્ય જોખમની સમજ, હવામાનને અનુરૂપ વાહન ચલાવવાની ક્ષમતા અને ઈંધણ-કાર્યક્ષમ ડ્રાઇવિંગમાં સુધારો કરવાનો છે. આ પગલાં બેસ્ટ બસો સાથે સંકળાયેલા જીવલેણ અકસ્માતોની શ્રેણી બાદ અકસ્માતો ઘટાડવાના હેતુથી લેવામાં આવી રહ્યા છે.

બજેટમાં રહેલા પ્રસ્તાવ બેસ્ટના વીજળી પુરવઠા વિભાગમાં વધારો (સરપ્લસ) નોંધાવાની ધારણા છે, જ્યારે પરિવહન વિભાગમાં ખાધ રહેવાની અપેક્ષા છે. બજેટ દસ્તાવેજ મુજબ વીજ પુરવઠા વિભાગને ૨૦૧.૨૧ કરોડ રૂપિયાનો સરપ્લસ થવાનો અંદાજ છે, જેની આવક ૫,૦૦૭.૫૧ કરોડ રૂપિયા છે, જ્યારે પરિવહન વિભાગને ૩,૫૫૧.૫૫ કરોડ રૂપિયાની આવક અને ૫,૦૭૦.૨૬ કરોડ રૂપિયાનો ખર્ચ સાથે ૧,૫૧૮.૭૧ કરોડ રૂપિયાની ખાધ થવાની ધારણા છે. બજેટ અંદાજમાં ૨૦૨૭-૨૮ માટે ૬૪૭.૭૯ કરોડ રૂપિયાના મૂડી ખર્ચની પણ જોગવાઈ છે.

### બસની સંખ્યામાં વધારો કરાશે

બેસ્ટના કાફલામાં સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં ૨,૮૩૪ બસ ગાડીઓ હતી. ફ્લીટ વિસ્તરણ પ્રસ્તાવ હેઠળ આગામી સમયમાં બસની સંખ્યા ૪,૦૧૬ અને તબક્કાવાર ૧૦,૦૦૦ સુધી કરવાની છે. જે અંતર્ગત કેન્દ્રની પીએમ-ઈડ્રાઈવ સ્કીમ દ્વારા ૧,૫૦૦ મીડી બસો હસ્તગત કરવામાં આવશે, જ્યારે ૨૦૦ મીડી સીએનજી બસો માટે ટેન્ડર આમંત્રિત કરવામાં આવ્યા છે.

## શિવસેના વિવાદ

કે ચૂંટણી પંચે પોતે જ બે આદેશોમાં નોંધ્યું હતું કે તેમની પાસે ઉપલબ્ધ પક્ષનું બંધારણ ચૂંટણી પંચની જરૂરિયાતોને અનુરૂપ ૨૦૧૧માં બનાવવામાં આવ્યું હતું. તેમણે દલીલ કરી હતી કે વિવાદ ત્યારે ઊભો થયો જ્યારે પક્ષના બંધારણમાં ફેરફાર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો અને ત્યારબાદ દાવો કર્યો કે સુધારેલો દસ્તાવેજ ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.

અગાઉની કાર્યવાહી દરમિયાન શિવસેનાના નેતા સુભાષ દેસાઈ દ્વારા કરવામાં આવેલી રજૂઆતોનો ઉલ્લેખ કરતા કૌલે કહ્યું કે, પક્ષે પોતે જ જણાવ્યું હતું કે તે ચૂંટણી પંચ પાસે ઉપલબ્ધ બંધારણનું પાલન કરશે. ત્યારબાદ તેમણે ન્યાયિક પૂર્વનિર્ણયોનો આધાર લઈને દલીલ કરી કે રાજકીય પક્ષોએ આંતર-પક્ષીય લોકશાહીના સિદ્ધાંતોનું પાલન કરવું જોઈએ. સર્વોચ્ચ અદાલતના એક નિર્ણયનો ઉલ્લેખ કરતા કૌલે કહ્યું કે રાજકીય પક્ષો ''લોકશાહીનો પાયો'' રચે છે અને તેમણે પોતે પણ લોકશાહીનું પાલન કરવું જોઈએ.

સંગઠનાત્મક નિયંત્રણ અંગેના વિવાદોનો નિર્ણય કરતી વખતે પક્ષના બંધારણની તપાસ કરીને ચૂંટણી પંચે એક નવો અભિગમ અપનાવ્યો હોવાના આક્ષેપો સામે તેમણે પંચનો બચાવ કર્યો. કૌલે ભારપૂર્વક જણાવ્યું કે શિંદેને સમર્થન આપનારા ૪૦ ધારાસભ્યોનો હિસ્સો ૨૦૧૯ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં જીતેલા ૫૫ શિવસેના ધારાસભ્યોની તરફેણમાં પડેલા કુલ મતોના ૭૬ ટકા જેટલો હતો. તેમણે લોકસભાના આંકડા પણ ટાંક્યા અને કહ્યું કે શિંદેને સમર્થન આપનારા ૧૩ સાંસદોનો હિસ્સો પક્ષના ૧૮ ચૂંટાયેલા સાંસદોની તરફેણમાં પડેલા કુલ મતોના ૭૩ ટકા જેટલો હતો. તેમણે કહ્યું હતું કે ગેરલાયકાતની કાર્યવાહી પડતર હોવી એ બાબત ચૂંટણી પંચને ફકરા ૧૫ હેઠળ પક્ષના ચૂંટણી ચિહ્ન અંગેના વિવાદનો નિર્ણય કરતા રોકી શકે નહીં. તેમણે એ પણ નિર્દેશ કર્યો કે ત્યાર બાદ ૨૦૧૯ની મહારાષ્ટ્ર વિધાનસભા વિસર્જિત થઈ ગઈ હતી અને ૨૦૨૪ની ચૂંટણી પછી નવી વિધાનસભાની રચના કરવામાં આવી હતી.

સુનાવણી અનિર્ણાયક રહી અને ગુરુવારે ચાલુ રહેશે.

## ઝૈબ અન્સારી

હતા. ભાડેનો ફ્લૅટ ખાલી કરવાનું તેના પર દબાણ હતું અને તે અજાણ્યાઓ દ્વારા રાંધવામાં આવતા ભોજન પર ભરોસો રાખતો નહોતો, એવું એટીએસે તેના ૨,૫૦૦ પાનાંના આરોપનામામાં જણાવ્યું હતું.

હાલમાં જ કોર્ટમાં દાખલ કરાયેલી ચાર્જશીટમાં એટીએસે અન્સારી વિરુદ્ધ અનલૉફુલ ઍક્ટિવિટીઝ (પ્રિવેન્શન) ઍક્ટ (યુએપીએ) લગાવ્યો હતો. અત્યારે તે અદાલતી કસ્ટડીમાં છે.

પોલીસ અનુસાર એપ્રિલમાં અન્સારીએ મીરા રોડના નયાનગરમાં ઘર નજીકની નિર્માણાધીન ઈમારતના બે વૉચમેન પર છરીથી હુમલો કર્યો હતો. વૉચમેનને તેમના ધર્મ પૂછીને આરોપીએ છરીના ઘા ઝીંક્યા હતા. નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયેલા વૉચમેનને સારવાર પછી હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

પોલીસને અન્સારીના ઘરમાંથી તેણે લખેલી ચિઠ્ઠી મળી આવી હતી, જેમાં 'લોન વૂલ્સ વિલ પાઉન્સ ઑન યુ' લખાયેલું હતું. આરોપીની તપાસ અને હાથ લાગેલા પુરાવા પરથી તપાસ અધિકારીઓ એવા નિષ્કર્ષ પર આવ્યા હતા કે આમાં કોઈ હેન્ડલર અથવા બહારની વ્યક્તિ સંડોવાયેલી નથી.

કટ્ટરપંથી અમેરિકન-યેમેની ઉપદેશક અન્વર અલ-અવલાકી સહિત અંતિમવાદીઓના વીડિયો આઠ મહિના સુધી જોઈને અન્સારી જાતે કટ્ટરપંથી બન્યો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે અન્સારી યુએસમાં ટેનિસ કોચ તરીકે કામ કરતો હતો, પરંતુ ભારતમાં આવ્યા પછી સ્થિર આવક જાળવી શક્યો નહોતો. છૂટાછેડા પછી તે એકલો રહેતો હતો અને ઘરમાલિકે એકલા રહેતા પુરુષને ફ્લૅટ ભાડે આપવો નથી, એવી કહીને ફ્લૅટ ખાલી કરવા દબાણ કર્યું હતું.

ચાર્જશીટ અનુસાર પેલેસ્ટાઈનમાં સંઘર્ષમાં બાળકોનાં થયેલાં મોતના અહેવાલો વાંચીને પણ અન્સારી ક્રોધિત થયો હતો. કોર્ટ પ્રક્રિયા દરમિયાન તેના વકીલે કહ્યું હતું કે અન્સારી સ્કિઝોફ્રેનિયાથી પીડાય છે અને અગાઉ તે દવા પણ લેતો હતો.

એટીએસે યુએસથી મળવા આવેલી અન્સારીની માતા અને મુંબઈ આવ્યા પછી થોડા સમય માટે તે જેના ઘરે રોકાયો હતો તે કુર્લામાં રહેતા મામાનાં નિવેદન નોંધ્યાં હતાં. (પીટીઆઈ)

## દૂધમાં ભેળસેળ

હતી. તપાસમાં અન્ય એક માર્ગ પણ મળી આવ્યો છે જેના દ્વારા કથિત રીતે ભેળસેળયુક્ત દૂધ તૈયાર કરવામાં આવતું હતું અને સીધું 'સોનાઈ ડેરી'ને વેચવામાં આવતું હતું.

પિલિવ સ્થિત 'મહાલક્ષ્મી મિલ્ક એન્ડ મિલ્ક પ્રોડક્ટ્સ'માં દૂધના નમૂનામાં ડિટર્જન્ટ મળી આવ્યું હતું, તેમજ તેમાં ફેટ (ચરબી) અને એસએનએફ (ફેટ સિવાયના દૂધના ઘન પદાર્થો)નું પ્રમાણ નિર્ધારિત સ્તર કરતા ઓછું હતું; ત્યારબાદ ૩.૦૫ લાખ રૂપિયાની કિંમતનું ૭,૬૩૪ લિટર દૂધ નાશ કરવામાં આવ્યું હતું. ત્યાં એકત્રિત કરાયેલ દૂધ કથિત રીતે 'યોગિનીનાથ મિલ્ક સપ્લાયર્સ' મારફતે 'સોનાઈ ડેરી'ને પૂરું પાડવામાં આવ્યું હતું. એફડીએએ જણાવ્યું હતું કે સંબંધિત વ્યક્તિઓ, જેમાં 'સોનાઈ ડેરી' માટે જવાબદાર વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે, તેમની સામે એફઆઈઆર નોંધવામાં આવ્યો છે.

બીજા કિસ્સામાં 'ડેઈલીવિશ એગ્રો ડેરી પ્રોડક્ટ પ્રાઈવેટ લિમિટેડ' ખાતે ૩.૬૪ લાખ રૂપિયાની કિંમતનું ૯,૦૯૬ લિટર દૂધ નાશ કરવામાં આવ્યું હતું. ત્યાં દૂધના નમૂનામાં ડિટર્જન્ટ અને નબળી ગુણવત્તાવાળા ફેટ તથા એસએનએફ સ્તર મળી આવતાં તેને માનવ વપરાશ માટે અસુરક્ષિત જાહેર કરવામાં આવ્યું હતું. આ મામલે એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો.

એફડીએએ જણાવ્યું હતું કે માલશિરસના આ બે કિસ્સાઓમાં કુલ ૧૬,૭૩૦ લિટર દૂધ, જેની કિંમત અંદાજે ૬.૬૯ લાખ રૂપિયા હતી, તેનો નાશ કરવામાં આવ્યો છે. આ વ્યાપક તપાસ પુણે જિલ્લાના મંચર ખાતેથી શરૂ થઈ હતી, જ્યાં એફડીએ અને પોલીસે ભેળસેળયુક્ત દૂધ બનાવવા માટે સ્કિમ્ડ મિલ્ક પાવડર, વ્હે પાવડર, ખાદ્ય તેલ, ઇમલ્સિફાયર અને ડિટર્જન્ટનો ઉપયોગ કરતા એક નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો.

આકાશ ડેરી ફાર્મમાંથી લેવામાં આવેલા દૂધના છ નમૂનાઓના વિશ્લેષણમાં તમામમાં ડિટર્જન્ટની હાજરી (ડિટર્જન્ટ-પોઝિટિવ) જોવા મળી હતી, જ્યારે પૂરક અહેવાલોમાં 'નોનિલફેનોલ ઇથોક્સિલેટ' હોવાનું જણાયું હતું.

એફડીએએ જણાવ્યું હતું કે મંચરના કેસમાં ૩૭ આરોપીઓની ઓળખ કરવામાં આવી હતી, જેમાંથી ૨૫ની ધરપકડ કરીને ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે, જ્યારે ૧૨ને આગોતરા જામીન મળ્યા છે. આ ઉપરાંત, ૨૬ ખાદ્ય સંસ્થાઓના લાયસન્સ કે રજીસ્ટ્રેશન રદ કરવા અથવા તેમનો વ્યવસાય બંધ કરવાના નિર્દેશો પણ આપવામાં આવ્યા હતા. (પીટીઆઈ)

## 'સુપર કૉપ'ની

એન્કાઉન્ટર કેસમાં સસ્પેન્ડ થયો હતો, પરંતુ પછીથી તેને ફરી સેવામાં લઇને મુંબઈ પોલીસની ક્રાઇમ બ્રાન્ચના ક્રાઇમ ઇન્ટેલિજન્સ યુનિટ (સીઆઇયુ)નો પ્રમુખ બનાવી દેવામાં આવ્યો હતો.

અંબાણીના નિવાસસ્થાન નજીક એસયુવી રાખ્યા બાદ આ કેસની તપાસ પોતાને સોંપવામાં આવે એવી ગોઠવણ તેણે કરી હતી. આ કેસ ઉકેલીને તે સુપર કૉપની છાપ ઊભી કરવા માગતો હતો, એમ અનિલ સિંહે જણાવ્યું હતું.

ઉદ્યોગપતિના મનમાં ભય પેદા કરવા સાથે તેમના પરિવાર તેમ જ આખા સમાજમાં આતંક ફેલાવવા માટે તેણા આ કૃત્ય કર્યું હતું.

તેનું કાવતરું ઉઘાડું પડી જશે એવા ભયથી બાદમાં તેણે મનસુખ હિરેનની પણ હત્યા કરી હતી. કોર્ટે ગુરુવારે સુનાવણી ચાલુ રખાશે એમ જણાવી જામીન સામે સ્ટે વધારી દીધો હતો.

નોંધનીય છે કે ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ એન્ટિલિયા નજીક વિસ્ફોટકો સાથેની એસયુવી મળી આવી હતી. એસયુવી ચોરાઇ એ પહેલા તે મનસુખ હિરેન પાસે હતી. હિરેનનો મૃતદેહ પાંચમી માર્ચ, ૨૦૨૧ના રોજ મુંબ્રા રેતીબંદર ખાડી નજીક મળી આવ્યો હતો. એન્ટિલિયા નજીક વિસ્ફોટકો અને હિરેનની હત્યાના કેસમાં એનઆઇએએ ૧૩ માર્ચ, ૨૦૨૧ના રોજ વાઝેની ધરપકડ કરી હતી. તેને ભ્રષ્ટાચારના કેસમાં પણ આરોપી બનાવવામાં આવ્યો હતો, જેની તપાસ સીબીઆઇ (સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ દ્વારા હાથ ધરાઇ હતી. (પીટીઆઇ)

## ઍક્સિડન્ટ કે પછી

હતી અને કુલ ૧૨ બસમાં આગ લાગી હતી, જેમાંથી છ તદ્દન નવી રજિસ્ટર્ડ થયા વગરની બસો હતી. આગ લાગી ત્યારે બેસ્ટ ઉપક્રમના કર્મચારીએ પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બસ અંદરથી બંધ હોવાથી કર્મચારી સમયસર બસને હટાવી શક્યો નહોતો, જેથી આગ ફેલાઈ હતી.

આ બાબતે બેસ્ટ કમિટીના સભ્ય નીતિન નંદગાંવકરે કહ્યું હતું કે આ બાબતની માહિતી લેવા દરમ્યાન જણાઈ આવ્યું હતું કે માનવીય ભૂલને કારણે આગ લાગી હતી. એક બસમાંથી બીજી બસની ટાંકીમાં ગૅસ ખાલી કરવામાં આવી રહ્યો હતો, પરંતુ તે જ સમયે આગ ફાટી નીકળી હતી. નીતિન નંદગાંવકરે એવો પણ આક્ષેપ કર્યો હતો કે કૉન્ટ્રેક્ટર કેટલીક બાબતો છુપાવી રહ્યો છે. ડેપોમાં પાર્ક કરેલી અને લૉક કરાયેલી બસોની ચાવી કોની પાસે હતી તે સમગ્ર મામલાની તપાસ થવી જોઈએ. નવી બસોમાં આગ કેવી રીતે લાગી શકે? આ અકસ્માત માત્ર માનવીય ભૂલને કારણે થયો છે.

આગની દુર્ઘટના બાબતે ચર્ચા બાદ બેસ્ટ સમિતિના પ્રમુખ તૃષ્ણા વિશ્વાસ રાવે કહ્યું હતું કે તેમણે મેયર અને પાલિકા કમિશનરને પત્ર લખીને બેસ્ટના દરેક વેરહાઉસમાં ફાયર એન્જિન મૂકવાની માગણી કરી છે અને બેસ્ટ પ્રશાસનને આગામી બેઠકમાં આ આગ અંગે વિગતવાર અહેવાલ રજૂ કરવા આદેશ આપ્યો છે.

## મારપીટના કેસમાં

માનસિકતા છતી કરે છે. અગાઉ સુનાવણી વખતે ખટલા દરમિયાન હાજર રહેવામાંથી મુક્તિ આપવાની તાવડેની અરજી કોર્ટે માન્ય રાખી ૩૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. જોકે બુધવારે આ મામલો ફરી સુનાવણી માટે આવ્યો ત્યારે તાવડે અને અન્ય બે આરોપીએ ફરીથી હાજરીમાંથી મુક્તિ માગી હતી. મારપીટની ઘટના ૨૯ જુલાઈ, ૨૦૧૬ના રોજ સાંતાક્રુઝના વાકોલા વિસ્તારમાં આવેલી પાલિકા સંચાલિત ઉર્દૂ મીડિયમની સ્કૂલમાં બની હતી. ફરિયાદ પક્ષે આક્ષેપ કર્યો હતો કે તે સમયનાં નગરસેવિકા રિતુ તાવડે અને અન્ય છ લોકો શાળામાં પ્રવેશ્યા હતા અને કૅન્સરગ્રસ્ત શિક્ષકની બદલીને લઈને મૅનેજમેન્ટ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. તે સમયે શાળાના બે શિક્ષક પર હુમલો કરવામાં આવ્યો હતો. આ કેસમાં ૧૧ ઑગસ્ટ, ૨૦૧૬ના એફઆઈઆર નોંધાયો હતો. (પીટીઆઈ)

# પારસી મરણ

ઝરીના ખુશરો રાંદેરિયા તે ખુશરો જહાંગીર રાંદેરિયાના ધનિયાણી. તે મરહુમ ધનમાય તથા ફરામરોઝ અ. મહેરશાહીના દીકરી. તે મરહુમ જહાંગીર તથા કોલામાય જ. રાંદેરિયાના વહુ. તે શેરઝાદ તથા ડેલનાઝ ફીરદોશ સીગનપોર્યાના માતાજી. તે પર્લીન, જેદીન તથા બ્રિયાનાના મમઈજી. તે મરહુમ રૂસીફ, મહેર શાહી, જાલ, અદી, અસ્પી, તીરન તથા ફરોખ, નોશીર અને દિનાઝ સાઈરસ એન્જિનિયરના બહેન. (ઉં.વ.૭૦) રે.ઠે.: હીરાબાઈ પીટીટ બિલ્ડિંગ, રૂમ-૭૨, ૪ માળે, બી-મહેરવાન બેકરીની બાજુમાં, ગ્રાન્ટ રોડ સ્ટેશનની સામે (પૂર્વ), મુંબઈ. ઉઠમણાંની ક્રિયાઃ મહલ્લા પટેલની અગિયારીમાં ૮-૧૦-૨૦૨૬ના ૩.૪૫ વાગે સાંજે.

અસ્પી ડોસાભાઈ દારૂવાલા તે ધનના ધની. તે ફ્રેડી, શેહનાઝ, કઈઝીનના પપ્પા. તે ફરા, દારસીના સસરા. તે કેવીન, કાર્લના બપાવાજી. તે યાના કેલના મમાવાજી. તે મરહુમો દોલતબાનુ, ડોસાભાઈ પાલનજી દારૂવાલાના દીકરા. તે મરહુમો દોલતબાનુ, જેહાંબક્ષનસરવાંજી મરફતીયાના જમાઈ. યુએસ મધ્યે મંગળવાર, તા. ૨૯-૯-૨૦૨૬ના દિને હક થયા છેજી. રહેઠાણઃ સી/૧૦૩, પારસી પંચાયત કોમ્પ્લેસ, વાલભાટ રોડ, ગોરેગાવ (ઈ), મુંબઈ-૪૦૦૦૬૩.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
સાવરકુંડલા નિવાસી હાલ મુલુંડ હરીશ પ્રતાપરાય લક્ષ્મીચંદ સંઘવીના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં.વ. ૬૭) તા. ૬-૧૦-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સિદ્ધાર્થના માતુશ્રી. અ.સૌ. લીનાના સાસુ. ચિ. હિયાનાના દાદી. હર્ષદભાઈ, મંજુલાબેન હસમુખરાય દોશી, સરોજબેન હર્ષદરાય વાસા તથા પ્રફુલાબેન/પરેશા સુધીરભાઈ મહેતાના ભાભી. પિયર પક્ષ ભદ્રાવળવાળા બાલુભાઈ કુંવરજી ગાંધીની દીકરી. તેમની સાદડી તા. ૮-૧૦-૨૬ના સાંજે ૪થી ૬. તેમના નિવાસસ્થાન રવિ એપાર્ટમેન્ટ, એસ. એલ. રોડ, વિઠ્ઠલ નગર, મુલુંડ (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
પાલિતાણા નિવાસી હાલ મુલુંડ સ્વ. હસમુખરાય રતિલાલ શાહ (પાપડિયા)ના ધર્મપત્ની રસીલાબેન (ઉં.વ. ૮૨) બુધવાર, તા. ૭-૧૦-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે યોગેશ-ભારતી, ચંદ્રેશ-વિગિશા, કલ્પેશ, ચેતના વિપુલકુમાર તથા છાયા હેમલકુમારના માતુશ્રી. જયસુખલાલ-ઉષાબેન, સ્વ. કનૈયાલાલ-સ્વ. મીનાક્ષીબેન, જીતેન્દ્રભાઈ-નીલાબેન, સ્વ. કલાબેન, રંજનબેન, નિર્મળાબેન, રેખાબેન અને દક્ષાબેનનાં ભાભી. દ્રષ્ટિ, નિયતિ, વિરતી, દેશના, યશવી, પાર્થના દાદી/નાની. પિયર પક્ષે કરસનદાસ વિઠ્ઠલદાસ સંઘવી (ભડી ભંડારિયા)ના દીકરી. તેમની સાદડી ગુરુવાર, તા. ૮-૧૦-૨૬ના રોજ ૪થી ૭. નિવાસસ્થાનઃ એ/૨૦૨, રામ એપાર્ટમેન્ટ, એસ.એન. રોડ, તાંબેનગર, મુલુંડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
જૂનાગઢ નિવાસી હાલ રાજકોટ સ્વ. વિનોદરાય (બટુકભાઈ) કાલિદાસ પારેખના ધર્મપત્ની. શ્રીમતી અનસૂયાબેન વિનોદરાય પારેખ (ઉં.વ. ૯૧) મંગળવાર, તા. ૬-૧૦-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે નિલીબેન નીતિનભાઈ પારેખ, સ્વીટીબેન વિનોદરાય પારેખ, શીલુબેન મનીષભાઈ દેસાઈ, મીનુબેન નિલેશભાઈ દોશી અને ભાવનાબેન બિપિનભાઈ દોશીના માતુશ્રી. ઉત્તમચંદ પ્રાગજી રૂપાણીના દીકરી. નીલ, બંસી, ખ્યાતિ-રિષિત, કરણ-મૈત્રી, મિત્તલ-કરિશ્મા, રિશી, નૈતિક-માનસીના નાની. પ્રતીશ, નિખિલ અને રોહનના પર નાની. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી. (ચક્ષુદાન કરેલ છે.)

**માંગરોળ જૈન**
માંગરોળ નિવાસી હાલ કાંદિવલી, મહેન્દ્રભાઈ જગમોહનદાસ શાહ (ઉં.વ. ૮૨) તે સ્વ. નંદનબેન જગમોહનદાસના સુપુત્ર. સ્વ. હેમલતાબેનના પતિ. જિજ્ઞેશ, શેફાલી તથા દિપાલીના પિતાશ્રી. ભાવિકા, મિતેન તથા રાજેશના સસરા. જશવંતલાલ, સ્વ. ભાનુબેન, સરલાબેન અને જ્યોત્સનાબેનના ભાઈ. વેરાવળ નિવાસી સ્વ. પ્રભુદાસ કરમચંદ શાહના જમાઈ. તા. ૬-૧૦-૨૬, મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનસભા તા. ૯-૧૦-૨૬, શુક્રવારના ૫થી ૭. સ્થળઃ હાલાઈ લોહાણા બાલાશ્રમ બૅન્કવેટ હોલ, મથુરાદાસ એક્સટેન્સન રોડ, મંગુભાઈ દતાણી માર્ગ, નિયર અતુલ ટાવર, કાંદિવલી (પશ્ચિમ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**
અમરેલી નિવાસી હાલ બેંગલોર સ્વ. જેકુંવર હિંમતલાલ ટોળિયાના સુપુત્ર. ચિ. ધનસુખભાઈ (ઉં.વ. ૮૮) તે સરોજબેનના પતિ. અમરાપુર નિવાસી ફૂલચંદ માણેકચંદ દોશીના જમાઈ. ચિ. સોનુ તથા ચિ. હિતેષના પિતા. ચિ. મીતેષભાઈ તથા સૌ. હેતલના સસરા. ચિ. મીરાજ તથા ચિ. કાવ્યના દાદા. તા. ૬-૧૦-૨૬, મંગળવારના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
બેરાજાના તરૂણ દામજી ગાલા (ઉં.વ. ૭૦) તા. ૬-૧૦નાં અવસાન પામેલ છે. સાકરબાઇ/લીલાવંતી દામજીના પુત્ર. ભાવનાના પતિ. રીતેશના પિતા. હરેશ, વિનય, ચંદન, કલ્પનાના ભાઇ. સ્વ. કુંવરબાઇ વિશનજી શીવજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. ઠે. રીતેશ ગાલા, એ-૨૦૦૨, વિનય હેરીટેઝ, વિનય નગર, મીરારોડ (ઇસ્ટ).

ભુજપુરના શ્રીમતી લીલાવતી કિશોર દેઢિયા (ઉં.વ. ૭૪) તા. ૬-૧૦-૨૬ના અવસાન પામ્યા છે. સ્વ. કેસરબેન દેવજીના પુત્રવધૂ. કિશોર દેવજીના ધર્મપત્ની. અલ્પા, નવિનના માતુશ્રી. મકાંબાઈ ગાંગજી રતનશીની સુપુત્રી. કલ્યાણજી, મનોજ, માવજી, મણીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કિશોર દેઢિયા, એ-૨/૭૦૩, હેપી વેલી, માનપાડા, થાણા (વેસ્ટ).

નાના ભાડીયાના મણીલાલ લાલજી મારૂ (ઉં.વ. ૭૬) તા. ૬-૧૦નાં અવસાન પામેલ છે. સ્વ. વેજબાઇ લાલજી ઠાકરશીના સુપુત્ર. લક્ષ્મીબેનના પતિ. ભાવેશ, બીનાના પિતા. વસનજી, માવજી, કલ્યાણજી, સાકર, ગુણવંતીના ભાઇ. મો. આસંબીયા સ્વ. સોનબાઇ ધારશી હંસરાજના જમાઈ. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રાવક સંઘ સં. કરશન લધુ નીસર હોલ, દાદર-(વે), સમય : ૧૨ થી ૧.૩૦. નિ. ભાવેશ મારૂ, એ/૩૪, રામ પંચાયતન સોસાયટી, શીવ મંદિર રોડ, ડોમ્બીવલી (ઇ).

કારાઘોઘાના ભાનુમતી કાનજી ઉમરશી નાગડા (ઉં.વ. ૮૬) તા. ૫-૧૦-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લાડબાઈ ઉમરશી શીવજીના પુત્રવધૂ. કાનજી ઉમરશીના પત્ની. ડો. જયશ્રી, હંસા, ધીરજ, ડો. જ્યોત્સના, કિશોરના માતુશ્રી. કારાઘોઘા લાછબાઈ રણશીના પુત્રી. વેલજી, કલ્યાણજી, કાંતિલાલ, મણીબેન, મુલબાઈના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : ડો. જયશ્રી સંગોઇ, ફ્લેટ નં. ૩૨/૭, મેઘછાયા બિલ્ડીંગ, સાઈબાબા માર્ગ, લાલબાગ. મું. ૧૨.

બિદડાના અ.સૌ. પ્રજ્ઞાબેન રમેશ વોરા (ઉં.વ. ૬૪) તા. ૬-૧૦-૨૬ના અવસાન પામેલ છે. કંકુબાઈ પાસુભાઈના પુત્રવધૂ. રમેશના ધર્મપત્ની. અમર, હર્ષલના માતા. દમયંતીબેન ખીમજીના પુત્રી. રમેશ, શરદના બેન. પ્રાર્થના રાખેલ નથી. એ. રમેશ વોરા, બી. ૨૦૭, પ્લોટ નંબર ૩૪, આનંદ સાગર, સેક્ટર-૧૭, નવી મુંબઈ, વાશી. ૪૦૦૭૦૩.

**દશા શ્રી માળી સ્થાનકવાસી જૈન**
ગોંડલનિવાસી, હાલ ઘાટકોપર, ચંદ્રિકાબેન (ઉં.વ. ૭૪) તે મનસુખભાઈ નરોત્તમદાસ કોઠારીના ધર્મપત્ની. અલ્પા - જીતેન્દ્ર માટલિયા અને કેતન - છાયાના માતુશ્રી. સ્વ. અરવિંદભાઈ, સ્વ. મધુભાઈ, નવીનભાઈ, સ્વ. વનિતાબેન કાંતિલાલ ટોલિયા, ઉષાબેન હસમુખભાઈ મહેતા, ગં.સ્વ. ગીતાબેન જગદીશચંદ્ર પારેખના ભાભી. સ્વ. જયાબેન ચંદુભાઈ ગોસલીયાના પુત્રી. ત્વિષા, જહાન્વી, મીતના દાદી/નાની. તા. ૫/૧૦/૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# હિન્દુ મરણ

**કપોળ**
કતપરવાળા (હાલ વડોદરા) કાનનબેન જયેશભાઈ સંઘવી (ઉં.વ. ૫૬) તા. ૭-૧૦-૨૬, બુધવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જયેશભાઈ રમણલાલ સંઘવીના ધર્મપત્ની. પ્રેમના માતાશ્રી. સસરા પક્ષે સ્વ. રંજનબેન રમણલાલ સંઘવીના પુત્રવધૂ. સ્વ. પારુલ યશવંત શાહ, જિગનાસા નિમેષ સંઘવીના ભાભી. પિયર પક્ષે કરદેજવાળા સ્વ. મૃદુલાબેન સેનતભાઈ મોદીના પુત્રી તથા બિનાબેન જયશીલ ગોરડિયા, જેમિષભાઈ મોદીના બહેન. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**આજક ગિરિનારાયણ બ્રાહ્મણ**
હાલ-દહિસર, અમિતભાઈ બિપિનભાઈ પુરોહિત (ઉં.વ. ૪૮) સોમવાર, તા. ૫-૧૦-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મીનાબેન બિપિન પુરોહિતનાં સુપુત્ર. ગં.સ્વ. મિત્તલ અમિત પુરોહિતનાં પતિ. ચિ. રુશિનાં પિતાશ્રી. રાજેશભાઈ તથા રચનાબેન રાજેશ ભટ્ટનાં ભાઈ. પન્નાબેન અશ્વિનભાઈ ભટ્ટનાં જમાઈ. ગોપીનાં દિયર. (પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.)

**કચ્છી લોહાણા**
ગં.સ્વ. પુષ્પાબેન માધવજી કોટક (ઉં.વ. ૮૫) તા. ૩-૧૦-૨૬ના કચ્છ મઉ મોટી મધ્યે રામશરણ પામ્યા છે. તે સ્વ. માધવજી વાલજી કોટકનાં ધર્મપત્ની. સ્વ. સાકરબેન વાલજી કોટકનાં પુત્રવધૂ. સ્વ. મેઘજી પદમશી પવાણીના પુત્રી. અરવિંદ, સુભાષ, કિર્તી, કુસુમ કિશોરભાઈ સોનેટા, ભારતી મધુકાંત સોનાગેલા, ભાવના ધર્મેન્દ્રભાઈ ચંદેના માતુશ્રી. સ્વ. મોહનલાલ ઓધવજી કોટક (કલવા) સ્વ. કમળાબેન હીરજી મજેઠિયા, સ્વ. ચંચલબેન પરસોત્તમ જોબનપુત્રા, સ્વ. લીલાવંતીબેન જેઠાલાલ મામોટિયા, સ્વ. પ્રભાબેન ભગવાનદાસ સોચર, નર્મદાબેન શિવજી પલણ, કસ્તુરીબેન મોતીરામ રુપારેલનાં ભાભી. તેમની પ્રાર્થનાસભા તા. ૮-૧૦-૨૬, ગુરુવારે સાંજે ૫.૩૦થી ૭.૦૦. સ્થળઃ કચ્છી લોહાણા મહાજનવાડી, પવાણી હોલ, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ).

**દશા સોરઠીયા વણિક**
જેતપુર નિવાસી હાલ સાંતાક્રુઝ, રાજેશ જમનાદાસ પારેખ (ઉં.વ. ૭૪) ૫/૧૦/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. જશવંતીબેન જમાનદાસ પારેખના પુત્ર. નયનાબેનના પતિ. આરતી ચિરાગ કાપડિયા તથા પૂજા નીરવ મહેતાના પિતાશ્રી. રોનક, મનોલી તથા અંશુલના નાના. સ્વ. મનુભાઈ હીરજી માધ્યમના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**
ગામ કુવાડવા રાજકોટ, હાલ કાંદિવલી, સ્વ. શાંતાબેન છોટાલાલ પૌરાણાના પુત્ર, અરવિંદભાઈ પૌરાણા (ઉં.વ. ૮૧) તે સ્વ. અરુણાબેનના પતિ. પ્રમોદ તથા ચંદ્રિકાબેન જયેશકુમાર મહેતા, દુર્ગા જયસુખલાલ કાનાબાર, સોના નિલેશકુમાર સોઢા, રૂપા મિતેશકુમાર ઠક્કરના પિતા. તનિષાના સસરા. વ્રજના દાદા. રસિકભાઈ તથા અશ્વિનભાઈ તથા જયેશભાઈના મોટાભાઈ, તા. ૬/૧૦/૨૬ને મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૮/૧૦/૨૬ને ગુરૂવારના સાંજે ૫.૦૦ થી ૭.૦૦. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ મોટા ઉપાશ્રય, પાંચમે માળે, પારેખ લેન કોર્નર, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**મોડાસા એકડા દશા ખડાયતા વણિક**
ગામ લીંબ નિવાસી હાલ મુંબઈ, શ્રી રમણલાલ ડાહ્યાલાલ કોઠારી (ઉં.વ. ૮૩) ૫/૧૦/૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. તે પ્રેમિલાબેનના પતિ. રાજેન્દ્ર, જયેશ, તુષાર, પારૂલ રાજેન્દ્ર કોઠારી, હિના તુષાર કોઠારી, દીપા જયેશ કોઠારીના પિતા. વિઠ્ઠલદાસ, અમૃતલાલ, પ્રાણલાલ, રસિકલાલ, વાડીભાઈના ભાઈ. જશવંતભાઈ, મયુરભાઈ, દિલીપભાઈ, વિજયભાઈ, કેતનભાઈ, કેજલભાઈ, પરાગભાઇના કાકા. સાસરાપક્ષે સ્વ. મંગળદાસ કોદરદાસ શાહના જમાઈ. પ્રાર્થનાસભા ૮/૧૦/૨૬ના ૪ થી ૬ ક. રઘુલીલા મોલ, ચોથે માળે, લોટસ હોલ, પોઇસર કાંદિવલી વેસ્ટ.

**મોડાસા એકડા વિશા ખડાયતા**
સ્વ. ભૂપેન્દ્રભાઈ વલ્લભદાસ શાહ અવસાન તા. ૪-૧૦-૨૬, રવિવારના થયેલ છે. તે બીનાબેનના પતિ. હર્ષદભાઈના નાનાભાઈ. રંજનબેનના દિયર. પ્રિયંકા અને વિનીના પાપા. હિતેન, અમિતના સસરા.સાસરાપક્ષ સ્વ. હીરાલાલ નાથજીદાસ શાહના જમાઈ. બેસણું તા. ૮-૧૦-૨૬, ગુરુવારના સાંજે ૫.૦૦ થી ૭.૦૦. સ્થાનઃ બાલાશ્રમ, મથુરાદાસ રોડ, અતુલ ટાવરની બજુમાં, કાંદિવલી પશ્ચિમ. લૌકિક પ્રથા બંધ છે.

**મેઘવાળ**
સ્વ. સ્નેહા સન્ની ચૌહાણ તા. ૨૯-૯-૨૬ને દિવસે અવસાન થયું છે. સન્નીભાઈના ધર્મપત્ની. શ્રેયાંના માતા. જયરામ અને કોતાબેન ચુડાસમાના દિકરી. મંજુબેન ગોવિંદભાઈના પુત્રવધૂ. જીતેશ કેતનના બેન. બારમાની વિધિ તા. ૮-૧૦-૨૬ ગુરૂવારે સાંજે-૬ વાગે. બી૧ તુલસીશ્યામ હા સોં સ ક રાઠોડ માર્ગે તુલસીવાડી સ્થાને રાખવામાં આવ્યું છે.

**વડનગરા નાગર**
શ્રી શુભાંગ અનિરુધ્ધભાઈ સૈયદ તે મંજરીના પતિ. જ્વલંત, પ્રાચી જરીવાલાના પિતા. અનિષા અને રીકીન જરીવાલાના સસરા. ધ્યાનના નાનાજી. ૨જી ઓકટોબર ૨૦૨૬ના હાટકેશચરણ પામ્યા છે. લૌકિક રાખેલ નથી.

**લોહાણા**
મૂળ ગામ જામખંભાળીયા, હાલ અંધેરી સ્વ. રણછોડદાસ આણંદજી દસાણી તથા સ્વ.સૌ. પન્નાબેનના સુપુત્ર કિરીટભાઈ (ઉં.વ. ૭૧) તા. ૭-૧૦-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે પ્રીતિબેનના પતિ. અતિત અને પુષાનના પિતા. દીનાબેન ગુલાટી, લીનાબેન વઢેર, વિપુલભાઈ, તૃપ્તિબેન પરમારના મોટાભાઈ. નીનાબેન જેઠ. સ્વ. પ્રભુદાસ દેવરામ ઠક્કર (બદીયાણી) થાણે નિવાસીના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૮-૧૦-૨૬ના સાંજે ૫:૦૦ થી ૬:૩૦. સંન્યાસ આશ્રમ દેવસ્થાન, સંન્યાસ આશ્રમ માર્ગ, વિલે પાર્લે વેસ્ટ.

**ઔદિચ્ય ગઢિયા બ્રાહ્મણ**
રંજનબેન પ્રભાશંકર વ્યાસ (ઉં.વ. ૯૩) તા. ૫-૧૦-૨૬ના વૈકુંઠવાસ પામ્યા છે. તે સ્વ. પ્રભાશંકર વ્યાસના ધર્મપત્ની. ગીતા-રતિન્દ્ર ભટ્ટ, દક્ષા - અશોક વ્યાસ, બીના -ચેતન વ્યાસ, મીના - રાહુલ વ્યાસના માતુશ્રી. બિનોલા - વિશાલ ભટ્ટ, ખ્યાતિ - અભિક વ્યાસ, હેમલ - નિહાર પરીખ, ક્રિષ્ના - આનોશ, દેવાંશી - હરિત વ્યાસ, ભાવિકા - શાલિન વ્યાસના દાદી. વેદ, અનાયા, જીયાના રુદ્ર, પરીઝા, અમારાના પરદાદી. સોમવાર, તા. ૫-૧૦-૨૬ના વૈકુંઠવાસ પામ્યા છે. પ્રાર્થનાસભા, તા. ૯-૧૦-૨૬ના સમય સાંજે ૫:૦૦ થી ૭:૦૦. સ્થળઃ શંખ બેન્કવેટ હોલ, ઇસ્કોન મંદિર, જુહુ, વિલે પાર્લે વેસ્ટ.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

# પુરુષ



# ડિયર હની... તારો બન્ની

## પત્નીને પત્ર


કૌશિક મહેતા feedback@bombaysamachar.com


## સીતા કે દ્રૌપદીઃ આજે કોણ પ્રાસંગિક છે?

*ડિયર હની,*

દરેક સદીમાં આદર્શ સ્ત્રી વિશે ચર્ચા છેડાય છે. પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રી આદર્શ હોય એની ચર્ચા વધુ થાય છે. આદર્શ પતિની ચર્ચા એટલી હદે થતી નથી. દરેકને સીતા જેવી આદર્શ પત્ની જોઈએ છે. દ્રૌપદી જેવી પ્રશ્નો પૂછતી પત્ની નહીં. મને ઘણીવાર પ્રશ્ન થયો છે કે આજના યુગમાં કોણ વધુ પ્રાસંગિક છે : સીતા કે દ્રૌપદી?

એકવાર આપણે મોરારીબાપુની કથામાં હતા ત્યારે આ વિશે રસપ્રદ ચર્ચા પણ થઈ હતી. આપણા સમાજે સીતાજીનાં ત્યાગ, સહનશીલતા, પતિવ્રત ધર્મ અને આજ્ઞાપાલનને સર્વોચ્ચ ગુણ તરીકે સ્વીકાર્યા છે. તેમણે દરેક મુશ્કેલી મૂગા મોઢે સહન કરી, જે પિતૃસત્તાક વ્યવસ્થાને અનુકૂળ આવે છે.

બીજી બાજુ, દ્રૌપદી ક્યારેય ચૂપ બેસતી નથી. ભરી સભામાં વસ્ત્રાહરણ વખતે તેમણે જે સવાલો કર્યા : 'હું પહેલાં હારી કે મારા પતિ?' એણે સત્તા અને વ્યવસ્થાને સીધો પડકાર ફેંક્યો હતો. પ્રશ્નો પૂછનારી સ્ત્રીને સમાજ હંમેશાં 'બળવાખોર' કે 'ઝઘડાળુ' માને છે-આદર્શ નહીં.

એ રીતે જોતાં સીતાજી મર્યાદા અને શાંત સ્વભાવનું પ્રતીક છે. દ્રૌપદીમાં તીવ્ર સ્વાભિમાન હતું. અપમાનનો બદલો લેવાની આગ તેમની આંખોમાં સ્પષ્ટ દેખાતી હતી. કૌરવો સામેનો તેમનો રોષ અને ખુલ્લો ક્રોધ સમાજની 'સંસ્કારી'ની વ્યાખ્યામાં ફિટ નહોતો બેસતો. જ્યારે સીતાજી એકપત્નીવ્રત અને પતિનિષ્ઠાના પરંપરાગત માળખામાં સંપૂર્ણ બંધબેસે છે. દ્રૌપદી પાંચ પાંડવોની પત્ની હોવાને કારણે પરંપરાગત નૈતિકતાનાં ધારાધોરણો ધરાવતા રૂઢિચુસ્ત સમાજ માટે તેને સ્વીકારવી અઘરી બની ગઈ. જોકે પાંચ પુરુષની પત્ની બનવાનો આ નિર્ણય દ્રૌપદીનો પોતાનો નહોતો છતાં તેનો બોજ દ્રૌપદીના ચારિત્ર્ય પર નાખવામાં આવ્યો.

હવે શાસ્ત્રોની વાત કરીએ તો 'રામાયણ' મુખ્યત્વે આદર્શ ભાઈ, આદર્શ પુત્ર અને આદર્શ પત્નીની સ્થાપના કરે છે, જ્યાં રામ-સીતાનું પ્રકરણ અનુશાસનને મહત્ત્વ આપે છે. જ્યારે બીજી બાજુ, 'મહાભારત' એ યુદ્ધ, રાજકારણ અને માનવ સ્વભાવની જટિલતાઓનું મહાકાવ્ય છે. દ્રૌપદી મહાભારત યુદ્ધના કેન્દ્રમાં રહેલાં મુખ્ય પાત્રોમાંની એક છે, જેમને 'શાંતિ' કરતાં 'ન્યાય' વધારે વહાલો હતો.

હવે મુખ્ય મુદો ચર્ચીએ કે આજે જ્યારે સ્ત્રીઓ પોતાના અધિકારો, સમાનતા અને સ્વાભિમાન માટે લડી રહી છે એ માહોલમાં દ્રૌપદી વધુ પ્રેરણારૂપ લાગે છે. સીતાજી જો 'ત્યાગ અને સંયમ'નાં પ્રતીક છે તો દ્રૌપદી એ 'અધિકાર, અવાજ અને વિરોધ'નું પ્રતીક છે. આધુનિક દૃષ્ટિકોણથી જોઈએ તો દ્રૌપદી પણ એટલી જ આદર્શ છે, કારણ કે તે અન્યાય સામે ઝૂકવાને બદલે લડી લેવામાં માને છે.

દ્રૌપદી વિશે જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા લેખિકા ડૉ. પ્રતિભા રાયથી માંડી કાજલ ઓઝા વૈદ્યે અલગ દૃષ્ટિકોણ રજૂ કર્યો છે. પ્રતિભા રાયે તેમની પ્રસિદ્ધ નવલકથા 'યાજ્ઞસેની'માં દ્રૌપદીના પાત્ર દ્વારા એવો પ્રશ્ન ઉઠાવે છે કે શું સ્ત્રી માત્ર પુરુષની ચરાચર મિલકત છે? શું સ્ત્રીને પોતાના શરીર અને આત્મા પર પણ કોઈ અધિકાર નથી?' એ લખે છે કે સમાજે હંમેશાં સીતા જેવાં મૌન રહીને સહન કરનાર પાત્રોને 'સતી' અને 'આદર્શ' તરીકે સ્વીકારવામાં સરળતા અનુભવી છે, કારણ કે તેમાં પુરુષપ્રધાન વ્યવસ્થાને કોઈ પડકાર મળતો નથી, પરંતુ દ્રૌપદી સામે પ્રશ્નો પૂછે છે. અગ્નિમાંથી જન્મી છે એટલે તેના સ્વભાવમાં પણ અગ્નિ જેવી તેજી છે. તો પ્રસિદ્ધ લેખિકા ચિત્રા બૅનર્જીએ તેમની નવલકથા 'ધ પેલેસ ઑફ ઇલ્યુશન્સ'માં દ્રૌપદી (પાંચાલી)ની આંખોથી મહાભારતને વર્ણવ્યું છે. તેમનું માનવું છે કે સમાજ સીતાને પ્રેમ કરે છે, કારણ કે સીતા પરિઘની અંદર રહે છે, જ્યારે દ્રૌપદી પરિઘને તોડી નાખે છે.

આમ છતાં લેખકોનો મત એવો છે કે સીતા અને દ્રૌપદી બંને પોતપોતાના સમયની પરિસ્થિતિ મુજબ મહાન જ હતાં, પરંતુ સીતાજીનું જીવન 'સ્વીકાર' શીખવે છે જ્યારે દ્રૌપદીજીનું જીવન 'અસંતોષ અને ન્યાયની માગ' શીખવે છે. આજના યુગના લેખકો દ્રૌપદીના આ જ અવાજને આધુનિક નારીવાદ સાથે જોડીને જોવે છે.

જાણીતાં લેખિકા કાજલ ઓઝા વૈદ્યે પણ 'દ્રૌપદી' નામે નવલકથા લખી છે. એ માને છે કે સમાજે હંમેશાં સ્ત્રીઓની સરખામણી કરતી વખતે સીતાને 'માપદંડ' બનાવી દીધી છે જે દરેક સ્ત્રી માટે યોગ્ય નથી બની શકતી. સીતાજીનું જીવન સમર્પણ અને મૌનનું પ્રતીક છે, જ્યારે દ્રૌપદીનું જીવન એ વાતની સાક્ષી આપે છે કે સ્ત્રી પોતાના અધિકાર માટે પ્રશ્ન પૂછી શકે છે, અવાજ ઉઠાવી શકે છે અને અન્યાય સામે અડીખમ ઊભી રહી શકે છે.

આધુનિક કવિ પુષ્યમિત્ર ઉપાધ્યાયે બહુ મજાની વાત કરી છે કે

*'सुनो द्रौपदी शस्त्र उठा लो, अब गोविंद ना आएंगे,*
*कौरव यहां सभा में बैठे, सारे के सारे मौन पडे हैं,*
*भीष्म, द्रोण और विदुर यहां पर, परिभाषा कानून गढें हैं...*
*वस्त्र बचाने अब कृष्ण ना आएंगे,*
*सुनो द्रौपदी शस्त्र उठा लो, अब गोविंद ना आएंग।'*

આજે સ્ત્રીઓ પરના અત્યાચાર વધ્યા છે. આ મુદે આંદોલન થાય છે. તને શું લાગે છે, સ્ત્રીએ સીતા થવું કે દ્રૌપદી?

**તારો બન્ની**


feedback@bombaysamachar.com

મેલ મેટર્સ

અંકિત દેસાઈ


## મારે પણ એક (શાંત) ઘર હોય!

**સવારના** આઠ વાગ્યાથી શરૂ થતી ભાગદોડ, ટ્રાફિકનો ઘોંઘાટ, ઑફિસના ટાર્ગેટ્સ, બૉસની કચકચ, ગ્રાહકો સાથેની મગજમારી અને સતત ચાલતી આર્થિક ખેંચતાણ. આજના સ્પર્ધાત્મક યુગમાં એક પુરુષ આખો દિવસ પોતાના મન અને શરીરને નીચોવીને સાંજે જ્યારે ઘરનો દરવાજો ખટખટાવે છે ત્યારે તેના મનમાં માત્ર એક જ ઇચ્છા હોય છેઃ શાંતિ!



બહારની દુનિયા સાથે લડીને થાકેલો પુરુષ જ્યારે પોતાના ઉંબરે પગ મૂકે છે ત્યારે તે માત્ર ચાર દીવાલો વચ્ચે નથી આવતો, પણ તે એક એવા આશ્રયસ્થાનની શોધમાં હોય છે જ્યાં તેને પોતાની સુરક્ષા અને હૂંફનો અનુભવ થાય. કમનસીબે, જો એ જ ઉંબરો વટાવતાંની સાથે જ તેના પર ઘરની રોજિંદી સમસ્યાઓ, ફરિયાદો અને પળોજણોનો વરસાદ શરૂ થઈ જાય તો તેનું મન અંદરથી ભાંગી પડે છે. તેથી જ, આજના અતિ-તણાવગ્રસ્ત સમયમાં એક પુરુષ માટે ઘરે આવ્યા પછીનું ઉલ્લાસભર્યું અને શાંત વાતાવરણ માત્ર વિલાસ નથી, પરંતુ તેની માનસિક અને શારીરિક સ્વસ્થતા માટેની સૌથી પ્રાથમિક જરૂરિયાત છે.

આપણે એ માનસિકતાને સમજવી પડશે કે પુરુષ જ્યારે બહાર કામ કરે છે ત્યારે તેનું મન સતત 'ફાઇટ ઓર ફ્લાઇટ' મોડમાં હોય છે. ઑફિસ કે વ્યવસાયના સ્થળે તેને સતત સતર્ક રહેવું પડે છે, નિર્ણયો લેવા પડે છે અને પોતાના આવેગ પર કાબૂ રાખવો પડે છે. આ આખો દિવસ ચાલતી માનસિક કસરત તેના નર્વસ સિસ્ટમને સંપૂર્ણપણે થકવી દે છે. આ સ્થિતિમાં જ્યારે તે સાંજે ઘરે પહોંચે છે, ત્યારે તેને પોતાના મનને 'રીસેટ' કરવા માટે થોડો સમય જોઈએ છે. બાયોલૉજિકલ અને સાયકોલૉજિકલ દૃષ્ટિએ જુઓ તો સાંજે ઘરે પહોંચ્યા પછીની પહેલી ૧૫થી ૨૦ મિનિટ પુરુષના માનસિક સ્વાસ્થ્ય માટે સૌથી નાજુક અને મહત્ત્વની ક્ષણો હોય છે. આ એ સમય છે જ્યારે તેનું થાકેલું મગજ બહારની લડાઈમાંથી બહાર આવીને ઘરના વાતાવરણ સાથે અનુકૂલન સાધવાનો પ્રયાસ કરી રહ્યું હોય છે.

જોકે અણસમજને કારણે ઘણીવાર એવું બને છે કે પુરુષ દરવાજો ખોલે કે તરત જ તેને ઘરની પળોજણોનો સામનો કરવો પડે છે. 'લાઇટનું બિલ કેમ ન ભર્યું?', 'છોકરાએ આજે આ તોફાન કર્યું', 'શાકભાજીવાળા સાથે ઝઘડો થયો' કે 'તમારા સગાએ આમ કહ્યું' આ તમામ વાતો પોતાના સ્થાને સાચી હોઈ શકે છે, પરંતુ તેના માટેનો આ સમય સાવ અયોગ્ય છે. થાકેલા મન પર તરત જ નવી સમસ્યાઓનો બોજ નાખવામાં આવે ત્યારે પુરુષનું મન તેને 'હુમલા' તરીકે લે છે. પરિણામે તે કાં તો ચીડાઈ જાય છે, ગુસ્સે થાય છે અથવા સાવ મૌન ધારણ કરીને પોતાનામાં સમેટાઈ જાય છે. આ વર્તનને ઘણીવાર એવું સમજી લેવાય છે કે તેને પરિવારમાં રસ નથી, પરંતુ વાસ્તવિકતા એ છે કે તેનું મન આ નવી માહિતીઓને પ્રોસેસ કરવા માટે સાવ અસમર્થ હોય છે.

પ્રશ્ન એ થાય કે ઘરે આવ્યા પછીની શરૂઆતની મિનિટોમાં એવું તે શું હોવું જોઈએ જે પુરુષને કમ્ફર્ટ આપે? જવાબ બહુ સરળ છેઃ સ્મિત, એક ગ્લાસ પાણી અને થોડી મિનિટોનું મૌન. જ્યારે કોઈ પુરુષ ઘરે આવે અને દરવાજે તેને એક ઉલ્લાસભર્યો ચહેરો જોવા મળે ત્યારે આખા દિવસનો થાક અડધો થઈ જાય છે. એક ગ્લાસ ઠંડું પાણી અને પંખા કે એસીની હવામાં શાંતિથી બેસવાની ૧૫ મિનિટ તેની અંદરના તણાવને ઓગાળી નાખે છે. આ ૧૫ મિનિટમાં જો તેને કોઈ સવાલ ન પૂછવામાં આવે અને તેને પોતાના જૂતાં ઉતારી, હાથ-પગ ધોઈને રિલેક્સ થવાનો મોકો આપવામાં આવે તો તેનું શરીર અને મન ફરીથી સામાન્ય સ્થિતિમાં આવી જાય છે. આ મૌન કે આરામ એ પરિવાર પ્રત્યેની અણગમ નથી, પણ પરિવાર સાથે સારી રીતે જોડાવા માટેની પૂર્વતૈયારી છે.

ઘર જો શાંત અને હળવાશભર્યું હોય તો તેનાથી માત્ર પુરુષને જ નહીં, પણ આખા પરિવારને ફાયદો થાય છે. જ્યારે પુરુષને ઘરે આવ્યા પછી યોગ્ય કમ્ફર્ટ અને માનસિક શાંતિ મળે છે ત્યારે તે થોડીવાર પછી એક ઉત્સાહી પિતા અને પ્રેમાળ પતિ તરીકે પરિવાર સામે આવે છે. તે બાળકો સાથે રમી શકે છે, પત્નીની વાત સાંભળી શકે છે અને ઘરની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે સક્ષમ બને છે. જે પુરુષનું મન શાંત છે તે ઘરના વાતાવરણને વધુ સકારાત્મક બનાવી શકે છે. આનાથી વિપરીત, જો તેને શરૂઆતમાં જ અશાંતિ મળે તો આખા ઘરનું વાતાવરણ કલુષિત થઈ જાય છે અને રાતનું ભોજન પણ નીરસ બની જાય છે.

અહીં એ વાત પણ સમજવી જરૂરી છે કે ઘરમાં રહેતી સ્ત્રી પણ આખો દિવસ કામ કરીને થાકી હોય છે. ખાસ કરીને જો તે વર્કિંગ વુમન હોય તો તે પણ ડબલ જવાબદારી નિભાવતી હોય છે અને જો તે ગૃહિણી હોય તો આખો દિવસ ઘરકામ અને બાળકોની સંભાળમાં તેનો શ્રમ પણ ઓછો નથી હોતો. સ્ત્રીને પણ પોતાની વાત કહેવાની અને થાક ઠાલવવાની જરૂર હોય જ છે, પરંતુ તાર્કિક વાત એ છે કે વાતો અને સમસ્યાઓની ચર્ચા કરવાનો એક ચોક્કસ સમય હોવો જોઈએ. પુરુષના ઘરે આવ્યાના અડધા-એક કલાક પછી જ્યારે બંને પક્ષે વાતાવરણ હળવું થાય ત્યારે દિવસભરની વાતો, સમસ્યાઓ કે આયોજનો વિશે ચર્ચા થઈ જ શકે છે. શાંત મગજે કરેલી ચર્ચા હંમેશાં ઉકેલ લાવે છે, જ્યારે થાકેલા મગજે કરેલી ચર્ચા માત્ર ઝઘડામાં પરિણમે છે.

આજના સમયમાં હાર્ટ એટેક, હાઈ બ્લડ પ્રેશર અને ડિપ્રેશન જેવા રોગો પુરુષોમાં ખૂબ ઝડપથી વધી રહ્યા છે. આનું મુખ્ય કારણ એ છે કે પુરુષ પાસે પોતાની લાગણીઓ કે થાક ઠાલવવાની જગ્યાઓ ઓછી થતી જાય છે. સમાજ તેમને મજબૂત રહેવાનું શીખવે છે, પણ મજબૂત માણસને પણ આરામની જરૂર હોય છે. 'મારે પણ એક શાંત ઘર હોય' એ દરેક પુરુષની અંદરનો એક અદૃશ્ય પોકાર છે. ઘર એ માત્ર ઈંટો અને સિમેન્ટથી બનેલી વસ્તુ નથી, પણ ત્યાં વસતા લોકોના પ્રેમ અને સમજણથી બનતી એક સૃષ્ટિ છે.

જ્યારે ઘરના દરવાજા ખૂલે અને અંદરથી તણાવને બદલે હૂંફ, ચીડને બદલે સ્મિત અને કચકચને બદલે શાંતિનો અનુભવ થાય ત્યારે પુરુષ માટે તે ઘર પૃથ્વી પરનું સ્વર્ગ બની જાય છે. આવી શાંતિ મળ્યા પછી તે પોતાની તમામ આર્થિક કે સામાજિક લડાઈઓ લડવા માટે બમણા ઉત્સાહથી તૈયાર થઈ જાય છે. તેથી જ પુરુષને સાંજે ઘરે આવ્યા પછી અપાતી એ થોડી મિનિટોની શાંતિ અને કમ્ફર્ટ એ તેના પર કરાતો ઉપકાર નથી, પણ એક મજબૂત, સ્વસ્થ અને સુખી કૌટુંબિક જીવન માટેનું સૌથી મોટું રોકાણ છે. ■

# સંધ્યા છાયા


feedback.ladki@bombaysamachar.com

નીલા સંઘવી


## આ તે કેવી જીવદયા...?

**જીવદયા** એટલે જીવ માત્ર પ્રત્યે દયા કે અનુકંપા રાખવી. જોકે મોટે ભાગે આપણે જીવદયા એટલે પશુપંખીઓ પર અનુકંપા રાખવી એવું સમજીએ છીએ. મોટે ભાગે ગાય, ભેંસ, કૂતરા, બિલાડી, કબૂતર જેવાં પશુ-પંખીઓનો આમાં સમાવેશ થાય છે. જીવદયાનો અર્થ સૌ પોતપોતાની રીતે કરે છે. જોકે આજે આપણે અહીં રખડતા કૂતરા કે બિલાડીઓ પ્રત્યેને જીવદયા વિશે વાત નથી કરવી. હા, એટલું જરૂર કહેવું છે કે જીવદયા પ્રેમીઓની દયાને કારણે કેટલાયે લોકોને શ્વાન કરડે છે. મુંબઈના પરાંઓમાં શ્વાનનો ત્રાસ બહુ જ વધી ગયો છે. આજકાલ આપણે ત્યાં ઘરમાં શ્વાન અને બિલાડીઓને પાળવાનો એક શોખ દેખાદેખીને કારણે ઘણો વધી ગયો છે. આપણા સંત કથાકાર સ્વ. શ્રી રામચંદ્ર ડોંગરે મહારાજ કહેતા, 'આજની પ્રજા ઘરમાં શ્વાન પાળે છે, આવતા જન્મ શ્વાન બનવાની આ તૈયારી છે.' ગાયને પાળવાની આપણી સંસ્કૃતિ હવે શ્વાન પાળવાના શોખમાં પરિવર્તિત થઈ ગઈ છે. તેથી જ કવિ મુકેશ જોશી લખે છે.:

'કેમ ઘરડાં ઘેર મોકલતાં હશે?
એ જ સંતાનો જે ઘરમાં શ્વાન રાખે.'




શ્વાનને ઘરમાં અછોવાના કરે અને મા-બાપને હડસેલાં મારે. આજે સીમાબહેનની વાત કહેવી છે. એ વાત શ્વાન સાથે સંકળાયેલી છે તેથી જ શ્વાન વિશે શરૂઆતમાં લખીને વિષયનું અનુસંધાન કર્યું. સીમાબહેનના પતિનું બે વર્ષ પહેલાં અવસાન થયું. સીમાબહેન પુત્ર-પુત્રવધૂ-પૌત્ર સાથે રહેતાં હતાં . ઉંમર હશે ૭૨-૭૩ વર્ષ. પુત્ર ક્ષિતિજ અને પુત્રવધૂ રિયા બન્ને સારી જૉબ કરતાં હતાં. ઘર તો સીમાબહેનના પતિએ જ લીધું હતું. તેથી બન્નેના પગારના કારણે સરસ લાઇફ સ્ટાઇલ હતી. પૌત્ર યુગ પણ બહુ મીઠડો હતો ને દાદીનો લાડકો. દાદી પાસેથી વાર્તા સાંભળવાની યુગને બહુ જ મજા આવતી હતી. ધીમે ધીમે યુગ મોટો થતો ગયો. હવે યુગની પ્રાયોરિટીઝ બદલાઈ ગઈ હતી. તેને ઘરના લોકો સાથે વાતો કરવા કરતાં મિત્રો સાથે વાતો કરવામાં, ફોનમાં વધારે મજા આવતી હતી.

સીમાબહેન ઘરમાં એકલાં પડી જતાં હતાં, પણ તેમને એકલતા કદી સાલતી નહીં, ભગવાનનું ભજન કરતાં, સારાં પુસ્તક વાંચે-આરામ કરે. સાંજના સમયે મંદિરે જાય ને પાછા વળતાં શાકભાજી પણ લઈ આવે. ઘણી વાર સોસાયટીમાં બાંકડા પર બેઠેલા વયસ્કો સાથે ગપાટા પણ મારે. સીમાબહેનનું જીવન આમ સેટ હતું. સીમાબહેન ક્યારેય પુત્ર-વહુનાં અંગત જીવનમાં માથું મારતાં નહીં... પુત્ર-પુત્રવધૂ પણ સીમાબહેન સાથે સારી રીતે જ વર્તતાં હતાં.

થોડા સમયથી રિયાને માથે શ્વાન પાળવાનું ભૂત ચડ્યું હતું. તે ઘણા સમયથી ક્ષિતિજને કહેતી હતી. 'ક્ષિતિજ એક સરસ ડૉગી લઈ આવીએ. યુગ પણ મોટો થઈ ગયો છે. ડૉગીને લાવીશું તો ઘરમાં કોઈ નાનું બાળક છે તેવું લાગશે. કામ પરથી ઘેર આવીને તેની સાથે રમવાની મજા આવશે'

'ના, રિયા ડૉગી લાવીએ તો આપણી જવાબદારી વધી જાય. યુગની જવાબદારી માંડ ઓછી થઈ છે ત્યાં નવી પળોજણ આપણે નથી જોઈતી. વળી ડૉગીના ખર્ચા પણ મોટા હોય છે. ડૉગને કારણે કામ પણ વધે છે. ક્યાંક બહારગામ જવું હોય તો તેને ક્યાં રાખવો તેની ચિંતા. વળી આખો દિવસ આપણે ઘરે ક્યાં હોઈએ છીએ? તો ડૉગની સારસંભાળ કોણ લેશે? એને છી છી પી પી કરાવવા પણ લઈ જવો પડે એ બધું કરવાનો આપણી પાસે સમય ક્યાં છે?'

'અરે, પણ મમ્મી છે ને? આખો દિવસ ઘરમાં એકલાં હોય છે. ઘરમાં કામ કરવા તો માણસો છે જ ને? મમ્મીને ક્યાં કાંઈ કામ હોય છે? તે ડૉગીનું ધ્યાન રાખશે. યુગ નાનો હતો ત્યારે મમ્મી જ સાચવતાં હતાં ને?'

'યુગને સાચવવામાં અને ડૉગને સાચવવામાં બહુ ફરક છે, રિયા. યુગ તો તેમને બહુ વહાલો. વળી તે સમયે મમ્મીની ઉંમર પણ નાની હતી. હવે આ ઉંમરે તેમને આવી પળોજણમાં ન નખાય.'

'હું તો મમ્મીના સારા માટે પણ કહું છું. તેમને વસ્તી થશે અને તેમનો સમય પસાર થશે.' ક્ષિતિજ તથા સીમાબહેનની અનિચ્છા છતાં રિયા એક સરસ મજાનો, સફેદ સફેદ રુંવાટી વાળું નાનકડું ડૉગી લઈ જ આવી. ડૉગી સરસ હતું. તેની માટે સ્પેશ્યલ ફૂડ, સાબુ, શૅમ્પૂ, પાઉડર અને કાંઈ કેટલીયે ચીજવસ્તુઓ રિયા લઈ આવી. તેનાં છી છી પી પીની ટ્રેનિંગ માટે ટ્રેઇનર રાખવામાં આવ્યો. પણ ડૉગીને કારણે સીમાબહેનના એકાંતમાં વિક્ષેપ પડ્યો. તેનું નામ 'લકી' રાખ્યું . આ 'લકી' આખો દિવસ ભસ્યા કરે. સીમાબહેન ઇરિટેટ થાય. સોફા પર સીમાબહેનની બાજુમાં આવીને બેસી જાય. સીમાબહેન બેડરૂમમાં આરામ કરવા જાય તો તેની બાજુમાં સૂઈ જાય. એવું નહોતું કે સીમાબહેનને લકી પર વહાલ નહોતું આવતું, પણ નાનપણથી એવા સંસ્કાર હતા કે કૂતરાને હાથ ન લગાડીએ. હાથ લગાડ્યા હોય તો ધોઈ નાખીએ. જ્યારે અહીં તો શ્વાન આવી આવીને સીમાબહેનના હાથ, પગ ચાટી જાય. ક્ષિતિજ-રિયા-યુગ તો આખો દિવસ ઘરે હોય નહીં તેથી લકી સીમાબહેનની આસપાસ જ ફર્યા કરે. લકી એકલો રહે નહીં તેથી સીમાબહેન મંદિરે, સોસાયટીમાં ક્યાંય જઈ શકે નહીં. સીમાબહેનને તો બંધન થઈ ગયું. રાત્રે ક્ષિતિજ-રિયા-યુગ આવે પછી જ લકી સીમાબહેનનો પીછો છોડે. સીમાબહેનને પોતાની એકાંત ભરી લાઇફ સ્ટાઇલ બહુજ ગમતી હતી. હવે સીમાબહેન પરેશાન છે, પણ શું કરે? સંતાનો જીવદયાપ્રેમી છે, પણ કોઈ એમને સમજાવે કે સીમાબહેન પ્રત્યે પણ થોડી જીવદયા બતાવો તો વધુ સારું. ■


મુંબઈ સમાચાર YouTube ગુજરાતી

ગૃહિણી સાથે ગોસિપ

રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.

https://youtu.be/0omSsw28yzw

આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

મુંબઈ સમાચાર
લાડકી

# લોકોની આંખોમાં મને આકર્ષણ ને વાસના દેખાવા લાગ્યાં!

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

નામઃ કિમી કાટકર
સમયઃ ૨૦૨૬
સ્થળઃ ગોવા
ઉંમરઃ ૬૧ વર્ષ
(ભાગઃ ૨)

આજે હું એક ઇતિહાસ બની ગઈ છું... નવી પેઢીના કેટલાય છોકરાંઓ મને ઓળખતા પણ નથી, ને સાચું પૂછો તો મારે એવી કોઈ ઓળખની જરૂર પણ રહી નથી. એક દેખાવડી, ગ્લૅમરસ, બોલ્ડ અને સ્ટારડમ ધરાવતી અભિનેત્રી કિમી કાટકર કરતાં વિશ્વ વિખ્યાત અને ક્રિએટિવ ફોટોગ્રાફર શાંતનુ શિઓરેની પત્ની તરીકે ઓળખાવામાં મને ગૌરવ થાય છે! ફિલ્મી દુનિયા કોઈ સાધુસંતોની દુનિયા નથી એ વાત તો સૌ જાણે જ છે. મારી ઉંમરના પ્રમાણમાં હું ખૂબ મિલનસાર, નિખાલસ અને સરળ હતી. મારી આ સરળતાને કેટલાક લોકો ‘ચાલુ’ કે લફરાબાજ હોવાનું લેબલ લગાવતા. જોકે મારી માએ કોઈ દિવસ એમની વાતોને સિરિયસલી લીધી નથી. એ મને હંમેશાં શીખવાડતી કે ‘ચર્ચા પ્રસિદ્ધ વ્યક્તિની જ થાય-રસ્તે ચાલતા નવરા અને નકામા માણસોની ચર્ચા કોઈ કરતું નથી!’ મારા દરેક શુટમાં, સ્ટોરી સેશન કે ફોટો સેશનમાં મારી મમ્મી સતત હાજર રહેતી. મારાં કપડાં, મેકઅપ અને ભોજન, પાણી, કૉફી વગેરેનો ખ્યાલ એ એવી રીતે રાખતી જાણે મારી મા નહીં, મૅનેજર હોય! મને ઘણી વખત સહેજ સંકોચ થતો, હું એને કહેતી, ‘તું શું કામ બધે સાથે આવે છે? હું હવે મોટી થઈ ગઈ છું. મારું ધ્યાન રાખી શકું છું.’ એ હસતી અને કહેતી, ‘તું કેટલું ધ્યાન રાખી શકે છે એ તો હું ન હોઉં તો જ સમજાય! આ પશુઓની દુનિયા છે. અહીં તારા જેવી કૂણી અને સુંદર હરણીઓને ફાડી ખાતા પાંચ મિનિટ પણ નહીં લાગે!’ એક રીતે જોવા જાઓ તો એ સાચી હતી, કારણ કે લોકોની આંખોમાં મને એ આકર્ષણ અને વાસના વંચાવા લાગ્યાં હતાં.

હું ઊંચી અને પાતળી હતી. મારા ફીચર્સ એકદમ શાર્પ હતા અને સંઘર્ષમાં જીવન વિતાવ્યું હોવાને કારણે મારી ઉંમરની અન્ય છોકરીઓ કરતાં મારો આત્મવિશ્વાસ ઘણો વધારે હતો. પહેલાં ફોટોશુટ પછી એ જ કૉસ્ચ્યુમ ડિઝાઇનરે મને એમના ફૅશન શોમાં રેમ્પવૉક કરવાનું આમંત્રણ આપ્યું. મારું મૂળ નામ નયનતારા કાટકર હતું, જે મારા પિતા કાટકર વકીલે અડપ્ટેશનના સમયે આપ્યું હતું. એ સમયના હિરોઈનનાં નામો પ્રમાણે મારું નામ જુનવાણી અને અઘરું લાગ્યું એટલે મારી માએ મારું નામ કિમી કરી નાખ્યું. એ પછી મારી કારકિર્દી દરમિયાન મારું નામ ‘કિમી’ જ રહ્યું. નયનતારામાંથી કિમી બન્યા પછી મારે માટે આ પહેલો દરવાજો ખૂલ્યો હતો. એ પહેલા રેમ્પવૉક પછી મને અનેક ફૅશન શોમાંથી ઑફર આવવા લાગી. મુંબઈ, દિલ્હી, બેંગ્લોર, ચેન્નઈ, હૈદરાબાદ સહિત ભારતનાં નાનાંમોટાં શહેરોમાં અને વિદેશમાં પણ હું ફૅશન શો માટે પ્રવાસ કરવા લાગી. મમ્મી સતત સાથે રહેતી. કોઈ પણ પ્રોજેક્ટની ડીલ મમ્મી જ કરતી. મારા પૈસા એ જ સંભાળતી અને ઇન્વેસ્ટ કરતી... પરંતુ હું એટલું સમજી શકતી હતી કે મેં કામ કરવાનું શરૂ કર્યું ત્યારથી અમારી આર્થિક હાલત ઘણી સારી, બલ્કે સુરક્ષિત થવા લાગી હતી. હવે મારે નાની મોટી જરૂરિયાત માટે સમાધાન કરવા પડતાં નહીં બલ્કે, નવાં સારાં કપડાં, મેકઅપની વસ્તુઓ અને જીવન જરૂરિયાતની બધી જ વસ્તુઓ મને વધુ સરળતાથી અને સહેલાઈથી મળવા લાગી. હું હજી પુખ્તવયની નહોતી, પરંતુ ૧૭ વર્ષની ઉંમરે જ મને એટલું સમજાઈ ગયું કે જો હું કામ કરતી રહીશ તો અમે આટલી જ સારી રીતે જીવી શકીશું!



કિમી કાટકર

મેં આગળ કહ્યું એમ, મારે માટે મોડલિંગ કે અભિનય-કોઈ ગ્લૅમરની દુનિયામાં પ્રવેશ મેળવવાની તરસનું પરિણામ નહોતું. મારે તો ‘કમાવું’ હતું, મમ્મી અને હું લેણદારોને જવાબ આપતાં આપતાં થાકી ગયાં હતાં, ત્યાં જ સૌના પૈસા ધીમે ધીમે ચૂકતે થવા લાગ્યા. લોકો મને ઓળખવા લાગ્યા. જાહેરાતોમાં અને નાનીમોટી ઍડ ફિલ્મોમાં અભિનય કરવાને કારણે મને ઓળખ અને આર્થિક સહાય બંનેનો ફાયદો થયો. હવે ક્યાંક રેસ્ટોરાંમાં, ઍરપોર્ટ પર કે જાહેર સ્થળોએ લોકો પૂછતા, ‘તમે કિમી કાટકર છોને?’ મને ગૌરવ સાથે આનંદની લાગણી થતી. મજાની વાત એ હતી કે મારી આ ઓળખ અને સફળતાથી મારા કરતાં ઘણો વધારે આનંદ મારી માને થતો. એની મહેનત, સંઘર્ષ અને એણે જોયેલા સ્વપ્નનું પરિણામ એને મારી સફળતારૂપે મળી રહ્યું હતું.

જોકે એનું મૂળ સ્વપ્ન બોલિવુડમાં પોતાની ઓળખ ઊભી કરવાનું અને સ્ટાર બનવાનું હતું. એ પોતે તો સ્ટાર બની શકી નહીં, પરંતુ મને અભિનેત્રી અને સ્ટાર બનાવવા માટે એનો સંઘર્ષ હજુએ એટલો જ તીવ્રતાથી ચાલી રહ્યો હતો. એવામાં સુરેન્દ્ર મોહન નામના નિર્માતા-દિગ્દર્શકની ઑફિસથી ઑડિશન માટે ફોન આવ્યો. અમે એમની ઑફિસે જઈને ઑડિશન આપ્યું. મને મારી પહેલી ફિલ્મમાં રોલ મળ્યો. ફિલ્મ ‘પત્થર દિલ’ રાકેશ રોશન અને પદ્મિની કોલ્હાપુરે અભિનીત ફિલ્મ હતી. એ ફિલ્મમાં મારો રોલ ખૂબ નાનો હતો, પરંતુ પહેલીવાર સિલ્વર સ્ક્રીન પર મારો પ્રવેશ થયો. આ ફિલ્મ ૧૯૮૦ના દાયકાની ટિપિકલ બોલિવૂડ મસાલા ફિલ્મ હતી, જેમાં ઍક્શન, ડ્રામા, રોમાન્સ અને પારિવારિક મૂલ્યોનો સમન્વય હતો. વાર્તા બે મિત્રો, દુશ્મનાવટ અને પરિવારના સંબંધોની આસપાસ ફરતી હતી. એ ફિલ્મમાં મને બબ્બર સુભાષ (બી. સુભાષના નામે જાણીતા હતા) નામના દિગ્દર્શકે જોઈ. એમણે એ જ સમયે ‘ઍડ્વેન્ચર્સ ઑફ ટારઝન’ નામની ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું. એ ફિલ્મમાં મને હીરોઈનનો રોલ મળ્યો. મને રોલ મળવાનું એક કારણ એ પણ હતું કે ફિલ્મના કૉસ્ચ્યુમ માત્ર પાતળી અને ઊંચી મોડલને જ શોભે એમ હતા, પરંતુ મોટાભાગની સારી મોડલ્સ જંગલમાં અને કઠિન લોકેશન પર જવા તૈયાર નહોતી. મેં તરત જ તૈયારી બતાવી. એટલું જ નહીં, ત્રણ મહિના સુધી મારી ટ્રેનિંગ કરવામાં આવી જેમાં શરીરની કસરત, દોરડા પર ચાલવું અને ચડવું, ઝાડ પર ચઢવા જેવી અનેક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી. મારે હેમંત બિરજે સાથે જંગલમાં ફસાયેલી શહેરની અમીર બાપની દીકરીનો રોલ કરવાનો હતો. ફિલ્મની વાર્તા જંગલના રક્ષક ટારઝન અને શહેરથી આવેલા લોકોની આસપાસની કથા હતી. રૂબી (કિમી કાટકર) તેના પિતા સાથે જંગલમાં એક રહસ્યમય કબીલાની શોધમાં આવે છે, જ્યાં જંગલી જાનવરો વચ્ચે તેનો સામનો ટારઝન સાથે થાય છે. ટારઝન તેને જંગલનાં જોખમોથી બચાવે છે અને બંને વચ્ચે પ્રેમ થાય છે. બીજી તરફ, એપોલો સર્કસનો લાલચુ માલિક ટારઝનને પકડીને સર્કસમાં લાવવા માટે ડી.કે. (દલીપ તાહીલ) નામના એક ક્રૂર શિકારીને મોકલે છે. ટારઝનને પકડીને શહેરમાં લાવવામાં આવે છે અને પછી ટારઝન કેવી રીતે ત્યાંથી મુક્ત થાય છે તે આખી ફિલ્મની રોમાંચક વાર્તા હતી... એ ફિલ્મનાં ગીતો સુપરહિટ થયાં, સંગીત બપ્પી લહેરીનું હતું. ડિરેક્ટર બબ્બર સુભાષ ટારઝનના રોલ માટે કોઈ નવા ચહેરાને શોધતા હતા. હેમંત બિરજે પહેલાં એક સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરતા હતા, તેમની શાનદાર બૉડી જોઈને તેમને આ રોલ મળ્યો અને ૩ મહિનાની ટ્રેનિંગ બાદ શૂટિંગ શરૂ થયું. ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ જંગલોમાં થયું હતું. શૂટિંગ દરમિયાન ઘણી મુશ્કેલીઓ આવી. ભારે ગરમી, જીવજંતુઓ અને કાદવ વચ્ચે લાંબા કલાકો સુધી કામ કરવું પડતું. તે સમય માટે અત્યંત બોલ્ડ ગણાતાં કપડાં પહેરવાને કારણે ફિલ્મ રિલીઝ થયા પછી ભારે વિવાદ થયો. ફિલ્મ ભલે સમીક્ષકોને ખાસ ગમી ન હોય, પરંતુ મારી લોકપ્રિયતા આકાશે પહોંચી ગઈ અને મને ‘ટારઝન ગર્લ’ તરીકે ઓળખ મળી.

(ક્રમશઃ)■

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

ટપાલ ટિકિટમાં અનોખી નારી

# રાજમાતામાંથી લોકમાતાઃ અહલ્યાબાઈ હોલકર

નામઃ અહલ્યાબાઈ હોલકર
ઓળખ : શાસક લોકમાતા
ટપાલ ટિકિટ બહાર પાડ્યાની તારીખ : ૪.૫.૧૯૭૫
ટિકિટનું મૂલ્ય : ૨૫ પૈસા

*ધર્માર્થ ગોત્રજન્યા કિવા ઝાલીસ તૂં ધરા જન્યા ।*
*તુજ દેવી ભેટલી જી સત્કીર્તિ કધીંચ હે ન રાજન્યા ।*

મરાઠી ભાષાના શિરમોર કવિ મોરોપંતે રચેલી આ કાવ્યપંક્તિનો અર્થ છેઃ હે દેવી, તમે ધર્મકાર્ય કરવા માટે જન્મ્યા છો. તમે સંભવતઃ પાર્વતી કે સીતાનો અવતાર છો. તમારા જેટલી કીર્તિ કોઈ પણ રાજાને પ્રાપ્ત થઇ નથી!

આ પ્રશસ્તિ પંક્તિમાં સીતા કે પાર્વતી તરીકે જેનો ઉલ્લેખ કરાયો છે એ દેવી એટલે અહલ્યાબાઈ હોલકર. ઇન્દોરની મહારાણી. ચન્દ્રાવત રાજપૂતોના વિદ્રોહનું અસરકારક રીતે દમન કરનાર રાજરાણી. પોતાનું રાજ્ય હડપવાના મનોરથ સેવનાર રાઘોબા પેશ્વાને ચોપાટની ચાલમાં પ્યાદું ચલાવ્યા વિના જ મ્હાત દેનાર કુશળ શાસક. રાજનીતિ, કૂટનીતિ અને રણનીતિમાં માહિર... અહલ્યાબાઈ હોલકર! ભારત સરકારે અહલ્યાબાઈની સ્મૃતિમાં ૪ સપ્ટેમ્બર ૧૯૭૫ના ૨૫ પૈસાની ટપાલ ટિકિટ જારી કરી હતી.

રાજ્ય ચલાવવું એ કાંઈ ખાવાના ખેલ નથી. રેતમાં હોડી હંકારવી જેટલું અઘરું છે, એવું જ રાજપાટનું છે, પણ અહલ્યાબાઈ હોલકરે રણમાં પણ સડસડાટ વહાણ હંકાર્યું. એ કાંઈ રાજકુળમાં જન્મેલી રાજકુંવરી નહોતી. એ તો ચીંથરે વીંટ્યું રતન હતી. મહારાષ્ટ્રમાં અહમદનગર પાસે સીના નદીને કિનારે આવેલા ચૌંડી ગામમાં રહેતા ધનગર સમાજનાં માણકોજી અને સુશીલા શીંદેને ઘેર ૩૧ મે ૧૭૨૫ના રોજ પધારેલી લક્ષ્મીજી એટલે અહલ્યા. કોઈ શાળાકીય શિક્ષણ મળ્યું નહોતું. પણ માણકોજીએ દીકરીને ઘરે જ લખતાંવાંચતાં શીખવેલું. અહલ્યા નિયમિત રીતે મંદિરે જતી. પૂજાપાઠ અને ભક્તિમાં વિશેષ રુચિ લેતી.




એક દિવસ રોજની જેમ અહલ્યા ચૌંડીમાં આવેલા પ્રાચીન શિવમંદિરે ગઈ ભગવાનને પુષ્પ ચડાવીને, પૂજા કરીને, અહલ્યા ચાલી ગઈ, પણ ત્યાં ઉપસ્થિત પેશ્વાના સેનાપતિ રહેલા એવા ઇન્દોરના મહારાજા મલ્હારરાવ હોલકરની આંખમાં વસી ગઈ. સાધારણ કુળની આ બાળામાં કાંઈક અસામાન્ય જણાયું. પોતાના પુત્ર ખંડેરાવ સાથે એના વિવાહ કરવાનો સંકલ્પ કર્યો. વાજતેગાજતે ખંડેરાવ અને અહલ્યાનાં લગ્ન થયાં.

કહેવાય છે કે વહુનાં લક્ષણ બારણામાં... નવ વર્ષની અહલ્યાએ વહુ બનીને સાસરે પગ મૂક્યો ત્યારથી જ હોલકરોના વૈભવમાં અને રાજ્યવિસ્તરણમાં ઉત્તરોત્તર પ્રગતિ થવા લાગી. મલ્હારરાવે અહલ્યાને રાજકાજમાં પળોટવાનું શરૂ કર્યું. કોઈ કુશળ શિલ્પકાર હથોડી અને છીણીથી ટાંકણા મારીને ખરબચડા પથ્થરમાંથી અદ્ભુત મૂર્તિ ઘડે એમ મલ્હારરાવે અહલ્યાને રંકમાંથી રાણી બનાવી. જોતજોતામાં ઘોડેસવારી અને તલવારબાજીમાં એ નિપુણ થઈ ગઈ. સમયાંતરે મલ્હારરાવ દેશની સ્થિતિ, રાજનીતિના સૂત્ર અને દાવપેચ, યુદ્ધ અને રણભૂમિ સંબંધી સઘળી જાણકારી, રાજ્યશાસનની બાબતો સહિતની તમામ મહત્ત્વની વિગતોથી અહલ્યાબાઈને વાકેફ કરતો. કઈ સ્થિતિમાં શું કરવું એનું પણ માર્ગદર્શન કરતો. મલ્હારરાવે કાંટાળા રાજ્યનો પહાડ જેવો ભાર અહલ્યા પર ખડક્યો, પણ અહલ્યાબાઈએ એ બોજ એવી રીતે ઝીલી લીધો જાણે એની પીઠ પર સુંવાળું પીંછું મુકાયું હોય!

કેટલાંક વર્ષોમાં જ એવી સ્થિતિનું નિર્માણ થયું કે મલ્હારરાવની અનુપસ્થિતિમાં અહલ્યા રાજ્યનું સંચાલન સારી પેઠે કરવા લાગી. મહત્ત્વની રાજકીય આજ્ઞાઓ અહલ્યાબાઈના નામે જ ઘોષિત થવા લાગી. અહલ્યાબાઈ કરવેરા વસૂલતી, શાસન સંભાળતી, ન્યાય તોળતી તથા જરૂરી ધન, સેના, દારૂગોળો, ખાદ્યસામગ્રી, ટૉપ, બળદ અને તેના ચારા સહિત તમામ ચીજોની વ્યવસ્થા કરતી. મલ્હારરાવ સાથે રણમેદાનમાં ઝુકાવતી. અહલ્યાબાઈ વિલક્ષણ તો હતી જ, વિચક્ષણ પણ બની ગઈ.

કહે છે ને એકસરખા સુખના દહાડા કોઈના જાતા નથી. દુઃખ પછી સુખ ને સુખ પછી દુઃખ આવે જ છે. અહલ્યાબાઈના જીવનમાં પણ દુઃખની ઘડી આવી. કુંભેરના યુદ્ધમાં પતિ ખંડેરાવનું ૧૭૫૪માં મૃત્યુ થયું. અહલ્યાબાઈએ સતી થવાનો સંકલ્પ કર્યો, પણ સસરાએ એને રોકી. અહલ્યાબાઈએ રાજ્યની ધુરા સંભાળી, પણ ૧૭૬૬માં પિતાતુલ્ય સસરા મલ્હારરાવનું છત્ર પણ માથા પરથી ઊઠી ગયું. ત્યાર પછી થોડા જ સમયમાં આધારસમા પુત્ર માલેરાવનું નિધન થયું. અહલ્યાબાઈને માથે આભ તૂટી પડ્યું, પણ ત્રણ ત્રણ મૃત્યુનો આઘાત જીરવી જઈને અહલ્યાબાઈએ રાજ્યની કમાન સંભાળી લીધી.

હવે અહલ્યાબાઈ જ રાજ્યનું છત્ર બની, પણ એનું રાજ્ય હડપવા કેટલાંક સ્વાર્થી અને પ્રપંચી તત્ત્વોએ કાવતરા શરૂ કર્યા. તેમના પક્ષના કોઈ બાળકને દત્તક લઈને અહલ્યાબાઈ તેમને રાજ્ય સોંપી દે એવી યોજના તેમણે ઘડી. દત્તકવાળું ષડ્યંત્ર રચનાર હતા રાઘોબા પેશ્વા અને હોલકર રાજ્યનો એક સમયનો અધિકારી ગંગાધર યશવંત ચંદ્રચૂડ. રાઘોબાએ વિચાર્યું કે અહલ્યાબાઈનું રાજ્ય પચાવી પાડવાનો આ ઉત્તમ મોકો છે. એ જ સમયે મળેલા ચંદ્રચૂડના પત્રમાં પણ રાઘોબાના મનની વાત જ પડઘાઈ. બન્નેએ અહલ્યાબાઈને આ સુવર્ણ અવસરનો લાભ લેવાનું વિચાર્યું.

ઘરનો ભેદી લંકા ઢાળે... ચંદ્રચૂડ હોલકર રાજ્યને ઢાળવા તૈયાર થઈ ગયો. રાઘોબાને હોલકર સામ્રાજ્ય હાથવેંત લાગ્યું. વિશાળ સેના સાથે પુણેથી ઇન્દોર ભણી રવાના થઈ ગયો. અહલ્યાબાઈએ તૈયારીઓ શરૂ કરી દીધી. રાજ્યરક્ષણ માટેની વ્યૂહરચના આરંભી દીધી. પોતાની દેખરેખ હેઠળ એક સ્ત્રીસૈન્ય તૈયાર કર્યું. તેમને પોતે જ અસ્ત્રશસ્ત્ર અને યુદ્ધવિદ્યાની તાલીમ આપી. સેના માટે ખાદ્યસામગ્રી અને શસ્ત્ર પુરવઠો પયાપ્ત માત્રામાં એકઠાં કર્યાં. અન્ય રાજ્યોને સહયોગ કરવા માટેના સંદેશ સાથે સાંઢણી સવારોને રવાના કરી દીધા. માધવરાવ પેશવા, મહાદજી શીંદે, ભોંસલે અને ગાયકવાડે સહાય કરવાની ખાતરી આપી. દરમિયાન ઘમંડમાં ચૂર રાઘોબા પચાસ હજાર સૈનિકો સાથે ઉજ્જૈન સુધી આવી પહોંચ્યો. સાથે દગાબાજ ચંદ્રચૂડ પણ ખરો.

એ જ સમયે રાઘોબાને અહલ્યાબાઈનો પત્ર મળ્યો. ચતુરાઈ, નીતિનિપુણતા અને રાજકીય દીર્ઘદષ્ટિના ઉત્તમ નમૂનારૂપ આ પત્રમાં અહલ્યાબાઈએ લખેલું કે ‘તમે સેના સાથે મારું રાજ્ય છીનવવા આવ્યા છો, પણ તમારી આ ઇચ્છા ક્યારેય પૂરી નહીં થાય. તમે મને અબળા સમજો છો, પણ હું કેવી નિર્બળ છું એની જાણ તમને રણભૂમિમાં થશે. જલદી જ રણમેદાનમાં આપણી મુલાકાત થશે. મારા નેતૃત્વમાં મારું સ્ત્રીસૈન્ય તમારો સામનો કરશે. હું પરાજિત થઈશ તો કોઈ મારી હાંસી નહીં ઉડાવે, પણ તમે હારી જશો તો કોઈને મોઢું દેખાડવાને લાયક નહીં રહો. ઉપરથી એક અબળા પર આક્રમણ કરવાથી તમારા નામ પર જે કલંક લાગશે એ ક્યારેય નહીં ભૂંસાય. આ તમામ બાબતોનો વિચાર કરીને યુદ્ધનો વિચાર માંડી વાળો એ જ તમારા હિતમાં છે!’

રાઘોબા પત્ર વાંચીને ઠંડોગાર થઈ ગયો. ડાળ પર પાકેલાં લચીલાં ફળની પેઠે ઇન્દોર ટપ દઈને પોતાના ખોળામાં આવી પડશે એવું માનવાની મૂર્ખતા એણે કરેલી. પણ દ્રાક્ષ તો ખાટી નીકળી. બાજી પોતાના હાથમાંથી સરી ગયેલી જોઈને એણે ફેરવી તોળ્યુંઃ ‘હું કાંઈ લડવા આવ્યો નથી. હું તો તમારા એકના એક પુત્ર માલેરાવના દુઃખદ અવસાનના સમાચાર સાંભળીને દિલગીરી વ્યક્ત કરવા આવ્યો છું.’

રાઘોબા પાલખીમાં આવ્યો. અહલ્યાબાઈએ તેની સરભરામાં કોઈ મણા ન રાખી. ગંગાધર ચંદ્રચૂડ તો શરમાઈને તીર્થયાત્રાને બહાને પૂણે જવા રવાના થઈ ગયો. દત્તક પ્રકરણનો તો વીંટો જ વળી ગયો. આ રીતે શતરંજની બાજીમાં એક પણ ચાલ ચાલ્યા વિના રાઘોબાની ચાલ ઊંધી વાળી દેનાર અહલ્યાબાઈનો કીર્તિધ્વજ ઊંચે ને ઊંચે લહેરાવા લાગ્યો. પ્રજાહિતમાં કામ કરતાં કરતાં ૧૩ ઑગસ્ટ, ૧૭૯૫ના રોજ રાણી મૃત્યુ પામી, પણ મરીને લોકહૃદયમાં અમર થઈ ગઈ! ■

# સ્વાર્થ - સંગત ને સચ્ચાઈ

ઉડાન
મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com




**નિશાના** જીવનમાં એકલતાની શરૂઆત એ દિવસથી થઈ હતી જ્યારે એને શહેરની સૌથી પ્રતિષ્ઠિત શાળામાં દાખલ કરવામાં આવી : ‘સેન્ટ એલિસિયા હાઈસ્કૂલ.’ આ શાળા સામાન્ય પરિવારોનાં બાળકો માટે નહોતી. ત્યાં શહેરના મોટા વેપારીઓ, ઉદ્યોગપતિઓ, ડૉક્ટર્સ અને અધિકારીઓનાં બાળકો ભણતાં. વિશાળ વર્ગખંડો, કમ્પ્યુટર લૅબ, ટેનિસ કોર્ટ, સંગીતખંડ, ડિબેટ ક્લબ અને ફિલ્મ સોસાયટી ઇત્યાદિ-ઇત્યાદિ. નિશા માટે એ બધું કોઈ બીજી જ દુનિયા જેવું હતું. નિશાના પપ્પા એ જ શાળાની બસ ચલાવતા હતા. શાળાના નિયમ મુજબ દરેક કર્મચારીના એક બાળકને મફતમાં ભણવાની તક આપવામાં આવતી. નિશાના પપ્પાએ એ તક એટલા માટે સ્વીકારી હતી કે દીકરી બુદ્ધિશાળી છે તો એને યોગ્ય શિક્ષણ મળે તો સારું.

જોકે નિશાને થોડા જ સમયમાં સમજાઈ ગયું કે એ અહીં મિસફિટ હતી. એની પાસે મોટું ઘર નહોતું. મોંઘાં કપડાં નહોતાં. એમના જેવી બોલચાલ નહોતી. એવું સરનામું નહોતું જે સાંભળીને કોઈ પ્રભાવિત થઈ જાય. અને સૌથી મોટી વાત કે એ એમની દુનિયાની નહોતી. જ્યારે નિશાનો જન્મદિવસ આવતો ત્યારે એ કોઈને કહેતી નહીં. બીજાં બાળકો ચૉકલેટ વહેંચતાં અને પાર્ટીઓ આપતાં. નિશા દૂર ઊભી રહીને જોતી રહેતી.

શરૂઆતમાં એને પણ જન્મદિવસની પાર્ટીઓમાં બોલાવવામાં આવતી, પરંતુ શું પહેરવું, શું ભેટ આપવી. આ બધું વિચારતાં જ એ ગભરાઈ જતી. ધીમે ધીમે એ આમંત્રણો નકારવા લાગી. પછી આમંત્રણો આવવાનાં બંધ થઈ ગયાં. નિશા એક પછી એક ધોરણ પસાર કરતી ગઈ. ભણવામાં એ સામાન્ય હતી. કોઈ ખાસ સિદ્ધિ નહોતી. મિત્રો નહોતા, પણ અંદરથી એ મિત્ર માટે ખૂબ તરસતી.

અને વર્ષો પછી એ દિવસ આવ્યો જ્યારે તરસને પરબ મળી. ક્લાસ ટીચરે નિશાને મીરાંની બાજુમાં બેસાડી. મીરાંનો સ્વભાવ નિશાથી તદ્દન અલગ. આત્મવિશ્વાસી, હસમુખી અને લોકપ્રિય. એક દિવસ મીરાં પોતાનું હિન્દીનું પુસ્તક ઘરે ભૂલી ગઈ. પાઠ શરૂ થયો ત્યારે એણે નિશા તરફ જોઈને કહ્યું, ’હું તારી બુકમાંથી વાંચી શકું?’ નિશા હા-ના કરે એ પહેલાં જ એણે એ બુક પોતાની તરફ ખેંચી લીધી. બીજા દિવસે મીરાંએ પોતાના ટિફિનમાંથી સૅન્ડવિચ નિશા સામે ધરી. ‘લે, ખાઈ લે. પછી હું તારો પરાઠાનો એક ટુકડો લઈશ તો મને ખરાબ નહીં લાગે.’ નિશા આશ્ચર્યથી એને જોતી રહી.

‘મારી મમ્મી બનાવે છે,’ નિશાએ ધીમેથી કહ્યું.

‘તો તું બહુ નસીબદાર છે!’ મીરાંએ હસીને કહ્યું. એ દિવસથી બંને વચ્ચે નાસ્તાની આપ-લે શરૂ થઈ. નિશાની મમ્મી દરરોજ બે પરાઠા વધારે આપવા લાગી, મીરાં એ સ્વાદનાં એવાં વખાણ કરતી કે ધીમે ધીમે બીજા લોકો પણ એની પાસે આવીને બેસવા લાગ્યા. પહેલી વાર નિશાને લાગ્યું કે કદાચ એ પણ આ દુનિયાનો એક ભાગ બની શકે છે.

મીરાના જન્મદિવસે એણે નિશાને પોતાના ફાર્મહાઉસ પર બોલાવી. નિશાએ શરૂઆતમાં ના પાડવાનો પ્રયત્ન કર્યો, પરંતુ મીરાંએ એની એક પણ વાત સાંભળી નહીં. એ દિવસે નિશાએ પહેલી વાર મીરાંની દુનિયાને નજીકથી જોઈ. વિશાળ સ્વિમિંગ પૂલ, લીલું મેદાન, સુંદર બગીચો, નોકરોની અવરજવર અને ચાંદીની થાળીઓમાં પીરસાતું અસંખ્ય ખાવાનું. મીરાંને એનું રતીભાર અભિમાન નહીં. સમય જતાં બન્ને ખૂબ નજીક આવી ગયાં.

મીરાં ભણવામાં તેજ હતી એના કરતાં વધુ ચાલાક હતી. સ્માર્ટ અને મીઠડી હતી. પોતાનું કામ કઢાવતાં એને સારી પેઠે આવડતું. એના લીધે અવનવી સ્પર્ધાઓમાં ભાગ લેવાની તક એને મળી જતી. અને પછી કોઈપણ ભોગે મીરાં વિજેતા બનવામાં સફળ રહેતી. નિશાને આમ એનું લોકોને છેતરી પોતાનો સ્વાર્થ સાધવાનું ગમતું નહીં, પરંતુ મિત્ર નામે એક મીરાં જ તો હતી જેણે એનો હાથ ઝાલ્યો હતો એટલે એ ચૂપ રહેતી. અને પછી એવી ઘટના બની જેમાં નિશા માટે ચૂપ રહેવું શક્ય નહોતું. એ હતી કેમિસ્ટ્રીની પરીક્ષા. પ્રશ્નપત્ર મુશ્કેલ હતું. નિશા પ્રશ્નો ઉકેલી રહી હતી ત્યારે એની નજર બાજુમાં બેઠેલી મીરાં પર પડી. મીરાંએ સ્માર્ટ વૉચ પહેરેલી જેમાંથી એ જવાબો લખતી હતી. નિશાના હાથ ઠંડા પડી ગયા. મીરાંએ પણ એની તરફ જોયું. એની આંખોમાં ભય નહોતો. એ જાણતી હતી કે નિશા એને કંઈ નહીં કહે. કદાચ આ ક્ષણ માટે જ તો એણે નિશા સાથે દોસ્તી વધારેલી. મીરાંએ એને મિત્રતા આપી હતી, જેથી જરૂર પડ્યે એની વફાદારી ખરીદી શકાય.

નિશા લાંબા સમય સુધી ચૂપ રહી. પછી એણે હાથ ઊંચો કર્યો. શિક્ષકે એની તરફ જોયું.

‘શું થયું? વધારે પેપર જોઈએ છે?’નિશાએ માથું હલાવ્યું. એનું ગળું સુકાવા લાગ્યું, પરંતુ પછી એના મોઢામાંથી માત્ર ત્રણ શબ્દો નીકળ્યા.

‘સર, મીરાં ચીટ કરે છે.’ વર્ગમાં સન્નાટો છવાઈ ગયો. થોડી જ વારમાં બધું પૂરું થઈ ગયું. મીરાંનાં માતા-પિતાને શાળામાં બોલાવવામાં આવ્યાં. એને સસ્પેન્ડ કરવામાં આવી.

બીજા દિવસે એ કૉરિડોર પાર કરીને સીડી તરફ જઈ રહી હતી ત્યારે કોઈ એની સામે આવીને ઊભું રહી ગયું. એને ઉપર જોવાની જરૂર જ નહોતી. એ જાણતી હતી કે મીરાં હતી. નિશા કંઈ બોલે એ પહેલાં મીરાંની મુઠ્ઠી નિશાના ચહેરા પર વાગી. નિશા જમીન પર પડી ગઈ. આસપાસ ઘણા વિદ્યાર્થીઓ ઊભા હતા. કોઈએ કંઈ કહ્યું નહીં. નિશા ધીમેથી ઊભી થઈ ગેટ તરફ ચાલવા લાગી. હવે ક્લાસમેટ્સ એને ‘મોલ’-‘દગાબાજ’ કહેવા લાગ્યા. એ પસાર થતી ત્યારે કોઈ ઉંદરના અવાજની નકલ કરતું. કોઈ એની સાથે ટિફિન વહેંચતું નહીં. કોઈ એની સાથે વાત કરતું નહીં. ફરી એક વાર નિશા એકલી થઈ ગઈ. દુઃખ હતું. ભય હતો. ગુસ્સો હતો. નફરત હતી અને એકલતા પણ ખૂબ હતી, પરંતુ હવે એ એકલતા પહેલાં જેવી ભયાનક નહોતી, કારણ કે આ વખતે નિશા જાણતી હતી કે એ એકલી હતી, પરંતુ ખોટી નહીં. એની પાસે કોઈ મિત્ર નહોતી, પરંતુ એની પાસે એની પોતાની જાત હતી. અને ક્યારેક માણસને ભીડમાં મળતી ખોટી સંગત કરતાં એકાંતમાં મળતી પોતાની સાથેની સચ્ચાઈ વધારે મજબૂત બનાવી દે છે એ આનું નામ. ■

સ્પોર્ટ્સવુમન
અજય મોતીવાલા
feedback.ladki@bombaysamachar.com

# દીકરીઓ હવે નથી બોજ... ચંદ્રકોની કરી આપે ખોજ

## તમિળનાડુની વિથ્યા રામરાજે પરિવાર પર પોતે ભાર હોવાની ટકોર કરનારાઓને એશિયન ગેમ્સના મેડલ જીતીને ચૂપ કરી દીધા છે



તીરંદાજ કુમકુમ મોહોડ જાપાનની એશિયન ગેમ્સમાં બે ગોલ્ડ સહિત કુલ ત્રણ ચંદ્રક જીતી.



પિતા અને માતા સાથે વિથ્યા અને તેની ટ્વિન સિસ્ટર નિથ્યા



જાપાનની એશિયન ગેમ્સમાં જીતેલા ત્રણ ચંદ્રક સાથે રનર વિથ્યા રામરાજ

તમિળનાડુના કોઇમ્બતુર શહેરમાં એક છોકરીના પિતા જેઓ કોરોનાકાળ સુધી ટ્રક ડ્રાઇવર હતા તેમને ત્યાં સપ્ટેમ્બર ૧૯૯૮માં ટ્વિન બાળકીઓનો જન્મ થયો અને એ સાથે તેમના પરિવારમાં ત્રણ-ત્રણ લક્ષ્મીજીની હાજરીથી ખુશીનું વાતાવરણ છવાયેલું હતું, પરંતુ આસપાસના કેટલાક લોકો સતત ટકોર કરતા હતા કે આ ટ્રક ડ્રાઇવર ત્રણ-ત્રણ છોકરીઓનું ભરણપોષણ કેવી રીતે કરશે? તેઓ મોટી થશે ત્યારે તેમને કેવી રીતે પરણાવશે? જોકે રામરાજ નામના આ ટ્રક ડ્રાઇવરે પત્ની મીના સાથે મળીને ત્યારથી હિંમતપૂર્વક સંઘર્ષની સફર શરૂ કરી અને ટોણા મારનારાઓની અત્યારે બોલતી બંધ થઈ ગઈ છે, કારણકે એ ત્રણમાંથી એક પુત્રીએ થોડા દિવસ પહેલાં જ જાપાનની એશિયન ગેમ્સમાં ભારતની રનિંગ-લેજન્ડ પી. ટી. ઉષાનો ૪૨ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો. એટલું જ નહીં, આ છોકરીએ એક ગોલ્ડ મેડલ સહિત કુલ ત્રણ ચંદ્રક જીતીને ભારતનું નામ રોશન કર્યું છે.

### જાપાનમાં કયા ત્રણ મેડલ જીતી?

પી. ટી. ઉષા, જેઓ હાલમાં ઇન્ડિયન ઑલિમ્પિક અસોસિએશન (આઇઓસી)ના ચૅરપર્સન છે અને તેમના કાર્યકાળ દરમ્યાન જ તમિળનાડુની ૨૮ વર્ષની વિથ્યા રામરાજે તેમનો ચાર દાયકા જૂનો વિક્રમ તોડ્યો છે. પી. ટી. ઉષાએ ૧૯૮૪ની લોસ ઍન્જલસ ઑલિમ્પિક્સમાં ૪૦૦ મીટરની વિઘ્ન દોડ ૫૫.૪૨ સેકન્ડમાં પૂરી કરી હતી. વિથ્યાએ તાજેતરમાં જાપાનની એશિયન ગેમ્સમાં ૪૦૦ મીટરની હર્ડલ્સ ૫૪.૭૫ સેકન્ડમાં પૂરી કરીને બ્રૉન્ઝ મેડલ જીતી લીધો હતો. તેણે પી. ટી. ઉષાનો વિક્રમ તોડી નાખ્યો હતો. બીજી રીતે કહીએ તો પિતા રામરાજને વર્ષો પહેલાં ટોણા મારનારાઓને વિથ્યાએ જાપાનની હરીફાઈમાં દોડવાનું શરૂ કર્યા બાદ ૫૪.૭૫ સેકન્ડમાં ચૂપ કરી દીધા. ભારતે ૨૧ ગોલ્ડ સહિત કુલ ૮૫ ચંદ્રક સાથે ચોથું સ્થાન મેળવ્યું એમાં વિથ્યાની મહત્ત્વની ભૂમિકા છે.

વિથ્યાએ જાપાનમાં મેડલની હેટ-ટ્રિક કરી હતી. તેણે ૪X૪૦૦ મીટર રિલે ટીમ દોડમાં પ્રાચી ચૌધરી, કિરણ પહલ અને મચેટ્ટીરા પુવમ્મા સાથે મળીને ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. વિથ્યાએ ૪X૪૦૦ મીટર રિલેમાં મનુ ટી. એસ., મચેટ્ટીરા પુવમ્મા, વિશાલ ટી. કે. સાથે મળીને સિલ્વર મેડલ પણ હાંસલ કર્યો હતો. તેણે જાપાનમાં સિદ્ધિઓ મેળવ્યા પછી પત્રકારોને કહ્યું, 'એક સમય હતો જ્યારે મારા પપ્પા મને અને મારી ટ્વિન સિસ્ટરને ઍથ્લેટિક્સમાં તાલીમ અપાવવા માટે પોતાની કમાણીના બધા પૈસા ખર્ચી નાખતા હતા. તેઓ ટ્રક ચલાવતા હતા અને કોઈક દિવસ જમ્યા ન હોય એવું પણ બન્યું હતું. જોકે હવે એ સંઘર્ષના દિવસો ભૂતકાળ બની ગયા છે.'

### ટ્વિન સિસ્ટર નિથ્યા પણ રનર

વિથ્યા રામરાજની ટ્વિન સિસ્ટર નિથ્યા પણ રનર છે. તે કેટલીક ટૂર્નામેન્ટ જીતી ચૂકી છે. ઈજાને લીધે નિથ્યા જાપાનની એશિયન ગેમ્સમાં ભાગ નહોતી લઈ શકી.

### માતાને કારણે રનિંગની કારકિર્દી શરૂ કરી

વિથ્યા-નિથ્યાની મોટી બહેન પરણેલી છે. વિથ્યા અને નિથ્યા સ્કૂલના દિવસોમાં માત્ર ફીલ્ડ હૉકી જ રમતી હતી. જોકે દોડવામાં તેઓ ખૂબ જ ચપળ હતી એટલે હોસ્ટેલના પીટી ટીચરે તેમની મમ્મીને સલાહ આપી હતી કે તમારી આ ટ્વિન દીકરીઓને ઍથ્લેટિક્સમાં કારકિર્દી બનાવવા સમજાવો. પરિવારની સ્થિતિ સારી નહોતી એટલે મીના રામરાજે નક્કી કર્યું કે બંને પુત્રીઓને કોઈ પણ ભોગે ઍથ્લેટિક્સમાં તાલીમ અપાવવી જ છે. તેમણે પતિ રામરાજ સાથે મળીને થોડા-થોડા પૈસા ભેગા કરીને વિથ્યા અને નિથ્યાને રનિંગની તાલીમ અપાવી હતી. બંને પુત્રીઓ નાનપણથી ખૂબ ટૅલન્ટેડ હતી એટલે તેમણે માતા-પિતાની મહેનત એળે ન જવા દીધી અને ગ્રૅજ્યુએટ થવા ઉપરાંત રનિંગની રમતમાં ખૂબ આગળ વધી હતી. થોડા વર્ષ પહેલાં તેમણે એક મોટી ટૂર્નામેન્ટ જીતીને તેમનાં મમ્મીને ઘરેણાં અપાવ્યાં હતાં.

### વિથ્યા રેલવેમાં ટિકિટ કલેક્ટર અને નિથ્યા કરવેરા વિભાગમાં

જેમ મહેન્દ્રસિંહ ધોની ક્રિકેટર બનતાં પહેલાં રેલવે વિભાગમાં ટિકિટ કલેક્ટર તરીકેની નોકરી કરતો હતો એમ વિથ્યાએ પણ દોડની હરીફાઈઓમાં ટ્રોફીઓ જીતતાં પહેલાં રેલવેમાં નોકરી શરૂ કરી હતી. વિથ્યા હજી પણ દક્ષિણ રેલવેના પલક્કડ વિભાગમાં સિનિયર કમર્શિયલ કમ ટિકિટ કલેક્ટરની નોકરી કરે છે. તેની ટ્વિન સિસ્ટર નિથ્યા ઇન્કમટૅક્સ ડિપાર્ટમેન્ટમાં જૉબ કરે છે.

### રાજ્ય સરકારનું એક કરોડનું ઇનામ, નવો ફ્લૅટ ખરીદશે

તમિળનાડુ સરકારે ચંદ્રકો જીતવા બદલ વિથ્યા રામરાજને કુલ એક કરોડ રૂપિયાનું ઇનામ આપ્યું છે. વિથ્યાએ અગાઉની ઇનામી રકમ ફિક્સ્ડ ડિપોઝિટમાં રોકી હતી અને હવે પરિવાર માટે નવો ફ્લૅટ ખરીદશે.

### કુમકુમના પિતા મીઠાઈના બૉક્સ બનાવે છે, હવે શુભેચ્છકોમાં મીઠાઈ વહેંચી

જાપાનની એશિયન ગેમ્સ પૂરી થઈ એના બે દિવસ પહેલાં મહિલાઓની વ્યક્તિગત રિકર્વ સ્પર્ધામાં ભારતને પહેલી જ વખત મેડલ (...અને એ પણ ગોલ્ડ મેડલ) અપાવનાર તથા ૨૦૨૮ની લોસ ઍન્જલસ ઑલિમ્પિક્સમાં સ્થાન મેળવનાર મહારાષ્ટ્રની તીરંદાજ કુમકુમ મોહોડના પિતા અનિલ મોહોડ ઘણાં વર્ષોથી મીઠાઈ માટેના બૉક્સ વેચવાનો બિઝનેસ કરે છે. અમરાવતીમાં બારમા ધોરણમાં ભણતી ૧૭ વર્ષની તેમની દીકરી કુમકુમે જાપાનમાં ટીમ ગોલ્ડ મેડલ તેમ જ મિક્સ્ડ ટીમનો સિલ્વર મેડલ પણ જીતી લીધો હતો. કુમકુમે તાજેતરમાં જ ચીનના વર્લ્ડ કપમાં બે ગોલ્ડ મેડલ જીતી લીધા હતા. કુમકુમના પિતાએ પુત્રીની આ સિદ્ધિથી ભાવુક થઈને મીઠાઈથી ભરેલાં અનેક બૉક્સ ખરીદીને સગા સંબંધીઓ, પાડોશીઓ તેમ જ મિત્રોમાં વહેંચ્યાં હતાં.

### ઇ-બાઇકમાંથી હવે કારની માલિક

૧૭ વર્ષની કુમકુમના પિતા અનિલ મોહોડે એક મુલાકાતમાં કહ્યું છે કે 'મારી દીકરી કુમકુમ હજી બહુ નાની છે. તેને તીરંદાજીની પ્રૅક્ટિસ માટેના કેન્દ્ર સુધી મૂકવા અને લેવા મારે દરરોજ જવું પડતું હતું એટલે મેં તેને ઇલેક્ટ્રિક બાઇક અપાવી દીધી હતી. તેને ડ્રૉપ કરવા તેમ જ પાછા લાવવા માટે કોઈ વાહન બુક કરાવું તો મારે ૫,૦૦૦ રૂપિયાનો ખર્ચ થતો હતો. તાજેતરમાં તે એશિયન ચૅમ્પિયનશિપ જીતી એની ઇનામી રકમમાંથી મેં તેને ઇ-બાઇક લઈ આપી હતી. હવે તે એશિયન ગેમ્સમાં બે ગોલ્ડ મેડલ જીતી છે અને ઇનામમાં મોટી રકમ મેળવી રહી છે જેનાથી હું હવે તેને કાર લઈ આપીશ. કુમકુમ ૨૦૨૮ની લોસ ઑલિમ્પિક્સ માટે ક્વૉલિફાય થઈ છે. જો એમાં તે ચંદ્રક જીતશે તો તેના કોચ તેને આઇફોન અપાવશે એવું અત્યારથી તેમણે વચન આપ્યું છે.'

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| कासव | બકરી |
| मांजर | ગધેડો |
| गाढव | ઘેટું |
| शेळी | બિલાડી |
| मेंढ्या | કાચબો |

## જાણવા જેવું

મહારાષ્ટ્રના વિદર્ભ વિસ્તારના ચંદ્રપુર જિલ્લાના તાડોબા અભયારણ્યમાં શ્યામવર્ણી દીપડો દેખાયો એના ઉમળકાભેર વધામણાં લેવાયા. આંનદ તો મનાવાયો જ, પણ સાથે સાથે આ જાતિના વધુ દીપડા છે કે કેમ એની સઘન તપાસનો આદેશ પણ આપવામાં આવ્યો છે. કાળા દીપડા એ દુર્લભ પ્રાણી છે.

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. ભાઈના એકમાત્ર સગા ભત્રીજાની એકમાત્ર સગી કાકીની દીકરીની માસી ભાઈને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકી બ) માસી
ક) સાળી ડ) ભત્રીજી

## નોંધી રાખો

*વિશ્વાસ એક એવો શબ્દ છે જેને સમજવામાં અને સાબિત કરવામાં ક્યારેક આખી જિંદગી નીકળી જાય છે.*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | ૬ | |
| | | ૭ | | | | | ૮ | | |
| ૯ | | | | | | | ૧૦ | | ૧૧ |
| | | | ૧૨ | | ૧૩ | ૧૪ | | | |
| | ૧૫ | | | | | | | ૧૬ | |
| ૧૭ | | | | | ૧૮ | | | | |
| | | ૧૯ | | ૨૦ | | | | | ૨૧ |
| ૨૨ | ૨૩ | | | | | | ૨૪ | | |
| | ૨૫ | | | ૨૬ | | ૨૭ | | | |
| ૨૮ | | | | | | ૨૯ | | | |

### આડી ચાવી

૧. નિરાશ (૪)
૪. અધવચ (૫)
૭. આબરૂ સાચવવી તે (૪)
૮. દસની અંદરની એક સંખ્યા (૨)
૯. --- ગોઠવવું=ફસાવવા કાવતરું કરવું (૩)
૧૦. બંધી, નિષેધ (૩)
૧૩. ખુશાલને પ્રસંગે થતી ભેટની વહેંચણી (૩)
૧૫. પંચાત કરનારો (૪)
૧૬. બાણ (૨)
૧૭. --- ખોદે તે પડે (૨)
૧૮. ઓચિંતું (૪)
૧૯. કટિ, કેડ (૩)
૨૨. --- પર દીવો (૩)
૨૪. પાઠ, ધડો (૩)
૨૫. આસક્ત, લીન (૨)
૨૬. ખૂબ તેજ મારતું (૪)
૨૮. શોરબકોર, ઘોંઘાટ (૫)
૨૯. કટ્ટો, દુશ્મન (૪)

### ઊભી ચાવી

૧. બે કે વધારે રંગની સૂતરની દોરી (૪)
૨. પરાયું (૩)
૩. મિત્ર (૨)
૪. આખરનો સમય, મોતની ઘડી (૪)
૫. એક જાતનો છોડ (૪)
૬. કષ્ટ, પીડા (૩)
૧૧. પ્રભુ, પરમેશ્વર (૩)
૧૨. બુદ્ધિ, વિપરીત થઈ જવી તે (૪)
૧૪. હરફર (૪)
૧૫. તીર્થનો ગોર (૨)
૧૬. શંક, વહેમ (૨)
૧૭. ના છૂટકે, ઈચ્છા કે અનિચ્છાએ (૩)
૧૯. કર્તવ્ય, કાર્ય (૪)
૨૦. ઝડી (૪)
૨૧. ઝઘડાખોર, કજિયાખોર (૪)
૨૩. અસ્થિર (૩)
૨૪. પગેરું, પત્તો (૩)
૨૭. મોટું (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ હ | ળી | ૨ મ | ળી | ૩ ને | | ૪ ખે | રિ | ૫ ય | ૬ ત |
| થે | | ર | | ૭ વ | ૮ ર | દ | | ૯ જ | ડ |
| ૧૦ વા | ગ્બા | ણ | | ૧૧ કું | જ | | ૧૨ ના | ન | પ |
| ળો | | | ૧૩ ના | | ૧૪ મા | તં | ગ | | |
| | ૧૫ જા | ૧૬ મ | ની | | ત્ર | | ૧૭ રિ | ૧૮ વા | જ |
| ૧૯ ત | ન | હા | | ૨૦ ક | | ૨૧ નિ | ક | ટ | |
| | | ૨૨ ર | સા | લ | | દ્રા | | | ૨૩ અ |
| ૨૪ પ | ૨૫ ગ | થી | | ૨૬ ર | ૨૭ સો | | ૨૮ મા | ન | વી |
| ૨૯ સૂં | ઠ | | ૩૦ ભા | વ | ના | | ન | | ચ |
| ૩૧ દિ | ન | ચ | ર્યા | | ૩૨ ર | જ | તા | ચ | લ |

## ઓળખાણ પડી?



જાપાનમાં આયોજિત એશિયન ગેમ્સમાં અનાહત સિંહને કઈ રમતમાં સિલ્વર મેડલ મેળવવામાં સફળતા મળી છે?

અ) બેડમિન્ટન બ) સ્ક્વોશ ક) શૂટિંગ ડ) બોક્સિંગ

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં જમ્યા પછી લેવામાં આવતું પીણું સંતાયું છે એ શોધી કાઢો

વિદેશથી પાછા સલામ કરવા ઘરે અવશ્ય આવજો

## માઈન્ડ ગેમ

વૈજ્ઞાનિક પરિભાષામાં રંગહીન અને મીઠી ખુશ્બુ ધરાવતો 'લાફિંગ ગેસ' ક્યા બે તત્ત્વોનું સંયોજન છે?

અ) ક્લોરીન + બ્રોમીન બ) એમોનિયા + નાઇટ્રોજન
ક) ફ્લોરિન + ક્લોરીન ડ) નાઇટ્રોજન + ઓક્સિજન

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | ૪ | | ૬ | | ૫ | |
| | ૮ | ૩ | ૭ | | ૫ | ૧ | ૨ | |
| | | | | | | | | |
| ૮ | ૧ | ૯ | | | | ૨ | ૩ | ૫ |
| | | | | | | | | |
| ૪ | ૩ | ૫ | | | | ૯ | ૭ | ૬ |
| | | | | | | | | |
| | ૪ | ૧ | ૮ | | ૨ | ૬ | ૯ | |
| | ૨ | | ૯ | | ૩ | | ૧ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૯ | ૮ | ૪ | ૨ | ૩ | ૭ | ૫ |
| ૪ | ૫ | ૨ | ૩ | ૬ | ૭ | ૯ | ૮ | ૧ |
| ૮ | ૩ | ૭ | ૧ | ૯ | ૫ | ૨ | ૬ | ૪ |
| ૭ | ૮ | ૬ | ૪ | ૨ | ૯ | ૧ | ૫ | ૩ |
| ૩ | ૯ | ૪ | ૫ | ૮ | ૧ | ૬ | ૨ | ૭ |
| ૫ | ૨ | ૧ | ૭ | ૩ | ૬ | ૪ | ૯ | ૮ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧ | ૪ | ૫ | ૩ | ૨ |
| ૨ | ૪ | ૫ | ૬ | ૭ | ૩ | ૮ | ૧ | ૯ |
| ૯ | ૧ | ૩ | ૨ | ૫ | ૮ | ૭ | ૪ | ૬ |

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| शेण | છાણ |
| शेती | ખેતી |
| शेपूट | પૂંછડી |
| शेजारी | પાડોશી |
| शेगडी | સગડી |

ગુજરાત મોરી મોરી રે: સાળો

ઓળખાણ પડી? સુચિકા તારિયાલ

માઈન્ડ ગેમ : હિલિયમ

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: તન

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમા જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભરત કજરિયા (૬) ધીરેન્દ્ર મુલરાજ (૭) પ્રતિમા પમાણી (૮) ભારતી બુચ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જયવંત પદમશી ચિખલ (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) લજિતા ખોના (૧૪) રસીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મહેશ એન. સંઘવી (૧૭) નેહુલ એમ. સંઘવી (૧૮) મીનળ કાપડિયા (૧૯) ભાવના કર્વે (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) નંદુભાઈ અ. ગોઠી (૨૩) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૪) ડાયના સંતોકે (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૭) અરવિંદ કામદાર (૨૮) નીતીન જયંતીલાલ બજરિયા (૨૯) જ્યોત્સના ગાંધી (૩૦) હિનાબેન દલાલ (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) રમેશભાઈ દલાલ (૩૩) સુભાષ મોમાયા (૩૪) નીતા દેસાઈ (૩૫) પુષ્પા પટેલ (૩૬) તાહેર ઔરંગાબાદવાલા (૩૭) શીરીન ઔરંગાબાદવાલા (૩૮) મહેશ દોશી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) વિણા સંપટ (૪૧) અંતુલ સંપટ (૪૨) મનીષા શેઠ (૪૩) ફાલ્ગુની શેઠ (૪૪) ભામિની સંપટ (૪૫) કમલ માતલિયા

# ભીની આંખે મેસીની વિદાયઃ છેલ્લી મૅચમાં એક ગોલ કર્યો



બ્યૂનસ આયર્સઃ લિયોનેલ મેસીએ આર્જેન્ટિનાની જર્સીમાં પોતાનો છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ રમીને ફૂટબોલમાંથી નિવૃત્તિ લીધી હતી. ૩૯ વર્ષીય મેસીએ બુધવારે બ્યૂનસ આયર્સના એસ્ટાડિયો માસ મોન્યૂમેન્ટલમાં બેનિન સામેની ફ્રેન્ડલી મેચમાં ટીમની કેપ્ટનશિપ કરી હતી. આર્જેન્ટિનાએ મેચ ૩-૦થી જીતી હતી. આ મેચને ''ધ લાસ્ટ ટેંગો'' નામ આપવામાં આવ્યું.તેણે બેનિન સામે આર્જેન્ટિના માટે તેમની સત્તાવાર વિદાય મેચમાં એક ગોલ કર્યો હતો અને અન્ય એક ગોલમાં પણ મદદ કરી હતી.

આર્જેન્ટિનાનું રાષ્ટ્રગીત વાગતા મેસી રડતો જોવા મળ્યો હતો. સ્ટેડિયમમાંથી બહાર નીકળતી વખતે તે આંસુ લૂછતો પણ જોવા મળ્યો હતો. લિયોનેલ મેસીએ ૧૭ ઓગસ્ટ, ૨૦૦૫ના રોજ આર્જેન્ટિના માટે પોતાની પ્રથમ મેચ રમી હતી. હંગેરી સામે તેની આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ મેચ ખૂબ નાટકીય રહી હતી. મેદાનમાં ઊતરતાના માત્ર ૯૦ સેકન્ડ પછી તેને રેડ કાર્ડ બતાવવામાં આવ્યું હતું.

તેણે બે આસિસ્ટ કર્યા અને એક ગોલ કરીને આર્જેન્ટિનાને બેનિન સામે ૩-૦ની લીડ અપાવી હતી, જેનાથી મેચને યાદગાર બનાવી હતી. પહેલો હાફ ગોલ રહિત રહ્યો, પરંતુ બીજા હાફમાં મેસીએ ૨સંપૂર્ણ નિયંત્રણ મેળવી લીધું. તેણે પહેલા નિકોલસ ઓટામેન્ડીને ૪૮મી મિનિટે ગોલ કરીને શરૂઆત કરી હતી. પછી નિકો પાઝને શાનદાર કર્લિંગ સ્ટ્રાઇકની તક આપી હતી. ત્યારબાદ મેસીએ ૭૧મી મિનિટે પેનલ્ટી સ્પોટથી શાનદાર ગોલ કરીને ચાહકોને એક અવિસ્મરણીય ક્ષણ આપી હતી. મેસીના ગોલથી સ્કોર ૩-૦ થયો અને આર્જેન્ટિનાએ આખરે મેચ ૩-૦થી જીતી લીધી. આ મેસીનો ૧૨૬મો આંતરરાષ્ટ્રીય ગોલ હતો.

મેસીએ આર્જેન્ટિના માટે રેકોર્ડ ૨૦૭ આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા પછી નિવૃત્તિ લીધી હતી. તેણે ટીમ માટે ૧૨૬ ગોલ અને ૬૬ આસિસ્ટ કર્યા હતા જે ત્રણેય આર્જેન્ટિનાના રેકોર્ડ છે. તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ૨૦૨૨ વર્લ્ડ કપ, ૨૦૨૧ અને ૨૦૨૪ કોપા અમેરિકા, ૨૦૨૨ ફિનાલિસિમા અને ૨૦૦૮ બેઇજિંગ ઓલિમ્પિક ગોલ્ડ મેડલનો સમાવેશ થાય છે.

મેસીએ તેમની કારકિર્દીમાં છ વર્લ્ડ કપ રમ્યા છે જે રેકોર્ડની બરાબરી કરે છે. આર્જેન્ટિનાએ ૨૦૨૨માં ફાઇનલમાં ફ્રાન્સને હરાવીને ટાઇટલ જીત્યું હતું. તેમના લાંબા સમયથી હરીફ ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ પણ આ સમયગાળા દરમિયાન છ વર્લ્ડ કપમાં ભાગ લીધો હતો.■

# હરમનપ્રીત, તારી કેપ્ટનસીનો દશકો શાનદાર રહ્યોઃ મંધાના



મુંબઈઃ ભારતીય મહિલા ક્રિકેટ ટીમની નવી કેપ્ટન સ્મૃતિ મંધાનાએ બુધવારે પૂર્વ કેપ્ટન હરમનપ્રીત કૌરના નેતૃત્વની પ્રશંસા કરી હતી અને આશા વ્યક્ત કરી કે તેઓ હજુ વધુ સમય સુધી આ સફરને સાથે ચાલુ રાખશે.

હરમનપ્રીતે મંગળવારે તમામ ફોર્મેટની કેપ્ટનશિપ છોડી દીધી હતી જેનાથી તેમનો દાયકા લાંબો નેતૃત્વ કાર્યકાળ સમાપ્ત થયો હતો. તેણીએ નવેમ્બર ૨૦૨૫માં ટીમને તેનો પ્રથમ વન-ડે વર્લ્ડકપ જીતાડ્યો હતો અને ૨૦૨૩ અને ૨૦૨૬માં બે એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ પણ જીતાડ્યા હતા. મંધાનાએ તેના ઇન્સ્ટાગ્રામ પેજ પર લખ્યું હતું કે, ''આટલાં વર્ષો તમારી સાથે રમવું ખૂબ જ સરસ રહ્યું છે.''

તેણીએ કહ્યું કે ''તમારા નેતૃત્વ હેઠળ ૧૦ વર્ષ અદ્ભુત રહ્યા છે અને સાથે મળીને આપણે આપણા દેશ માટે ઘણું બધું પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરીશું.'' મંધાના હવે બધા ફોર્મેટની કેપ્ટન છે. તે આ મહિનાના અંતમાં ઝિમ્બાબ્વે સામેની ઘરેલુ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય અને વન-ડે સીરિઝ સાથે તેની કેપ્ટનશિપની ફરજો શરૂ કરશે. હરમનપ્રીત ભારતીય ટીમનો ભાગ રહેશે અને ઝિમ્બાબ્વે શ્રેણી માટે બંને ટીમમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમિમાહ રોડ્રિગ્સ હાલમાં હેમસ્ટ્રિંગની ઇજાને કારણે ભારતીય ટીમની બહાર છે.■

# આઈસીસી રેન્કિંગમાં ભારતીય કેપ્ટનોનો દબદબોઃ ગિલ ટોપ પર, ઐયરની ટોપ-ટેનમાં એન્ટ્રી

દુબઈઃ ભારતના ટી-૨૦ કેપ્ટન શ્રેયસ ઐયરે બુધવારે આઈસીસી ટી-૨૦ રેન્કિંગમાં પોતાની કારકિર્દીના શ્રેષ્ઠ સાતમા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે વન-ડે કેપ્ટન શુભમન ગિલે બેટ્સમેનોની રેન્કિંગમાં ટોચનું સ્થાન યથાવત રાખ્યું છે.

આઈસીસીએ જણાવ્યું હતું કે ઐય્યરે ૪૩ બોલમાં ૧૦ ચોગ્ગા અને છ છગ્ગા સાથે અણનમ ૧૦૨ રન ફટકાર્યા હતા, જેના કારણે મંગળવારે લખનઊમાં સિરીઝની પ્રથમ મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ટીમ ઈન્ડિયાએ આઠ વિકેટથી શાનદાર જીત મેળવી હતી. આ વિસ્ફોટક ઇનિંગથી ઐયરને ૧૮ ક્રમનો ફાયદો થયો છે. જેનાથી તે ફોર્મેટમાં ભારતનો ત્રીજો સર્વશ્રેષ્ઠ રેન્કિંગ ધરાવનાર બેટ્સમેન બન્યો છે. ઈશાન કિશન અને અભિષેક શર્મા ટોચના બે સ્થાન પર યથાવત છે. જ્યારે તિલક વર્મા ૧૦મા સ્થાને છે, જેનાથી ટોચના ૧૦માં ચાર ભારતીય બેટ્સમેન સામેલ થયા છે. ૧૫ વર્ષીય બેટ્સમેન વૈભવ સૂર્યવંશી આઠ સ્થાનના ફાયદા સાથે ૪૬મા સ્થાને પહોંચી ગયો છે.

વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેન શેરફેન રૂધરફોર્ડ ૩૭મા સ્થાને પહોચ્યો છે જ્યારે પાકિસ્તાનના હસન નવાઝ એશિયન ગેમ્સ પછી યાદીમાં આગળ આવ્યો છે. લેગ-સ્પિનર રાશિદ ખાને આઠમી વખત ટોચના સ્થાને વાપસી કરી છે. ભારતીય ડાબોડી સ્પિનર અક્ષર પટેલ ૧૬ સ્થાનની છલાંગ લગાવીને સાતમા સ્થાને પહોંચી ગયો છે.

ગિલે ગુવાહાટીમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી મેચમાં અણનમ ૨૨૩ રન ફટકાર્યા બાદ વન-ડે બેટિંગ રેન્કિંગમાં ટોચ પર પોતાનું સ્થાન મજબૂત કર્યું. ભૂતપૂર્વ કેપ્ટન વિરાટ કોહલી બીજા સ્થાનેથી ત્રીજા સ્થાને સરકી ગયો છે. કેએલ રાહુલ સાત સ્થાનની છલાંગ લગાવીને ટોપ ૧૦માં વાપસી કરી છે. ■

# તમારી સાથે કામ કરવું ગર્વની વાતઃ અગરકરની ઍક્ઝિટ પર ગંભીર ભાવુક

નવી દિલ્હીઃ ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે બુધવારે પૂર્વ ચીફ સિલેક્ટર અજિત અગરકરની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે ''ઇતિહાસ તમારા યોગદાનને યાદ રાખશે.'' ગંભીરે કહ્યું હતું કે ટીમને વ્યક્તિગત હિતોથી ઉપર રાખવાની અગરકરના વિચારે ભારતને તેમના કાર્યકાળ દરમિયાન ત્રણ આઈસીસી ટ્રોફી જીતવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. અગરકરનો કાર્યકાળ ગયા મહિને સમાપ્ત થયો હતો અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)એ મંગળવારે મુખ્ય પસંદગીકારના પદ માટે અરજીઓ મગાવી હતી. આ પહેલા અનેક અઠવાડિયાથી અટકળો ચાલી રહી હતી કે અગરકરના કાર્યકાળને વધારવામાં આવશે કે નહીં.

ગંભીરે પોસ્ટ કરીને જણાવ્યું હતું કે ''પ્રિય અજિત ભાઈ, તમારી સાથે કામ કરવું મારા માટે ખૂબ જ સન્માનની વાત છે. ત્રણ આઈસીસી ટ્રોફી મારા પરના તમારા વિશ્વાસનો પુરાવો છે, હંમેશાં ટીમને પ્રથમ સ્થાન આપ્યું છે. મારે કહેવું જ જોઇએ કે ઇતિહાસ તમારા યોગદાનને યાદ રાખશે. દરેક વસ્તુ માટે આભાર. તમારા ભવિષ્યના પ્રયાસો માટે મારી હાર્દિક શુભેચ્છાઓ.''

અગરકરના કાર્યકાળ દરમિયાન ભારતે ૨૦૨૪ અને ૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપ તેમજ ૨૦૨૫ની ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી. તેમના કાર્યકાળમાં ટીમમાં પરિવર્તનનો સમયગાળો પણ જોવા મળ્યો, જેમાં દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી અને રોહિત શર્માએ ટી-૨૦ અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. ■

# તન્મયનો તરખાટઃ ઓસ્ટ્રેલિયાની અંડર-૧૯ ટીમ સામે ભારત જીત્યું સિરીઝ

અમદાવાદઃ ઓલરાઉન્ડર તન્મય બલોદાની શાનદાર બોલિંગને કારણે ભારતની અંડર-૧૯ ટીમે ઓસ્ટ્રેલિયા અંડર-૧૯ ટીમને બીજી બિનસત્તાવાર ટેસ્ટ મેચમાં ૧૦ વિકેટથી હરાવી હતી. ટીમ ઈન્ડિયાએ પહેલી મેચ પણ જીતી હતી અને આ સાથે ભારત અંડર-૧૯ ટીમે બે મેચની શ્રેણી પણ જીતી લીધી છે. બીજી મેચમાં હરિયાણાના સ્પિનર તન્મયની બોલિંગ સામે ઓસ્ટ્રેલિયન બેટ્સમેનો ઘૂંટણીયે પડી ગયા હતા.

તેણે મેચમાં કુલ ૧૪ વિકેટ લીધી હતી. જેના કારણે ભારતને સરળ વિજય મળ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ ભારતને જીતવા માટે માત્ર ૧૧ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ભારતીય ટીમે એક પણ વિકેટ ગુમાવ્યા વિના આ લક્ષ્યાંક સરળતાથી હાંસલ કરી લીધો અને વિજય મેળવ્યો હતો. વિકેટકીપર-બેટ્સમેન અભિપ્રાય બિશ્વાસ બેટિંગમાં ભારત માટે હીરો રહ્યા જેના કારણે ટીમ ઈન્ડિયાને પ્રથમ ઇનિંગમાં ઓસ્ટ્રેલિયા સામે ૧૪૧ રનની લીડ મળી હતી.

ટોસ હારીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધા બાદ ઓસ્ટ્રેલિયન ટીમ પ્રથમ ઇનિંગમાં જ પડી ભાંગી હતી. કાંગારૂ બેટ્સમેન તન્મય બલોદાની બોલિંગ સામે લાંબો સમય ટકી શક્યા નહીં. ઓસ્ટ્રેલિયા તરફથી ચાર્લી હેન્ડરસનએ પ્રથમ ઇનિંગમાં સૌથી વધુ ૩૭ રન કર્યા હતા. આખી ટીમ ૧૭૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. તન્મય ૨૫ ઓવરમાં માત્ર ૩૨ રન આપીને છ વિકેટ ઝડપી હતી.

ઓસ્ટ્રેલિયાના ૧૭૪ રનના જવાબમાં ટીમ ઇન્ડિયાએ પ્રથમ ઇનિંગમાં જ મોટી લીડ મેળવી હતી. ભારતીય ટીમે ૩૧૫ રન કર્યા અને ઓસ્ટ્રેલિયા પર ૧૪૧ રનની લીડ મેળવી હતી. ભારત તરફથી કેપ્ટન યશવર્ધન ચૌહાણ (૫૨) અને અભિપ્રાય બિશ્વાસ (૭૩) એ અડધી સદી ફટકારી હતી. આ બંનેના કારણે ટીમ ઇન્ડિયા પ્રથમ ઇનિંગમાં ૩૧૫ રન સુધી પહોંચી ગઈ હતી.બીજા ઇનિંગમાં તન્મયે ૧૯.૫ ઓવરમાં ૪૧ રન આપીને આઠ વિકેટ લીધી હતી. આખી ઓસ્ટ્રેલિયન ટીમ ૧૫૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી અને ભારત પર માત્ર ૧૦ રનની લીડ મેળવી શકી હતી, જે ટીમ ઈન્ડિયાએ કોઈ પણ વિકેટ ગુમાવ્યા વિના હાંસલ કરી હતી. ■

# વર્લ્ડ ચેમ્પિયનશિપ પહેલા મોટો ફટકોઃ નવ ભારતીય કુસ્તીબાજોને અમેરિકાએ વિઝા ન આપ્યા

નવી દિલ્હીઃ ભારતના અનેક કુસ્તીબાજોના વિઝા અમેરિકાએ નકારી કાઢ્યા હતા જેના કારણે ૧૨ થી ૧૮ ઓક્ટોબર દરમિયાન લાસ વેગાસમાં યોજાનારી આગામી અંડર-૨૩ વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં તેમના રમવા પર સંકટના વાદળ છવાઈ ગયાં છે.

આ કુસ્તીબાજોમાં ૨૦૨૪ અંડર-૧૭ વર્લ્ડ ચેમ્પિયન નેહા સાંગવાનનો સમાવેશ થાય છે.

કુસ્તીબાજોને મૌખિક રીતે જાણ કરવામાં આવી હતી કે તેમના વિઝા ૨૦ વર્ષથી ઓછી ઉંમરના અને બેરોજગાર હોવાના કારણે નકારી કાઢવામાં આવ્યા છે. જ્યારે તેઓ બુધવારે વિઝા ઇન્ટરવ્યૂ માટે દૂતાવાસ ગયા ત્યારે તેમના પાસપોર્ટ તેમને પરત કરવામાં આવ્યા હતા.

કુસ્તીબાજો ફેડરેશન ઓફ ઇન્ડિયા (ડબલ્યૂએફઆઈ) એ હવે નવી દિલ્હી સ્થિત અમેરિકાના દૂતાવાસને આ મામલે ફરી વિચાર કરવા અને ગુરુવારે તેમના વિઝા ઇન્ટરવ્યૂ માટે હાજર રહેનારા કુસ્તીબાજોને વિઝા આપવા વિનંતી કરી હતી.

ફેડરેશન દ્વારા અમેરિકાના દૂતાવાસને લખેલા પત્ર મુજબ, બુધવારે નવ કુસ્તીબાજોના વિઝા નકારી કાઢવામાં આવ્યા હતા. ■

## ગુજરાત

# માતાના મઢમાં ફૂડ ઍન્ડ ડ્રગ્સ વિભાગનું સઘન ચેકિંગ, પેંડા, મિલ્ક કેક સહિત પ્રસાદના ૩૧ નમૂના લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આદ્યશક્તિની ઉપાસનાના મહાપર્વ આસો નવરાત્રિ નિમિત્તે કચ્છના પ્રસિદ્ધ યાત્રાધામ માતાના મઢ ખાતે મા આશાપુરાના દર્શનાર્થે ઊમટી રહેલા લાખો પદયાત્રીઓ તેમ જ શ્રદ્ધાળુઓના સ્વાસ્થ્ય સાથે કોઈ ચેડાં ન થાય તે સુનિશ્ચિત કરવા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે લાલ આંખ કરી છે. તંત્ર દ્વારા મંદિર પરિસર અને આસપાસના બજારોમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરીને મીઠાઈ તથા પ્રસાદના ૩૧ જેટલા શંકાસ્પદ ખાદ્ય નમૂનાઓ એકત્ર કરી પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલી આપ્યા હતા.

વિગતો મુજબ, માતાના મઢ ખાતે દર્શને આવતા ભાવિકો મોટા પાયે સ્થાનિક પેઢીઓમાંથી માતાજીના નૈવેદ્ય અને પ્રસાદની ખરીદી કરી સ્વજનો માટે લઈ જતા હોય છે. શ્રદ્ધાળુઓને શુદ્ધ, સાત્ત્વિ અને આરોગ્યપ્રદ આહાર મળી રહે તે ઉમદા હેતુથી ફૂડ ઍન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડ્મિનિસ્ટ્રેશન (ભુજ-કચ્છ)ના ફૂડ સેફ્ટી ઓફિસર એસ. બી. પટેલ તેમજ એમ. એમ. પટેલની ટીમે માતાના મઢ મંદિર સંકુલ તેમ જ મુખ્ય બજારમાં આવેલી પ્રસાદ અને ખાદ્યપદાર્થોની દુકાનોમાં સઘન તપાસ ઝુંબેશ ચલાવી હતી. ટીમ દ્વારા વિવિધ દુકાનોમાંથી પેંડા, મિલ્ક કેક, સાકરિયા, રેવડી, પકવાન, ખાંડ/સાકર, સાટા તેમ જ થાબડી પેંડા સહિત કુલ ૩૧ જેટલા ખાદ્યપદાર્થોના સેમ્પલ સીલ કરી પૃથક્કરણ માટે લેબમાં મોકલવામાં આવ્યા છે. ■

# વડનગરથી વારાણસી આવ્યા ૫૦૦ બાઈકસવાર, વડા પ્રધાનનો કાર્યક્રમ સ્થાનિકો સાથે માણ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીના ઉપલક્ષમાં દેશભરમાં શરૂ થયેલા 'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ બુધવારે વારાણસીથી પ્રસ્થાન કરીને વડનગર પહોંચેલી 'વારાણસીથી વડનગર સેવા યાત્રા'ના ૫૦૦ જેટલા બાઈક સવારોએ વડનગરના સ્થાનિક પરિવારો સાથે બેસીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના 'સેવા જ્યોતિ યાત્રા' કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. આ ઐતિહાસિક સેવા યાત્રામાં જોડાયેલા ૫૦૦ જેટલા બાઈકર્સ મંગળવારે રાત્રિએ વડનગર આવી પહોંચ્યા હતા, જ્યાં તેમનું ઊમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તમામ પ્રવાસીઓએ વડનગરના વિવિધ સ્થાનિક પરિવારોના ઘરે આતિથ્ય માણ્યું હતું અને ત્યાં જ રાત્રિ રોકાણ કર્યું હતું. આ વ્યવસ્થા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય વડા પ્રધાનના સંસદીય મતક્ષેત્ર વારાણસી અને તેમના જન્મસ્થળ વડનગર વચ્ચે સાંસ્કૃતિક અને ભાવનાત્મક સેતુ સ્થાપિત કરવાનો રહ્યો છે. સ્થાનિક પરિવારોએ પણ પોતાના આંગણે પધારેલા કાશીના મહેમાનોનું ભાવભીનું સ્વાગત કરીને ભારતીય સંસ્કૃતિની 'અતિથિ દેવો ભવઃ'ની પરંપરાને સાર્થક કરી હતી.

ઉલ્લેખનીય છે કે, 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાયેલી આ યાત્રા માત્ર એક પ્રવાસ નથી પરંતુ જનસંપર્ક અને સેવાના ઉમદા કાર્યનું પ્રતીક બની રહી છે. વારાણસીથી વડનગર સુધીના માર્ગમાં વિવિધ સ્થળોએ સેવાકીય પ્રવૃત્તિઓ કર્યા બાદ આ યાત્રા વડનગર પહોંચી છે.

દરમિયાન વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જનસેવાનાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે 'જન સેવાથી રાષ્ટ્ર સેવા'ના સંદેશ સાથે 'વિકસિત ભારત સંકલ્પ અભિયાન' અંતર્ગત અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે યોજાયેલી 'સેવા જ્યોતિ યાત્રા'માં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સહભાગી થયા હતા. ■

# અમદાવાદમાં ફરી સ્કૂલોને બૉમ્બથી ઉડાડવાની ધમકી, દિલજીત દોસાંઝના પ્રોગ્રામમાં ન જવાની સલાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ફરી સ્કૂલને નિશાન બનાવી બૉમ્બથી ઉડાડી દેવાનો ઈમેલ મળ્યો હતો. આને કારણે વાલીઓ અને સ્કૂલ સંચાલકો ચિંતામાં મુકાયા હતા. અમુક સ્કૂલ બંધ કરવામાં આવી હતી. વાલીઓને ચાલુ સ્કૂલમાંથી બાળકને લઈ જવાની સૂચના આપવામાં આવી હતી. આવી ધમકી સ્કૂલ ઉપરાંત નરેન્દ્ર મોદી સ્ટેડિયમને પણ મળી હતી. અહીં સિંગર-એક્ટર દિલજીત દોસાંઝનો કોન્સર્ટ છે અને તેમાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

મળતી વિગતો અનુસાર ધમકી આપનારાઓએ, અમદાવાદ 'ગુજરાત બોલેગા ખાલિસ્તાન ઝિંદાબાદ' લખીને મેઈલ કર્યો હતો. જેમાં ગુજરાતની સ્કૂલને ૧૧:૧૧એ ઉડાવવાની ધમકી આપવામાં આવી હતી. ૨૧ નવેમ્બરે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને ૧ નવેમ્બરે જેએલએન સ્ટેડિયમ દિલ્હીને ઉડાડવાની ધમકી મળી છે. આ બન્ને જગ્યાએ દિલજીત દોસાંઝના કોન્સર્ટ યોજવામાં આવ્યા છે.

અમદાવાદ મહાનગરપાલિકાની ઓફિસને પણ ઉડાડી દેવાની ધમકી મળી હતી. ધમકી મળતા જ અમદાવાદ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. જ્યારે કોર્પોરેશનની સિક્યુરિટી ઓફિસ દ્વારા તમામ લોકોનું ચેકિંગ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે કચેરીએ આવતા તમામ મુલાકાતીઓની તપાસ કરવામાં આવી હતી.

સ્કૂલોને ધમકી મળતા જ શિક્ષણ કચેરી એકશનમાં આવી હતી અને સ્થાનિક પોલીસને જણાવવા અને બાળકોને વાલીઓને સોંપવા જણાવ્યું હતું. ■

# વરસાદનું આવજોઃ પણ ગુજરાતના ૧૫ જેટલા જિલ્લામાં વરસાદની નોંધપાત્ર ઘટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં વરસાદે વિધિવત્ વિદાય લઈ લીધી છે. હવામાન ખાતાના જણાવ્યા અનુસાર કમોસમી છૂટાછવાયાં ઝાંપટાં સિવાય હવે વરસાદની કોઈ શક્યતા નથી, ત્યારે ગુજરાતમાં ૧૫ જિલ્લા એવા છે જ્યાં વરસાદની ઘટ છે. અમુક જિલ્લામાં તો નામ માત્રનો વરસાદ વરસ્યો છે. ઓછા વરસાદને કારણે ખેડૂતો માટે મુશ્કેલીઓ ઊભી થઈ છે આ સાથે ઘાસચારા અને પીવાના પાણીની સમસ્યાનો સામનો પણ લોકો અને તંત્રએ કરવાનો રહેશે, તેમ જણાઈ રહ્યું છે. જિલ્લાવાર સ્થિતિ જોઈએ તો દક્ષિણ ગુજરાતને બાદ કરતા મોટાભાગના પ્રાંતમાં ચાલુ વર્ષના ચોમાસામાં વરસાદની નોંધપાત્ર ઘટ જણાઈ રહી છે.

રાજ્ય સરકારે આપેલા આંકડા અનુસાર કચ્છ જિલ્લામાં સરેરાશ ૫૭.૬૦ ટકા વરસાદ નોંધાયો છે. કચ્છના દસ તાલુકામાંથી અબડાસા (૩૭.૮૬), લખપત (૪૭) અને નખત્રાણા (૪૭) ટકા વરસાદ સાથે સૌથી સૂકા સાબિત થયા છે. બાકીના તાલુકાઓમાં પણ ૫૦થી ૬૦ ટકા જ વરસાદ વરસ્યો છે.

બનાસકાંઠામાં કુલ ૬૩.૮૩ ટકા વરસાદ નોંધાયો છે. અહીં પણ દસ તાલુકામાં ૫૦થી ૬૦ ટકા વચ્ચે જ વરસાદ થયો છે. જ્યારે સાબરકાંઠામાં પણ ૬૧.૧૧ ટકા વરસાદ નોંધાયો છે. સિઝનનો વરસાદ ૪૦ ટકા ઓછો નોંધાય તે ચિંતાનો વિષય છે. અરવલ્લી જિલ્લામાં પણ ૬૨.૮૯ ટકા વરસાદ વરસ્યો છે. આ નાના જિલ્લાના સાત તાલુકામાં એકાદ બે તાલુકાને બાદ કરતા સરેરાશ ૫૦થી ૫૫ ટકા વરસાદ નોંધાયો હોવાનું આંકડા જણાવે છે.

આવી જ રીતે છોટાઉદેપુરમાં ૬૦.૧૯ ટકા, દાહોદમાં ૬૩.૯૫ ટકા, રાજકોટમાં ૬૧.૮૪ ટકા, જૂનાગઢમાં ૬૭.૯૪ ટકા, ગીર-સોમનાથમાં ૬૩.૧૧ ટકા વરસાદ નોંધાયો છે. આ તમામ જિલ્લામાં ખેતી મોટા પ્રમાણમાં થાય છે અને લાખો લોકો ખેતી અને ખેતી સંગલગ્ન વ્યવસાયો પર નભે છે.

સૌરાષ્ટ્રમાં માત્ર બે જિલ્લામાં પૂરતો વરસાદ થયો છે. મોરબીમાં ૧૦૦ ટકા અને સુરેન્દ્રનગરમાં ૯૭.૮૧ ટકા વરસાદ નોંધાયો છે.

પૂરતા વરસાદવાળા જિલ્લાઓમાં ભરૂચ ૧૧૫.૬૧ ટકા, નર્મદા ૯૦.૮૩ ટકા, તાપી ૯૬.૩૬ ટકા, સુરત ૧૧૬ ટકા, નવસારી ૧૨૯ ટકા, વલસાડ ૧૨૪ ટકા, ડાંગ ૧૧૨ ટકા વરસાદ નોંધાયો છે.

અન્ય જિલ્લાઓમાં અમરેલીમાં ૮૭.૭૦ ટકા, ભાવનગરમાં ૯૫.૭૯ ટકા, બોટાદમાં ૭૧.૬૩ ટકા, પાટણ ૮૨.૦૬ ટકા, વાવ-થરાદ ૭૬.૨૪ ટકા, મહેસાણા ૮૦.૩૬ ટકા, ગાંધીનગરમાં ૭૧.૦૪ ટકા, અમદાવાદમાં ૧૦૮ ટકા, ખેડામાં ૧૧૬ ટકા, આણંદમાં ૧૧૨.૭૨ ટકા, વડોદરામાં ૭૦.૯૧ ટકા, પંચમહાલમાં ૯૦.૭૭ ટકા, મહિસાગરમાં ૯૨ ટકા વરસાદ નોંધાયો છે.■

# સૌરાષ્ટ્રના દિગ્ગજ પાટીદાર નેતા વિરજીભાઈ ઠુમ્મરનું નિધન

અમરેલીઃ સૌરાષ્ટ્રના દિગ્ગજ પાટીદાર નેતા અને અમરેલીના પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુમ્મરનું ૬૭ વર્ષની વયે ટૂંકી બીમારી બાદ નિધન થયું હતું. તેમની અંતિમ યાત્રા અમરેલીમાં નીકળી હતી. તેમના પુત્રી અને રાજકીય વારસદાર જેનીબેન ઠુમ્મરે પિતાને અગ્નિદાહ આપ્યો હતો અને તે પહેલા તેમની નનામીને કાંધ પણ આપી હતી. કોંગ્રેસ પક્ષ સહિતના નેતાઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. વિરજીભાઈ ઠુમ્મર ગુજરાત અને વિશેષ કરીને સૌરાષ્ટ્રના રાજકારણમાં પાટીદાર સમાજના એક પ્રભાવશાળી અને લડાયક આગેવાન તરીકે જાણીતા હતા. ધારાસભ્યથી સંસદસભ્ય સુધીની તેમની સફર સંસદીય કામગીરી અને લોકપ્રતિનિધિત્વથી ભરેલી રહી હતી. વર્ષ ૧૯૯૦થી ૧૯૯૮ સુધી સતત ગુજરાત વિધાનસભાના સભ્ય (ધારાસભ્ય) તરીકે ચૂંટાઈને આવ્યા હતા અને પ્રજાના પ્રશ્નોનું વિધાનસભાના ફ્લોર પર સફળ નેતૃત્વ કર્યું હતું. ૧૯૯૦થી ૧૯૯૫ દરમિયાન વિધાનસભાની મહત્ત્વની એવી 'સરકારી ખાતરીઓ અંગેની સમિતિ' તેમજ જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. ૧૯૯૫થી ૧૯૯૮ દરમિયાન ગુજરાત વિધાનસભાની જાહેર ઉપક્રમ સમિતિના અધ્યક્ષ તરીકે રાજ્યના સરકારી સાહસોની નાણાકીય શિસ્ત અને કામગીરી પર દેખરેખ રાખી હતી. ■

# ૯૨ વર્ષીય તાજકુંવરબા કચ્છ માતાના મઢ આશાપુરાના દર્શને પદયાત્રાએ નીકળ્યાં

અમદાવાદઃ શ્રદ્ધા અને અતૂટ ભક્તિ સામે ઉંમર કોઈ બાધા બની શકતી નથી તેનું જીવંત અને પ્રેરણાદાયી ઉદાહરણ રાજસ્થાનના બાડમેર જિલ્લાના શેતરૌ ગામમાં જોવા મળ્યું છે. આ ગામનાં ૯૨ વર્ષના વયોવૃદ્ધ માજી તાજકુંવરબા રાઠોડ કચ્છના દેશદેવી માં આશાપુરાના પવિત્ર ધામ 'માતાના મઢ' જવા માટે પગપાળા યાત્રાએ નીકળ્યાં છે. તેમની આ અડગ આસ્થા જોઈ માર્ગ પરથી પસાર થતાં અન્ય પદયાત્રીઓ અને ભાવિકો પણ નતમસ્તક થઈ રહ્યા છે.

સામાન્ય રીતે ૯૨ વર્ષની જૈફ વયે લોકો ઘર પૂરતા સીમિત થઈ જતા હોય છે, ત્યારે તાજકુંવરબા હાથમાં લાકડી અને હોઠે ''જય મા આશાપુરા''ના નાદ સાથે રાજસ્થાનથી કચ્છ તરફ ડગ માંડી રહ્યા છે. રાજસ્થાનથી માતાના મઢ સુધીનું અંતર સેંકડો કિલોમીટરનું છે, જ્યાં આકરા તાપ, પવન અને રસ્તાઓની વિષમતા વચ્ચે પણ તેમના મુખ પર થાકને બદલે અનેરો ઉત્સાહ અને દૈવી તેજ છલકાઈ રહ્યું છે.

માર્ગમાં સેવા કેમ્પોના આયોજકો અને સાથી યાત્રાળુઓ તાજકુંવરબાના ચરણસ્પર્શ કરી આશીર્વાદ મેળવી રહ્યા છે. સેવાભાવીઓ જણાવે છે કે, યુવાનો પણ લાંબા અંતરની પદયાત્રામાં થાકી જતા હોય છે, ત્યારે આ ઉંમરે તાજકુંવરબાની સહનશક્તિ અને ભક્તિભાવ સૌ કોઈ માટે પ્રેરણાદાયક છે.

તાજકુંવરબા રાઠોડનું કહેવું છે કે, આ બધું મારી કુળદેવી માં આશાપુરાની કૃપાથી જ શક્ય બન્યું છે. શરીર ભલે મારું હોય, પણ પગ માં આશાપુરા ચલાવે છે. તેમની આ અડગ શ્રદ્ધા સમગ્ર પદયાત્રા માર્ગ પર ભારે આકર્ષણ અને આદરનું કેન્દ્ર બની છે. ■

# ખાંડમાં મથકો પાછળ ₹ ૫૦થી ૬૦ની તેજી

નવી મુંબઈ: મહારાષ્ટ્ર અને ઉત્તર ભારતની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોના ભાવમાં તેજીનું વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક સ્તરે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે હાજરમાં ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૫૦થી ૬૦ની અને નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૩૦ની તેજી આવી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની પણ માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલોને ટેકે આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૫૦ની તેજી સાથે રૂ. ૪૫૭૬થી ૪૬૫૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૫૮ અને ઉપલા મથાળેથી રૂ. ૬૦ની તેજી સાથે રૂ. ૪૭૦૦થી ૪૮૫૨માં થયા હતા.

# જયેશ બી. મહેતા: એક સ્વપ્નને વિકસતા વારસામાં ફેરવવું



મુંબઈ: મુંબઈના દૂરના ઉપનગરોમાં ફાર્મસી વ્યવસાય ચલાવતા પરિવારમાં જન્મેલા જયેશ મહેતાએ તેમના પિતાના પગલે ન ચાલવાનું તથા ઉદ્યોગસાહસિક બનવાનું સ્વપ્ન જોયું. સ્પષ્ટ દ્રષ્ટિકોણ સાથે પોતાનું શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યા પછી તરત જ હર્બલ અને આયુર્વેદિક મેડિસિનનો અભ્યાસ કરવા વારાણસી ગયા. જયેશ વૈદ્ય પ્રમાણપત્ર, જ્ઞાન, મહત્ત્વાકાંક્ષા અને સફળ થવાના અવિશ્વસનીય નિશ્ચયથી સજ્જ, તેમના ઉદ્યોગસાહસિક સ્વપ્નને આગળ વધારવા માટે પરત મુંબઈ આવ્યા. જોકે, આ યાત્રા ખૂબ જ સરળ નહોતી. કોઈ મૂડી, વ્યવસાયિક જોડાણો અથવા પ્રભાવશાળી સંપર્કો વિના, જયેશની કઠિન યાત્રા શરૂ થઈ. દરેક પડકાર શીખવાની તક બન્યો દરેક નાનું પગલું તેને તેના સ્વપ્નની નજીક લાવ્યું.

૨૦૦૩ માં, જયેશ પોતાની કંપની શ્રી મારુતિ હર્બલ અને તેની મુખ્ય આયુર્વેદિક ઊર્જા કેપ્સ્યુલ બ્રાન્ડ, સ્ટે-ઓન લોન્ચ કરવાનું નિર્ણાયક પગલું ભરે છે. પ્રતિસાદ અસાધારણ હતો. સ્ટે-ઓન ટૂંક સમયમાં જ એક સફળ કંપની બની, જેના કારણે જયેશની ઉદ્યોગસાહસિક યાત્રા સફળ થઈ. બ્રાન્ડની સફળતાએ તેમને દક્ષિણ મુંબઈમાં પોતાની ઓફિસ સ્થાપિત કરવામાં અને આખરે રાજસ્થાનના ફાલનામાં GMP-પ્રમાણિત ઉત્પાદન પ્લાન્ટ મેળવવામાં મદદ કરી. બ્રાન્ડનો વિસ્તાર સ્ટે-ઓન મસાજ તેલ અને સ્ટે-ઓન ઓરલ લિક્વિડ જેવા ઉત્પાદનો સાથે કરવામાં આવ્યો. સતત સંશોધન અને આયુર્વેદિક ફોર્મ્યુલેશન દ્વારા જીવન સુધારવાની પ્રતિબદ્ધતા દ્વારા સંચાલિત. જયેશે ડાયાબિટીસ અને સંધિવા જેવી સ્થિતિઓ માટેના ઉત્પાદનોમાં વધુ વિસ્તરણ કર્યું.

સ્પષ્ટ મિશન સાથે, જયેશે બ્રાન્ડ સેવરી લોન્ચ કરી અને સેવરી શ્રેણી, શુદ્ધ રસોઈ તેલ, ઘી, ચા મસાલા અને સંલગ્ન ઉત્પાદનોનો જન્મ આપ્યો. સેવરી શ્રેણીના શુદ્ધ કોલ્ડ-પ્રેસ્ડ તેલનું ઉત્પાદન કાળજીપૂર્વક નિયંત્રિત, સેનિટાઈઝ્ડ વાતાવરણમાં તેમના પોતાના પ્લાન્ટમાં કડક દેખરેખ હેઠળ કરવામાં આવે છે, જે તમને FSSAI-પ્રમાણિત અધિકૃત તેલ અને બિલોના ઘી આપે છે. તેમનો મંત્ર છે ''ગ્રાહકોનો વિશ્વાસ જીતો - પ્રતિષ્ઠા અને નફો આપોઆપ મળશે.'' ■

# ટીન, નિકલ અને કોપરની વેરાઈટીઓમાં પીછેહઠ

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં સાર્વત્રિક સ્તરેથી કામકાજો પાંખાં રહ્યા હતા. તેમ છતાં ટીન, નિકલ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ હેઠળ ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૫, રૂ. આઠ અને રૂ. ચારનો ઘટાડો આવ્યો હતો, જ્યારે નિરસ માગે કોપર સ્ક્રેપ અને કોપર આર્મિચરમાં કિલોદીઠ રૂ. બે ઘટી આવ્યા હતા. જોકે, આજે માત્ર ઝિન્ક સ્લેબ અને કોપર વાયરબારમાં સાર્વત્રિક સ્તરેથી છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. સાત અને રૂ. ત્રણ વધી આવ્યા હતા. આજે મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૫૩૬૦, રૂ. આઠ ઘટીને રૂ. ૧૫૫૫ અને રૂ. ચાર ઘટીને રૂ. ૧૩૦૬ના મથાળે રહ્યા હતા.

# રિઝર્વ બૅન્કે નાણાનીતિનું વલણ બદલવાની સાથે ક્રૂડ તેલના ભાવ વધતાં ઈક્વિટી માર્કેટનું સેન્ટિમેન્ટ ડહોળાયું, સેન્સેક્સ ૪૨૯ પૉઈન્ટ ગબડ્યો

## વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ₹ ૬૧૨૧.૩૭ કરોડની ચોખ્ખી વેચવાલી સામે સ્થાનિક ફંડોની ₹ ૪૫૯૬.૫૭ કરોડની લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ આજે ત્રણ દિવસીય નાણાનીતિની સમીક્ષાની બેઠકનાં અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કર્યો હોવાથી તેમ જ તટસ્થ નાણાનીતિનાં વલણમાંથી કડક નાણાનીતિનું વલણ અપનાવવાની સાથે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં પણ ભાવ ૧.૪૧ ટકા વધીને બેરલદીઠ ૧૦૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી સ્થાનિક ઈક્વિટી માર્કેટની સતત બે સત્રની તેજીને બ્રેક લાગી હતી અને બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ૪૨૯.૧૧ પૉઈન્ટના અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૧૭૩.૦૫ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો.

વધુમાં આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૨,૫૭૭.૯૬ કરોડની ખરીદી સામે રૂ. ૧૮,૬૯૯.૩૩ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૬૧૨૧.૩૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૮,૭૦૭.૦૩ કરોડની ખરીદી સામે રૂ. ૧૪,૧૧૦.૪૬ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૪૫૯૬.૫૭ કરોડની ખરીદી રહી હોવાનું એક્સચેન્જે એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૩,૦૬૭.૮૧ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૨,૯૬૫.૩૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૨,૪૬૮.૭૨ અને ઉપરમાં ૭૨,૬૩૮.૭૦ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધથી ૦.૫૯ ટકા અથવા તો ૪૨૯.૧૧ પૉઈન્ટના ઘટાડા સાથે ૭૨,૬૩૮.૭૦ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૨,૭૭૬.૧૦ના બંધ સામે ૨૨,૬૯૦.૪૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૨,૫૪૬.૩૦ અને ઉપરમાં ૨૨,૭૧૭.૬૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૭૬ ટકા અથવા તો ૧૭૩.૦૫ પૉઈન્ટના ઘટાડા સાથે ૨૨,૬૦૩.૦૫ના મથાળે બંધ રહ્યો હતો.

રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ આજે ચાર વર્ષના લાંબા સમયગાળા બાદ બૅન્ચમાર્ક વ્યાજદર ૨૫ બેસિસ પૉઈન્ટ વધારીને ૫.૫૦ ટકા કર્યા હતા અને વધી રહેલા ફુગાવા અને ડૉલર સામે રૂપિયો નબળો પડી રહ્યો હોવાથી વ્યાજદરમાં વધુ વધારાની શક્યતા વ્યક્ત કરી હતી. નોંધનીય બાબત એ છે કે છ સભ્યોની નાણાનીતિની કમિટીએ આજે સર્વાનુમતે રિપોરેટમાં વધારો કર્યો હતો. તેમ જ ડિસેમ્બર, ૨૦૨૪માં સંજય મલ્હોત્રાએ રિઝર્વ બૅન્કના ગવર્નર તરીકે હોદ્દો સંભાળ્યો ત્યાર પછી પહેલી વખત વ્યાજદરમાં વધારો કરવામાં આવ્યો છે.

એકંદરે બજાર વર્તુળોમાં વ્યાજદરમાં વધારો અપેક્ષિત હતો, પરંતુ નાણાનીતિમાં તટસ્થ નીતિથી ક્રમશ કડક નાણાનીતિ અપનાવવાનું રિઝર્વ બૅન્કનું વલણ નજીકના ભવિષ્યમાં વ્યાજદરમાં કપાતની શક્યતાની બાદબાકી કરતું હોવાથી આ વલણ બજાર માટે આંચકાજનક હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતા ઉમેર્યું હતું કે રિઝર્વ બૅન્કે વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૭નાં વૃદ્ધિદરનો અંદાજ ૪૦ બેસિસ પૉઈન્ટ વધારીને ૭.૧ ટકાનો મૂક્યો છે, જે મજબૂત સ્થાનિક પરિબળોનો સંકેત આપે છે. તેમ છતાં ક્રમશ: કડક નાણાનીતિના સંકેત અને ભાવની સ્થિરિતા પર મૂકવામાં આવેલા ભારને કારણે બજારનું સેન્ટિમેન્ટ વધુ ખરડાયું હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

# સોનું ₹ ૭૦૭ અને ચાંદી ₹ ૧૯૫૪ નરમ

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વની ગત સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકની આજે મોડી સાંજે થનારી જાહેરાત પૂર્વે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં સોનાના ભાવ ૧.૧ ટકા અને ચાંદીના ભાવ ૨.૬ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક સ્તરે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ વ્યાજદરમાં વધારો કરતાં ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૯ પૈસા નબળો પડ્યો હોવાથી સ્થાનિકમાં સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓની આયાત પડતરોમાં વધારો થવાને કારણે ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૦૪થી ૭૦૭નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૯૫૪નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૯૫૪ના ઘટાડા સાથે રૂ. ૨,૨૦,૮૬૬ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે હાજરમાં સોનાના ભાવમાં વિશ્વ બજાર પાછળ નરમાઈનું વલણ રહ્યું હતું, પરંતુ ડૉલર સામે રૂપિયો ૩૯ પૈસા નબળો પડ્યો હોવાને કારણે આયાત પડતરો વધી આવતા વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૭૦૪ ઘટીને રૂ. ૧,૪૭,૧૭૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૦૭ ઘટીને રૂ. ૧,૪૭,૭૬૭ના મથાળે રહ્યા હતા. તેમ જ રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. આજે લંડન ખાતે સત્રના આરંભે અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની જાહેરાત પૂર્વે રોકાણકારોનો સાવચેતીનો અભિગમ અને ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યો હોવાથી હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૪૧૧૯.૦૧ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ એક ટકાના ઘટાડા સાથે ૪૧૪૫.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે રોકાણકારોએ ફેડરલની ગત સપ્ટેમ્બર મહિનાની બેઠકની મિનિટ્સની જાહેરાત પૂર્વે રોકાણકારોએ સાવચેતીનું વલણ અપનાવ્યું હતું અને ખાસ કરીને તેઓ નીતિવિષયક સ્પષ્ટતાની રાહ જોઈ રહ્યા હોવાથી સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા. ■

# સેવા સંકલ્પ અભિયાન દ્વારા ભાંડુપ નાગરી પરિમંડળની ગ્રાહક સેવાને વેગ મળ્યો

મુંબઈ: વીજ ગ્રાહકોને વધુ અનુકૂળ, ઝડપી અને ગુણવત્તાયુક્ત સેવાઓ પૂરી પાડવાના હેતુ સાથે, ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬થી મહાવિતરણના ભાંડુપ નાગરી પરિમંડળમાં સેવા સંકલ્પ અભિયાન અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવી રહ્યું છે. આ અભિયાન હેઠળ, ગ્રાહકોની વિવિધ વીજળી સંબંધિત સમસ્યાઓ, ફરિયાદો અને પડતર કામોનું પ્રાધાન્ય આપીને નિરાકરણ કરવામાં આવી રહ્યું છે, પાત્ર લાભાર્થીઓને વિવિધ સૌર ઊર્જા યોજનાઓની માહિતી પૂરી પાડવા માટે ખાસ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાયગઢ જિલ્લામાં, સેવા સંકલ્પ અભિયાન દ્વારા તહસીલ કચેરી અને ગ્રામ પંચાયત કચેરી સુધી પહોંચવાની યોજના બનાવવામાં આવી રહી છે. ઝુંબેશ દરમિયાન પેણ, ખાલાપુર, મહાડ, માનગાંવ, મ્હસળા, મુરુડ, પનવેલ ગ્રામીણ, પેણ, પોલાદપુર, રોહા, શ્રીવર્ધન, સુધાગઢ અને તાલા ખાતે તહસીલ/ગ્રામ પંચાયત કચેરીઓમાં કિઓસ્ક દ્વારા ૬૪૭ ગ્રાહક ફરિયાદ/ અરજી/ સેવાઓની પ્રક્રિયા કરવામાં આવી છે, જેમાંથી ૪૫૫ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. આ ઝુંબેશ માટે અધિક્ષક ઇજનેર પેણ મંડળના માર્ગદર્શન હેઠળ શ્રી ધનરાજ બિક્કડ, કાર્યકારી ઇજનેર ગોરેગાવ શ્રી રામકૃષ્ણ પાટીલ, કાર્યકારી ઇજનેર રોહા શ્રી શૈલેષ મહાજન, કાર્યકારી ઇજનેર



અલિબાગ શ્રી રાજેશ ભગત, કાર્યકારી ઇજનેર પનવેલ ગ્રામીણ શ્રી દિવાકર દેશમુખ અને તમામ નાયબ કાર્યકારી ઇજનેર તેમ જ અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ સખત મહેનત કરી રહ્યા છે.

અભિયાન હેઠળ નવા વીજ જોડાણો, વીજળી બિલમાં નામ બદલવું, મંજૂર લોડમાં બદલી કરવી, બિલિંગ ફરિયાદો, ખામીયુક્ત ટ્રાન્સફોર્મર બદલવા, બાકી વીજળી જોડાણો અને અન્ય ગ્રાહક સેવા સંબંધિત અન્ય કાર્યોને ઝડપી બનાવવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૭૯૫ નવા વીજળી જોડાણો, ૧૧૯ નામ બદલાયા છે અને ૩૩૬ બિલિંગ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું છે. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે- રતલામ ડિવિઝન**

નં.: EL-2026-27-14R. તા. ૫/૧૦/૨૬

ઈ-ટેન્ડર નોટિસ

ડિવિજનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/પાવર) રતલામ, નીચે મુજબ વિગતો મુજબ વેબસાઈટ www.ireps.gov.in ઉપર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે. ઈ-ટેન્ડર નં.: EL-2026-27-14R. કામનું નામ: રતલામ ડિવિઝન સપ્લાય વ્યવસ્થાઓની સુધારણા સહિત સ્ટાફ ક્વાર્ટર્સના રીવાયરિંગ માટે ઈલેક્ટ્રિકલ કામ. અંદા.કિંમત: ₹ ૧,૯૭,૮૭,૫૫૬.૭૧. જમા કરાનાર બાના રકમ: ₹ ૩,૯૫,૮૦૦/-. પૂર્ણતા મુદત: ૧૨ માસ. વેબસાઈટ પર અપલોડિંગની: તા. ૫-૧૦-૨૬. ટેન્ડરની ખુલવાની: તા. ૨૭-૧૦-૨૬. વિગતવાર ટેન્ડર નોટિસ લાયકાતની શરતો અને નિયમો તથા શરતો વેબસાઈટ www.ireps.gov.in ખાતે ઉપલબ્ધ છે. ટેન્ડર ફોર્મની કિંમત શૂન્ય છે. AK/7/1/285

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - રતલામ ડીવીઝન**

W/623/5/1/NIT તા. ૬/૧૦/૨૬

ઈ-ટેન્ડર નોટીસ

ડીવીજનલ રેલવે મેનેજર (WA), રતલામ, વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે. વિગતો નીચે મુજબ છે. **ઈ-ટેન્ડર નં. RTM-2026-27-103. કામનું નામ: ૧)** ડૉ. આંબેડકર નગર-STRની સુધારણા, રોલીંગ-ઈન/આઉટ એક્ઝામીનેશન & અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે અપગ્રેડેશન માટે ICD તરીકે જેમાં ઈલેક્ટ્રીકલ કામનો સમાવેશ છે. **૨)** ઇન્દોર યાર્ડ: ઈલેક્ટ્રીકલ કામ સહિત લાઈંગ ફુડ પ્રોન એરીયામાં MSDAC જોગવાઈ કરીને ટ્રેક સરકીટનું મજબૂતીકરણ. **૩)** ડૉ. આંબેડકર નગર (DADN) ઓટોમેટીક કોચ વોશીંગ પ્લાન્ટની જોગવાઈ. **અંદા. કિંમત:** ₹ ૩,૯૮,૮,૬૬૫૯.૫૩. **જમા કરાનાર બાના રકમ:** ₹ ૭,૯૭,૭૦૦/- **પૂર્ણતા મુદત:** ૧૨ માસ. **વેબસાઈટ પર અપલોડીંગની તા.** ૬/૧૦/૨૬. **ટેન્ડરની ખુલવાની તા.** ૩૦/૧૦/૨૬ વિગતવાર ટેન્ડર નોટીસ, લાયકાતની શરતો અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in ખાતે ઉપલબ્ધ છે. ટેન્ડર ફોર્મની કિંમત શૂન્ય છે. AK/5/1/287

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**ટેલિકોમ સુવિધાની જોગવાઈ**

સીની. ડિવિજનલ સિગ્નલ & ટેલિકોમ એન્જી. (CO), ૨જો માળ, DRM's ઓફિસ, મું. સેન્ટ્રલ, મુંબઈ - ૮, ઈ.ટે.નં.: **MMCT- SnT- STTD- 27-2026-R1** તા. ૧/૧૦/૨૦૨૬ મંગાવે છે. **કામનું નામ:** મુંબઈ ડિવિજન: નીચે જણાવેલ સાથેના સંબંધમાં ટેલિકોમ સુવિધાની જોગવાઈ-૧) મું. સેન્ટ્રલ ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર (SS/ડે. SS ઓફિસ, ગાર્ડ રેસ્ટ રૂમ & SWR રૂમ) સંચાલન કરવા રીપેર્સ અને સુધારા કરવા; ૨) એનેક્ષ બિલ્ડીંગ, મું. સેન્ટ્રલ ખાતે TPC ઓફિસનું રીપેર્સ & નવીનીકરણ; ૩) દિવ્યાંગ ટેક્ટાઈટલ ટાઈલ્સ, મુંબઈ સેન્ટ્રલ સાથે પ્લેટફોર્મ નં. ૧,૨,૩,૪&૫ના પ્લેટફોર્મ સર્ફેસીંગની સુધારણા; ૪) મું. સેન્ટ્રલ ખાતે અસુરક્ષિત રૂફ સીલીંગની સુધારણા; ૫) દાદર ખાતે ૧૫ કાર EMUના એકોમોડેશન માટે પ્લેટફોર્મ નં. ૪નું વિસ્તરણ. **કામની અંદા. કિંમત:** ₹ ૫૭,૮૧,૯૯૦.૯૭. **બીડ સુરક્ષા:** ₹ ૧,૧૫,૬૦૦/-. **ઈ-ટેન્ડર દસ્તાવેજોની સુપ્રતિ માટે બંધ થવાની તા. & સમય:** ૨૩/૧૦/૨૦૨૬ના ૧૫ ક. **ઈ-ટેન્ડરની ખુલવાની તા. & સમય:** ૨૩/૧૦/૨૦૨૬ના ૧૫.૩૦ ક. ટેન્ડર અહીં જોઈ શકાશે. વેબસાઈટ www.ireps.gov.in 0665

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, સિગ્નલિંગ કામનું સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ**

**ટેન્ડર આમંત્રણ સૂચના નંબર: DRM-SnT-ADI-Sig 10 of 2026-27** DRM/S&T, ભારતના રાષ્ટ્રપતિ વતી ટેન્ડર નંબર DRM-SnT-ADI-Sig 10 of 2026-27 માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડર બંધ થવાની તારીખ 05.11.2026ના રોજ 15:00 વાગ્યે છે. બિડર્સ માત્ર નિર્ધારિત અંતિમ તારીખ અને સમય સુધી જ તેમની મૂળ/સુધારેલી બિડ રજૂ કરી શકશે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર સ્વીકારવામાં આવશે નહીં અને પ્રાપ્ત થતી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **કામનું નામ:** અમદાવાદ ડિવિઝનના વિવિધ સ્થળોએ ટ્રેક, પુલો, લેવલ ક્રોસિંગ, ROB/RUB, યાર્ડ રીમોડેલિંગ તથા અન્ય એન્જિનિયરિંગ કામોના બાંધકામ/અપગ્રેડેશનના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, સિગ્નલિંગ કામનું સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ. **કામની અંદાજિત કિંમત:** ₹3,40,81,896.95/- (રૂપિયા ત્રણ કરોડ ચાલીસ લાખ એક્યાસી હજાર આઠસો છન્નું અને પંચાણું પૈસા માત્ર) **EMD ની રકમ:** ₹6,81,600/- (રૂપિયા છ લાખ એક્યાસી હજાર છસો માત્ર) **ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** 05.11.2026ના રોજ 15:00 વાગ્યા સુધી **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 05.11.2026ના રોજ 15:30 વાગ્યે **ઈ-ટેન્ડરિંગ વેબસાઈટ:** www.ireps.gov.in ADI 181

અમને લાઈક કરો: facebook.com/WesternRly


## દેશ વિદેશ

# લોગો કો દુબારા એન્ટરટેઈન કરો, આપકી ઈમેજ દુબારા બન જાયેગી: રાજપાલ યાદવને સીજેઆઈની સલાહ

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે બુધવારે અભિનેતા રાજપાલ યાદવને કહ્યું હતું કે સારી ફિલ્મ બનાવો, લોકોનું ફરી મનોરંજન કરો અને નવેસરથી તમારી છબીનું નિર્માણ કરો.

રાજપાલ યાદવ દ્વારા આપવામાં આવેલા અને બાઉન્સ થયેલા ૧.૧૫ કરોડ રૂપિયાના ચેકની નોંધ લઈ સુપ્રીમ કોર્ટે ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વી. મોહનાની બનેલી ખંડપીઠે એ વાતની નોંધ લીધે હતી કે કોર્ટના અગાઉના આદેશના અનુસંધાને યાદવે ૧.૧૫ કરોડ રૂપિયા જમા કરાવ્યા છે.

વ્યક્તિગત રીતે કોર્ટમાં હાજર રહેલા યાદવે કોર્ટને જણાવ્યું હતું કે ફિલ્મ અતા પતા લાપતામાં તેને મોટું આર્થિક નુકસાન થયું હતું.

રાજપાલ યાદવના આ ખુલાસા પછી મુખ્ય ન્યાયામૂર્તિ સૂર્યકાન્તે પુછ્યું હતું કે ''કોઈ નઈ મૂવી આ રહી હૈ? કોઈ અચ્છી સી મૂવી બનાકે લોગો કો દુબારા એન્ટરટેઈન કરો. આપકી ઈમેજ દુબારા બન જાયેગી. હમારે યહાં કુછ ઍડવોકેટ અચ્છે ઍક્ટર હૈ, ઉનકો લેકે કોઈ મૂવી બનાઓ.''(એજન્સી) ■


**MUMBAI SLUM IMPROVEMENT BOARD**
म्हाडा MHADA
A REGIONAL UNIT OF
**(MAHARASHTRA HOUSING AND AREA DEVELOPMENT AUTHORITY)**
**Tel. no. 022-66405484,**
**E-mail -eecityslum@gmail.com**
**CORRIGENDUM**

This is with reference to (Ro No. 851) e-tender Notice which was published on 2-10-24 in Mumbai Samachar regarding 10 number of works in the Form B-1 inwhich read last line as **Executive Engineer (City)** instead of Executive Engineer (W). Other Matters remain same.


# મુસ્લિમો કબજો કરવા માગે છે એવા ટ્રમ્પના નિવેદનને નકાર્યું ફ્રાન્સે

પૅરિસ: દેશભરમાં ઘણા દિવસોથી ચાલી રહેલા વિદ્યાર્થી વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ દ્વારા વિદ્યાર્થીઓ સાથે કરવામાં આવેલી કથિત બળજબરી અંગેના વધી રહેલા આક્ષેપોને પગલે વિદ્યાર્થીઓની આગેવાનીમાં યોજાનારાં વિરોધ પ્રદર્શનો ઉગ્ર બની રહ્યા છે અને આંતરવિગ્રહ જેવી સ્થિતિ છે. આ મુસ્લિમો દ્વારા ફ્રાન્સ પર કબજો જમાવવાનો પ્રયાસ હોવાનો આક્ષેપ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કર્યો હતો. જોકે ફ્રાન્સની સરકારે આ આક્ષેપને ફગાવી દીધો હતો. આ ઉપરાંત વિદ્યાર્થીઓ સામે પોલીસ દ્વારા કરવામાં આવતા સ્ટન ગ્રેનેડના ઉપયોગ પર અસ્થાયી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવાનું ફ્રાન્સના આંતરિક બાબતોના પ્રધાને જણાવ્યું હતું.

બુધવારે આ જાહેરાત કરવામાં આવી તેનાં એક દિવસ અગાઉ જ લાખો વિદ્યાર્થીઓ અને તેમના સમર્થકોએ સમગ્ર ફ્રાન્સમાં રેલી કાઢી હતી. (એજન્સી) ■

# રશિયામાં પ્લેગ: હૂએ અહેવાલ માગ્યો છે

મોસ્કો: રશિયાની એક લેબમાં એક મહિલા સંશોધકનું મોત થયા વિશ્વભરમાં વાઇરસને લઈને ચિંતામાં માહોલ છવાયેલો છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (હૂ)એ રશિયન ફેડરેશનના ઇર્કુત્સ્ક પ્રદેશમાં ઇર્કુત્સ્ક એન્ટી-પ્લેગ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના એક પ્રયોગશાળા કાર્યકરના મૃત્યુના અહેવાલ પર સક્રિયપણે નજર રાખી રહી છે. ગંભીર ન્યુમોનિયાથી હોસ્પિટલમાં દાખલ થયા બાદ બીજી ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ મહિલા સંશોધકનું મૃત્યુ થયું હતું. પ્રારંભિક મીડિયા અહેવાલો સૂચવે છે કે આ કેસ કથિત આકસ્મિક પ્રયોગશાળા ચેપના પરિણામે ન્યુમોનિક પ્લેગનો હતો, જોકે, તેની સત્તાવાર કોઈ પુષ્ટી કરવામાં આવી નથી.

આંતરરાષ્ટ્રીય આરોગ્ય નિયમો હેઠળ ચકાસણી માટે હૂના અનુરોધના જવાબમાં, રશિયન આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે ઇર્કુત્સ્ક પ્રદેશમાં તાજેતરમાં પ્લેગના કોઈ કેસ નોંધાયા નથી. તેઓએ હૂને જાણ કરી કે રોગચાળાની તપાસ હાથ ધરવામાં આવી છે, નિવારક અને નિયંત્રણ પગલાં અમલમાં મૂકવામાં આવ્યા છે, અને ચેપગ્રસ્ત વ્યક્તિના સંપર્કોની તપાસ કરવામાં આવી છે અને તેમને તબીબી દેખરેખ હેઠળ મૂકવામાં આવ્યા છે. તેઓએ અહેવાલ આપ્યો હતો કે, ચેપગ્રસ્ત વ્યક્તિમાં કોઈ ઉચ્ચ-જોખમવાળા રોગકારક જીવાણુઓ મળી આવ્યા નથી અને બધા સંપર્કો માટે તબીબી દેખરેખ પૂર્ણ થઈ ગઈ છે. ■


**પબ્લિક નોટિસ**

જાહેર જનતાને આથી ખબર આપવામાં આવે છે કે **Ms. દેવી હરકિશન તન્ના** ઉર્ફે શ્રીમતી દેવી નિમેશ ધીરવાણી હવે કાયદેસર રીતે બાન્દ્રા ખાતે માનનીય ફેમીલી કોર્ટ દ્વારા પસાર કરાયેલ તા. ૫/૧૨/૨૪ના ડાયવોર્સના હુકમ/ડીક્રીના અન્વયે **શ્રી નિમેશ મહેન્દ્ર ધીરવાણીથી** છૂટા પડેલ છે. આથી જાહેર કરવામાં આવે છે કે તેમના છૂટાછેડા થયા પહેલાંથી જ તેમ જ ડાયવોર્સના અમલ પછી, Ms. દેવી હરકિશન તન્નાને **શ્રી નિમેશ મહેન્દ્ર ધીરવાણી** જોડે અને/કે તેમના ભાગીદાર શ્રી રામજી મંગે અને/કે તેમની પેઢીઓ એટલે કે ૧) નિલકંઠ ટ્રેડીંગ કાં., ૨) બ્લોઝમ ગ્રોસરીઝ એન્ડ ફુડસ ઈન્ડિયા પ્રા. લિ. અને/કે તેની અન્ય કંપનીઓ કે પેઢીઓ APMC માર્કેટ, વાશી કે બીજે ક્યાંય પણ સ્થિત હોય તેના કોઈપણ જોડે કોઈ જોડાણ, સંગઠન, રીલેશનશીપ કે કોઈપણ પ્રકારના કન્સર્ન નથી અને તેના/તેમના/તેની પ્રવૃત્તિઓ, વર્તણૂક, વેરઅબાઉટસ, જવાબદારીઓ, લેતીદેતી કે ઓબ્લીગેશનો માટે કોઈપણ રીતમાં તેણીની જવાબદાર રહેશે નહીં. Ms. દેવી હરકિશન તન્ના તેણીના એક્સ-હસબંડના બીઝનેસ અને/કે કોઈપણ રીતમાં વ્યવહાર કે લેતીદેતીના કોઈપણ નિર્ણયો લેવામાં સંકળાયેલ નથી અને કોઈપણ પ્રકારના તેમની સાથે એસોસીએશન કે સંગઠન નથી.

જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે Ms. હરકિશન તન્નાને **શ્રી નિમેશ મહેન્દ્ર ધીરવાણીની** હાલની પ્રવૃત્તિઓ કે વ્યવહાર, લેતીદેતીની કોઈજ જાણકારી નથી અને તેની સાથે કોઈ સંબંધ નથી. તદ્અનુસાર, કોઈપણ વ્યક્તિએ Ms. દેવી હરકિશન તન્ના અને/કે **શ્રી નિમેશ મહેન્દ્ર ધીરવાણીના** સંબંધમાં તેણીના બે બાળકો સાથે અને તેમની અને/કે તેમની પેઢીઓ, લેવડદેવડ, સંગઠનો ઈ.ને સંબંધિત કોઈપણ બાબતો માટે સંપર્ક કરવો નહીં, કોન્ટેક્ટ કરવો નહીં, પજવણી કરવી નહીં, ખલેલ પહોંચાડવી નહીં કે તેમની સાથે સંદેશવ્યવહાર કરવો નહીં.

તા.: ૮-૧૦-૨૬
સ્થળ: મુંબઈ

**Ms.** દેવી હરકિશન તન્ના


# કાળા સમુદ્રમાં જહાજ પરના રશિયન હુમલામાં બચેલા ત્રણ ભારતીયોની હાલત સ્થિર

લંડન: કાળા સમુદ્રમાં રશિયાના ડ્રોન હુમલા બાદ તૂર્કીના માલવાહક જહાજમાંથી બચાવવામાં આવેલા ત્રણ ભારતીય નાગરિકોની હાલત સ્થિર છે. તેમને રોમાનિયાથી સુરક્ષિત અને વહેલાસર રવાના કરવા માટે તમામ જરૂરી મદદ કરવાની ખાતરી આપવામાં આવી હોવાનું ભારતીય મિશને જણાવ્યું હતું.

રોમાનિયામાં ભારતીય દૂતાવાસના એક પ્રતિનિધિએ મંગળવારે જહાજમાંથી જીવિત બચેલા ત્રણ ભારતીય સાથે મુલાકાત કરી હતી. દૂતાવાસે જણાવ્યું કે તેમાંથી બે નાગરિકો એક હોટલમાં રોકાયા છે. જ્યારે ત્રીજા વ્યક્તિની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

મિશને સોશ્યલ મીડિયા પર જણાવ્યું કે ત્રણેયની હાલત સ્થિર છે. આ ત્રણેય ભારતીય નાગરિકોને સોમવારે બચાવી લેવામાં આવ્યા હતા. મિશને કહ્યું કે દૂતાવાસે તેમને રોમાનિયાથી સુરક્ષિત અને વહેલાસર વાપસી માટે તમામ જરૂરી મદદ અને સમર્થન આપવાની ખાતરી આપી છે.

દૂતાવાસે જણાવ્યું કે પ્રતિનિધિ વધુ મદદ માટે સ્થાનિક પોલીસ અધિકારીઓ, શિપિંગ કંપનીના એજન્ટ અને ઘાયલ ભારતીયની સારવાર કરી રહેલા તબીબોને પણ મળ્યા હતા. અત્રે નોંધનીય છે કે આ અઠવાડિયાની શરૂઆતમાં કાળા સમુદ્રમાં એમવી રોયાદ મમાદોવ જહાજ પર હુમલો થયો હતો. (એજન્સી) ■

# પાકિસ્તાનમાં ૧૮ આતંકવાદી ઠાર

ઇસ્લામાબાદ: પાકિસ્તાનમાં સુરક્ષા દળોએ અશાંત ખૈબર પખ્તૂનખ્વા અને બલૂચિસ્તાન પ્રાંતમાં અલગ અલગ ઓપરેશનમાં ૧૮ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. આ જાણકારી પાકના સરકારી મીડિયા અહેવાલમાં સામે આવી છે. મીડિયા અહેવાલ મુજબ સુરક્ષા દળોએ ખૈબર પખ્તૂનખ્વાના ઉત્તર વઝીરિસ્તાન જિલ્લામાં ગુપ્ત માહિતીના આધારે હાથ ધરાયેલી કાર્યવાહી દરમિયાન ફિતના-અલ-ખ્વારીજના ૧૩ આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

બલૂચિસ્તાનના માસ્તુંગ જિલ્લામાં અલગ અલગ ઓપરેશન દરમિયાન પાંચ આતંકવાદીઓ માર્યા ગયા હતા. તેમાં જણાવાયું છે કે આતંકવાદીઓ પાસેથી હથિયારો અને દારૂગોળો મળી આવ્યો હતો. (એજન્સી) ■


**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**આસી. કમિશનર બી વોર્ડ**
**સ.અ.બી./૩૩૧૪/ઘકવ્ય, તા. ૬-૧૦-૨૬.**
**EOI**

આસી.એન્જિ. (SWM) બી વોર્ડ ઓફિસ, બી વોર્ડમાં મેનીંગ & મોપિંગ કલીનિંગ સ્કીમમાં દાણાબંદર અને મોહમ્મદઅલી રોડ કામ કરવા માટે રસ ધરાવતી અને લાયક સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવે છે.

અરજી મેળવવા, અરજીકર્તાએ ૮/૧૦/૨૬થી ૧૫/૧૦/૨૬ સુધી ઓફિસના કલાકો (સ. ૧૧થી બ. ૩ ક.) દરમિયાન MCGMના કોઈપણ CFCમાં રૂા. ૩૯૯૩/- + ૧૮% GST ચૂકવવા પડશે વધુ વિગતો અરજીમાં દર્શાવેલ છે.

અરજી સુપ્રત કરવાની ડેડલાઈન ૧૬/૧૦/૨૬ના બ. ૧.૦૦ ક. સુધીમાં છે.

સહી/-
આસી. એન્જિનિયર (SWM) બી વોર્ડ

PRO/1638/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**PUBLIC NOTICE**

This is to bring the public notice at large that my client society namely, Parmeshwar Krupa Co-operative Housing Society Ltd. located at Tilak Road, Ghatkopar (E), Mumbai–400077 on land bearing C.T.S No. 5945 Village - Ghatkopar Kirol, Taluka – Kurla, is going under the Redevelopment. There are Residential and Garage units in the society building.

Society is hereby inviting the professional quotations from the Project Management Consultants (PMC) who are architect by profession and who has sound knowledge of DCPR 2034 to help, assist and guide the society for the purpose of Redevelopment. Any genuine interested professional PMC is hereby requested to send a stage wise detailed quotation along with the scope of work and profile in sealed envelope at the society address Society Office, Parmeshwar Krupa Co-operative Housing Society Ltd. located at Tilak Road, Ghatkopar (E), Mumbai–400077 and our firms address as mentioned below on or before 17th October,2026

The PMC should have minimum of 02 ongoing/ completed projects in Mumbai Suburban area as eligibility criteria to submit their professional quotation to our society.

In addition to which Society reserves their unconditional right to accept and reject the quotation.

**Sd./-**
**By Adv. Jevin Nathwani & Associates**
1607,16th Floor, One 45 Business Bay, Vallabaugh Lane Extn, Ghatkopar East, Mumbai – 400 077.

# બેસ્ટનું બજેટ ખાધ ૧,૩૧૭.૫૦ કરોડ

## બસની સંખ્યા વધારવા અને આધુનિકીકરણ પર ભાર આપવામાં આવશે

### ઍક્સિડન્ટ રોકવા ડ્રાઈવરોને તાલીમ અપાશે

બજેટમાં ઍક્સિડન્ટ ઘટાડવાના ઉદ્દેશ્યથી ડ્રાઇવરોને જોખમની ધારણા, મુશ્કેલ હવામાન પરિસ્થિતિઓ અને ઇંધણ-કાર્યક્ષમ ડ્રાઇવિંગમાં તાલીમ આપવા માટે દિંડોશી તાલીમ કેન્દ્રમાં અદ્યતન બસ ડ્રાઇવિંગ સિમ્યુલેટર સ્થાપિત કરવાનો પ્રસ્તાવ છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ખાસ કરીને ખાનગી ઓપરેટરો પાસેથી ભાડે લેવામાં આવેલી બેસ્ટ બસોએ કેટલાક ગંભીર જીવલેણ અકસ્માતો જોયા છે. ■

### વીજ પુરવઠાનું આધુનિકીકરણ

વીજળી પુરવઠા વિભાગને વધુ સધ્ધર બનાવવા બેસ્ટે તેના વિતરણ નેટવર્કને મજબૂત બનાવવા, ટ્રાન્સફોર્મર અને કેબલ બદલવા અને અદ્યતન વિતરણ વ્યવસ્થાપન અને આઈટી/ઓટી સિસ્ટમ્સ લાગુ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. બજેટમાં સાયબર ધમકીઓ અને નબળાઈઓનું નિરીક્ષણ કરવા માટે એક સુરક્ષા કામગીરી કેન્દ્ર સ્થાપવાનો પણ પ્રસ્તાવ છે, ત્યારબાદ આઈએસઓ ૨૭૦૦૧ પ્રમાણપત્ર મેળવવા તરફ પગલાં લેવામાં આવશે. ■

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) ઉપક્રમે બુધવારે નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮ માટેના તેનું ૧,૩૧૭.૫૦ કરોડ રૂપિયાની ખાધ અને ૬૪૭.૭૯ કરોડ રૂપિયાના મૂડી ખર્ચની જોગવાઈ સાથેનું બજેટ બહાર પાડ્યું હતું. બેસ્ટના ટ્રાન્સપોર્ટ વિભાગમાં વધી રહેલા ખર્ચ અને તેને કારણે નિર્માણ થનારી ખાધ પ્રશાસન માટે ચિંતાનો વિષય બની ગયો છે.

મુંબઈમાં લગભગ ૧૦ લાખ ઘરોને વીજળી પૂરી પાડનારી દરરોજ લગભગ ૨૫ લાખ મુંબઈગરા માટે રસ્તે બસ દોડાવનાર બેસ્ટ ઉપક્રમે આગામી નાણાકીય વર્ષના બજેટમાં પોતાના બસ કાફલામાં બસની સંખ્યામાં વધારો અને આધુનિકીકરણ તેમજ પ્રવાસીઓને આપવામાં આવતી સેવાઓમાં સુધારો કરવા માટે અનેક પગલાં સૂચવ્યાં છે. બેસ્ટના જનરલ મેનેજરનો એડિશનલ ચાર્જ સંભાળતા પાલિકાના એડિશનલ કમિશનર (સિટી) પ્રાજક્તા વર્માએ બેસ્ટ ઉપક્રમની બેસ્ટ સમિતિ સમક્ષ બજેટ રજૂ કર્યું હતું, જેમાં ૯,૮૭૬.૫૬ કરોડના (જુઓ પાનું ૪) ▶▶

### મોબાઈલ ઍપ ટિકિટિંગની સુવિધા

પ્રવાસીઓને બસની ટિકિટ માટે કંડકટરની રાહ જોવાને બદલે ડિજિટલ ટિકિટિંગ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની છે. બેસ્ટ ઉપક્રમ ઓએનડીસી નેટવર્ક દ્વારા ક્યૂઆર-કોડ-આધારિત મોબાઈલ ટિકિટિંગ સિસ્ટમને ઓએનડીસી પ્લેટફોર્મ પર ૨૧,એપ્રિલ ૨૦૨૬માં લોન્ચ કર્યું હતું. પ્રવાસીઓ હાલમાં બેસ્ટની બસની ટિકિટ 'વન ટિકિટ' મોબાઈલ ઍપ પરથી ખરીદી શકે છે. હવે બેસ્ટ ઉપક્રમ આગામી સમયમાં બસની ટિક્ટિને ચાર્ટર, ફોનપે, પેટીએમ, વોટ્સએપ, રેડબસ, રેપિડો અને નમ્મા યાત્રી જેવા પ્લેટફોર્મ પર વિસ્તૃત કરવાની યોજના ધરાવે છે. ■



# ગુજરાતી લેખિકા ઈલા આરબ મહેતાનું નિધન

### ગુણવંતરાય આચાર્યના દીકરી, સ્ત્રી સંવેદના અને સામાજિક વિષમતાઓને વાચા આપનાર સર્જકની વિદાય

મુંબઈઃ ગુજરાતી સાહિત્યમાં અમૂલ્ય યોગદાન આપનારાં નવલકથાકાર અને વાર્તાકાર ઇલા આરબ મહેતાનું ૮૮ વર્ષની ઉંમરે નિધન થયું. પ્રખ્યાત સાહિત્યકાર ગુણવંતરાય આચાર્યના દીકરી અને લેખિકા વર્ષા અડાલજાનાં મોટાં બહેન ઇલા મહેતાએ મુંબઈમાં અંતિમ શ્વાસ લીધા. તેમના પુત્ર ડો. સલિલ મહેતાએ ઇલાબેનના નિધનના સમાચારની પુષ્ટી કરી હતી. તેમના અંતિમ સંસ્કાર બુધવારે બપોરે મુંબઈના સાંતાક્રુઝ ખાતેના સ્મશાનમાં કરવામાં આવ્યા હતા. ઇલા આરબ મહેતાનો જન્મ ૧૬ જૂન (જુઓ પાનું ૪) ▶▶

### 'બત્રીસ પૂતળીની વેદના' ગુજરાતની પહેલી મહિલાલક્ષી નવલકથા હતી

અમદાવાદઃ 'બત્રીસ પૂતળીની વેદના' જેવી યાદગાર રચનાના સર્જક ઇલા આરબ મહેતા ગુજરાતી સાહિત્યમાં એક નવી તાજગી લાવનારા લેખિકા તરીકે જાણીતાં હતાં.

વધારે વિગતે વાત કરવામાં આવે તો, 'બત્રીસ પૂતળીની વેદના' (જુઓ પાનું ૪) ▶▶

# 'સુપર કૉપ'ની છાપ ઊભી કરવા વાઝેએ એન્ટિલિયા નજીક વિસ્ફોટકો સાથેની એસયુવી રાખીઃ એનઆઇએ

### કાવતરું ઉઘાડું પડી જશે એવા ભયથી મનસુખ હિરેનની તેણે હત્યા કરી

મુંબઈઃ બરતરફ પોલીસ અધિકારી સચિન વાઝેએ પોતાનું નામ રોશન કરવા માટે અને કેસ ઉકેલીને 'સુપર કૉપ' તરીકે પોતાની છાપ ઊભી કરવા માટે ૨૦૨૧માં ઉદ્યોગપતિ મૂકેશ અંબાણીના દક્ષિણ મુંબઈમાં આવેલા નિવાસસ્થાનની નજીક વિસ્ફોટકો સાથેની એસયુવી પાર્ક કરી હતી, એમ નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)એ બોમ્બે હાઇ કોર્ટને બુધવારે કહ્યું હતું.

એનઆઇએએ કોર્ટને જણાવ્યું હતું કે એસયુવી વાઝેના થાણેના બિઝનેસમૅન મિત્ર મનસુખ હિરેન પાસે હતી, જે એન્ટિલિયા નજીક પાર્ક કરાઇ હતી. હિરેન એક નબળી કડી છે અને પોતાના કાવતરાને તે ઉઘાડું પાડી શકે છે, એવા ભયથી વાઝેએ વાઝેએ તેની હત્યા કરી હતી.

જસ્ટિસ જી.એસ. કુલકર્ણી અને નીલા ગોખલેની ડિવિઝન બેન્ચે વિશેષ કોર્ટ દ્વારા ગયા અઠવાડિયે વાઝેને જામીન અપાયા તેની સામે વચગાળાનો સ્ટે આપ્યો છે.

બુધવારે એડિશનલ સોલિસિટર જનરલ અનિલ સિંહે એનઆઇએ વતી હાજર રહીને કોર્ટને જણાવ્યું હતું કે વાઝે અગાઉ નકલી (જુઓ પાનું ૪) ▶▶

# મીરા રોડમાં 'લોન વુલ્ફ' અટૅક ઝૈબ અન્સારી ઑનલાઈન વીડિયો જોઈને જાતે કટ્ટરપંથી બન્યોઃ ચાર્જશીટ

મુંબઈઃ મીરા રોડમાં ધર્મ પૂછીને અને કલમા પઢવાનું કહીને નિર્માણાધીન ઈમારતના બે વૉચમેન પર પહલગામ સ્ટાઈલમાં 'લૉન વુલ્ફ' અટૅક કરનારો આરોપી ઝૈબ ઝુબેર અન્સારી ઑનલાઈન અંતિમવાદીઓના વીડિયો જોઈને જાતે કટ્ટરપંથી બન્યો હતો, એવું મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્ક્વૉડે (એટીએસ) કોર્ટમાં રજૂ કરેલી ચાર્જશીટમાં જણાવાયું હતું.

અમેરિકાથી પાછા ફરેલા ૩૧ વર્ષના અન્સારીએ પત્ની સાથે છૂટાછેડા લીધા (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

શિવસેના વિવાદ

# સુપ્રીમ કોર્ટમાં પક્ષ અને ચૂંટણી ચિહ્ન અંગેના ચૂંટણી પંચના નિર્ણયનો બચાવ

નવી દિલ્હીઃ એકનાથ શિંદે જૂથે બુધવારે સુપ્રીમ કોર્ટમાં તેમને અસલી શિવસેના તરીકે માન્યતા આપવાના અને પક્ષનું 'ધનુષ-બાણ'નું ચિહ્ન ફાળવવાના ચૂંટણી પંચના નિર્ણયનો બચાવ કર્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત તથા ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વી. મોહનાની બનેલી ખંડપીઠ સમક્ષ શિંદે જૂથ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ એન. કે. કૌલે જણાવ્યું હતું કે, ૨૦૧૧ની આવૃત્તિ પછી શિવસેનાનું એકપણ બંધારણ ક્યારેય ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હોય તેવો ''એક પણ પુરાવા'' નથી.

વરિષ્ઠ વકીલે અન્ય મુદ્દાઓ ઉપરાંત પક્ષના બંધારણ, પક્ષની આંતરિક લોકશાહી, ચૂંટણી પંચની અધિકારક્ષેત્રની મર્યાદા અને ચૂંટણી ચિહ્ન અંગેના વિવાદના ઉકેલ માટેના તેના નિર્ણયના સમય તરફ ધ્યાન દોર્યું હતું. તેમણે અદાલતને જણાવ્યું (જુઓ પાનું ૪) ▶▶

# દૂધમાં ભેળસેળ બદલ એફડીએની સોનાઈ ડેરી પર તવાઈ

### મહારાષ્ટ્ર એફડીએનું કહેવું છે કે ભેળસેળયુક્ત દૂધની સપ્લાય ચેઇન પ્રાથમિક દ્રષ્ટિએ 'સોનાઈ ડેરી' સાથે જોડાયેલી છે

મુંબઈઃ મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા દૂધમાં ભેળસેળ કરતા સંગઠિત નેટવર્કની તપાસમાં બુધવારે પ્રાથમિક તારણ નીકળ્યું છે કે 'સોનાઈ ડેરી' તરીકે જાણીતી 'ઈંદાપુર ડેરી એન્ડ મિલ્ક પ્રોડક્ટ્સ લિમિટેડ'ને ભેળસેળયુક્ત દૂધનો પુરવઠો પૂરો પાડવામાં આવતો હતો.

એફડીએએ જણાવ્યું હતું કે દૂધના વિતરણ અને ટેન્કરના ચલણ દ્વારા એક સપ્લાય ચેઇન સ્થાપિત થઈ છે, જે આરોપીઓ પાસેથી 'મહાલક્ષ્મી મિલ્ક એન્ડ મિલ્ક પ્રોડક્ટ્સ' અને 'યોગિનીનાથ મિલ્ક સપ્લાયર્સ' મારફતે પુણે જિલ્લાના ઈંદાપુરના ગોખલી સ્થિત 'સોનાઈ ડેરી' સુધી પહોંચતી (જુઓ પાનું ૪) ▶▶

# મારપીટના કેસમાં હાજર ન થનારાં મેયર રિતુ તાવડેને કોર્ટે દંડ ફટકાર્યો

મુંબઈઃ મુંબઈનાં મેયર રિતુ તાવડેને ૧૦ વર્ષ જૂના મારપીટના એક કેસમાં કોર્ટમાં હાજર ન થવા બદલ સેશન્સ કોર્ટે બુધવારે ૧,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. એ કેસમાં રિતુ તાવડે એક આરોપી છે. કોર્ટે આકરી ચેતવણી પણ આપી હતી કે આગામી સુનાવણીમાં જો ગેરહાજર રહેશે તો તેમની સામે વૉરન્ટ ઈશ્યુ થઈ શકે છે અને જામીન બૉન્ડ્સ રદ થઈ શકે છે.

એડિશનલ સેશન્સ જજ જી. જી. ભણસાલીએ નોંધ્યું હતું કે ૨૦૧૬માં બનેલી આ ઘટનામાં ૨૦૧૭માં કોર્ટમાં આરોપનામું દાખલ કરવામાં આવ્યા છતાં હજુ સુધી આરોપ ઘડવામાં આવ્યા નથી. નવેમ્બરના પહેલા અઠવાડિયામાં આરોપો ઘડવામાં આવે એવી શક્યતા છે. જજે ટિપ્પણી કરી હતી કે આરોપીઓની સતત ગેરહાજરી (તાવડે અને અન્ય બે આરોપી) ખટલાને લંબાવવાની (જુઓ પાનું ૪) ▶▶

આણિક ડેપોમાં આગ

# ઍક્સિડન્ટ કે પછી માનવીય ભૂલ?

### કૉન્ટ્રેક્ટરને દંડ ફટકારવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાયન પાસે બેસ્ટના આણિક ડેપોમાં બે દિવસ પહેલાં લાગેલી આગમાં ૧૨ નવી નક્કોર બસ બળીને ખાખ થઈ ગઈ હતી, તેના પર બુધવારે બેસ્ટ કમિટીની બેઠકમાં થયેલી ચર્ચા દરમ્યાન આ આગની ઘટના એક ઍક્સિડન્ટ હતી કે પછી માનવીય ભૂલને કારણે થઈ હોવા મુદ્દે ભારે ચર્ચા થાય બાદ બેસ્ટ સમિતિના પ્રમુખે આગની ઘટનાનો અહેવાલ આગામી બેઠકમાં રજૂ કરવાનો આદેશ આપ્યો હતો.

બુધવારે બેસ્ટ સમિતિની બેઠકમાં બેસ્ટના ઉપક્રમે આણિક ડેપોમાં બેસ્ટની બસમાં લાગેલી આગ બાબતે મૌખિક રૂપે માહિતી આપવામાં આવી હતી. તે મુજબ બળી ગયેલી બસોમાંની એક બસમાંથી ગૅસ સિલિન્ડરમાં ગળતર થયું હતું અને કોઈ જગ્યાએ સ્પાર્ક થયા બાદ બસમાં આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે. આગ એટલી મોટી હતી કે અન્ય બસો આગની ચપેટમાં આવી ગઈ (જુઓ પાનું ૪) ▶▶

# વિદ્યાર્થીઓ છે, અસામાજિક તત્ત્વ નથીઃ હાઈ કોર્ટ

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે બુધવારે જણાવ્યું હતું કે એમપીએસસી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ સામે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ અસામાજિક તત્ત્વો નથી અને ભારપૂર્વક કહ્યું હતું કે જાહેર ભરતી પરીક્ષાઓ નિષ્પક્ષ રીતે યોજાય તે સુનિશ્ચિત કરવાની રાજ્ય સરકારની જવાબદારી છે.

મુખ્ય ન્યાયાધીશ મહેશ ચંદ્ર ત્રિપાઠી અને ન્યાયામૂર્તિ અદ્વૈત સેઠનાની ખંડપીઠે નોંધ્યું હતું કે સરકારે ખાતરી આપવી પડશે કે પરીક્ષાઓ ''નિષ્પક્ષ, ન્યાયી અને કોઈપણ ગેરરીતિ વિના'' થશે.

મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (એમપીએસસી)ની પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ અને પરીક્ષાને લગતા વિવાદોને લઈને પુણેમાં વિદ્યાર્થીઓ અને અન્ય લોકો દ્વારા કરવામાં આવી રહેલા આંદોલનો સામે ત્યાંના રહેવાસીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર કોર્ટ સુનાવણી કરી રહી હતી. બેન્ચે (જુઓ પાનું ૪) ▶▶







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**